પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૬૧ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય




પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

# નવકાર એ ચૌદ પૂર્વનો સાર છે.




**૧૪.૦૨.૨૦૨૧ દિને 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન હસ્તાક્ષર ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, શ્રી આરાધના ધામ તીર્થ મધ્યે 'Making of Hastakshar' નામે રજૂઆત થયેલ ૧૧ મીનીટની શોર્ટ ફિલ્મ**

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'Making of Hastakshar' શોર્ટ ફિલ્મ જોવા મળશે.**

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૬૧ ॥

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

☐ **VOLUME - 61**

Year 2022 / સંવત્ ૨૦૭૮
350 Copies / 224 Pages
For Private Circulation only.

---

☐ **PUBLISHER**



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

---

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Vadodara | Mumbai

---

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra

---

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



## આધ્યાત્મિક જગતનું
## એક શકવર્તી કાર્ય
## એટલે હસ્તાક્ષરની શ્રેણી



પરમ પરમ કૃપાળુ પરમ ગુરૂદેવ અધ્યાત્મયોગસંપન્ન પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનાં હૃદયમાંથી અનુપ્રેક્ષાત્મક ભાવોનાં સ્પંદન સાથે નીકળેલી અધ્યાત્મના અમૃત સમી શબ્દોની વહેતી સરવાણીની સાથોસાથ સારાં સારાં લેખો-ચિંતનો જે વાંચનમાં આવતાં, તે તેઓ પોતાની રોજનીશીઓમાં કંડારતા ગયાં, પણ આ ભાવયુક્ત હસ્તાક્ષરો આટલાં અ-ક્ષય બનશે, તેની તો કલ્પના પણ ન હતી. હમણાં જ એક ઉત્તમ ચિંતક, શાસનપ્રભાવક એવા પુણ્યાત્માના શબ્દો સાંપડ્યાં છે કેઃ 'આપશ્રીએ કરેલું આ કાર્ય ધાર્મિક અને આધ્યાત્મિક જગતનું એક શકવર્તી કાર્ય છે. અધ્યાત્મની રૂચિવાળા આત્માઓ માટે તો કમાલ ઢગલો ખજાનો આપી દીધો છે... આપી રહ્યા છો. મારા આનંદનો તો પાર નથી. ખૂબ ખૂબ ઘણી ઘણી અનુમોદના.'

તેમના ચિંતનોમાં શ્રી નમસ્કાર મહામંત્ર વિષેનું ચિંતન તો કલ્પનાતીત છે! તેમાં નવકારના માહાત્મ્યનું એક ચિંતન તો હૃદયમાં નવકાર માટેની જબ્બર ભાવવૃદ્ધિ કરાવનારૂં બન્યું છે, તે જોઈએ તોઃ ''પાપનું મૂળ એવા સુખ અને સુખના સાધનોમાં રાગ છે તથા દુઃખ અને દુઃખનાં સાધનોમાં દ્વેષ છે. સુખમાં જો વિરાગ અર્થાત્ રાગનો અભાવ થાય અને દુઃખમાં સમાધિ અર્થાત્ દ્વેષનો અભાવ થાય, તો પાપનો નાશ થાય. નવકારના પ્રથમ બે પદોમાં સ્થિત અરિહંત અને સિદ્ધ પરમાત્મામાં વીતરાગતા તથા રાગ-દ્વેષનો અભાવ સિદ્ધ થયેલ છે, તેથી તેમને કરવામાં આવતો નમસ્કાર રાગ-દ્વેષનો નાશ કરવામાં સમર્થ છે. પાપનું ફળ દુઃખ અને દુઃખાનુબંધી સુખ છે અને પાપનું મૂળ સુખરાગ કે દુઃખદ્વેષ છે. પાપનું સ્વરૂપ મિથ્યાત્વ અને અજ્ઞાન છે, કે જે પાપના મૂળ અને ફળ પ્રત્યેની સાચી શ્રદ્ધા થવામાં બાધક છે.

નવકારના પ્રથમ બે પદમાં રાગ-દ્વેષનો સર્વથા અભાવ છે, પછીના ત્રણ પદમાં રાગ-દ્વેષથી મુક્ત થવાની સતત સાધના છે, તેથી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનો નમસ્કાર પણ મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-પ્રમાદ-કષાયરૂપી પાપનો નાશ કરે છે તથા પાપનાશ કરવાની બુદ્ધિ પેદા કરે છે, જેથી વિઘ્નમાત્રનો વિનાશ થાય છે અને તે જેનાથી થાય છે, તેવો શ્રી નવકાર મહામંત્ર મંગળોનું પણ મંગળ છે. પંચપરમેષ્ઠિ ભગવંતોને ભાવથી નમસ્કાર કરવામાં પાપનો ભાગાકાર, પુણ્યનો ગુણાકાર અને મોક્ષસાધક ધર્મમાત્રનો સરવાળો રહેલો છે. રાગ-દ્વેષરૂપી પાપના નાશનાં ધ્યેયથી થતો નમસ્કાર તે ભાવનમસ્કાર છે.

વંદન તો ચંદનથી પણ શીતળ છે, કેમકે ચંદનથી માત્ર શરીર શીતળ થાય, વંદનથી આત્માને ઠંડક મળે! ઘડો કૂવામાં નમે છે, તો કૂવાનું પાણી જેમ ઘડાનું બને છે, તેમ જેઓને નમવામાં આવે છે, તેઓ આપણાં બને છે. વૃક્ષો પણ જે નમે છે, તે ગુણવંત હોય છે અને ઉત્તમ ગણાય છે, દા.ત. આંબા, રાયણાદિ. વિષય-કષાયને નમવાથી અને અરિહંતાદિ પરમેષ્ઠિઓને ન નમવાથી આપણો જીવ સંસારી બન્યો છે અને ચાર ગતિમાં ભટકે છે. વિષય-કષાયને ન નમે અને પરમેષ્ઠિઓને નમે, તો તે પરમેષ્ઠિપદમાં આવી શકે છે અને પંચમી ગતિને પામે છે. દુષ્કૃતની નિંદા અને સુકૃતની અનુમોદના વડે જ અરિહંતાદિનું શરણ પામી શકાય છે, કેમકે અરિહંતાદિ પરમેષ્ઠિઓ દુષ્કૃતમાત્રના કટ્ટર શત્રુ અને સુકૃતમાત્રના પરમ મિત્ર છે.''

આવા અગણિત ચિંતનો તથા આધ્યાત્મિક ભાવો અનેક પુણ્યાત્માઓનાં જીવનમાં શ્રી નવકાર મહામંત્ર ઉપર પરમ શ્રદ્ધા પ્રગટાવનાર બન્યાં છે, સતત બની રહ્યાં છે. આ મહાભગીરથ કાર્યને પાર પાડવા માટે પરમ ગુરૂભક્તાત્મા વડોદરા-મુંબઈના સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**ની અંતિમ છ વર્ષોની સતત અને અંતરની આર્થિક ઉદારતા થકી તથા અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ અને મા શારદાના કૃપાપાત્ર એવા **ભારતીબેન દિપકભાઈ મહેતા** તથા તેમનાં જૂથના અવિરામ પરિશ્રમમાં અવતરતી ગુરૂકૃપા દ્વારા આ કાર્ય પાર પડી રહ્યું છે, તેનો અસીમ આનંદ છે.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# મટુકીમાં રાખીને હરિને વેચવા નીસરતી ભોળી ભરવાડણ એટલે શું?



મૌનની ભાષા ઉપર પી.એચ.ડી. કરી હોય, તેવા પૂજ્ય ગુરુમહારાજને બોલતાં જોવા, એ જાણે એક લ્હાવો હતો! વિચારોમાં ખોવાયેલાં હોય, ત્યારે ય નિર્વિચાર જ લાગે! મને થતું: અધ્યાત્મની ઉચ્ચ અવસ્થાએ જે વિચારમુક્ત દશા પ્રાપ્ત થતી હશે, તેની જ શાંતિ તેઓ પરિસર પ્રસરેલી રહેતી હશે! જાતને શોધવા જગતને ખોઈ નાંખેલું અને છતાં ય જગતના જીવમાત્ર સાથે હતી મૈત્રી તેમને! તેમની પ્રભુપ્રીતિની ઊંચાઈ અને જીવમૈત્રીની ઊંડાઈ મને સર્વદા અચંબિત કરતાં!

આ ગ્રંથનાં પાનાં ક્રમાંક ૧૩૪/૧૩૫ પર નરસિંહ મહેતાના 'ભોળી રે ભરવાડણ હરિને વેચવાને હાલી રે...' પદનો જે ઊંડો રહસ્યાર્થ પૂજ્ય ગુરુમહારાજે ઉઘાડ્યો છે, તે વાંચીને તો હું દિંગ થઈ ગયો. શ્રી હેમુ ગઢવીના કંઠે આજથી ૪૫ વર્ષ પૂર્વથી એ ભક્તિકાવ્ય સાંભળું અને મનમાં પ્રશ્ન થતો જ રહે કે: કોઈ ભોળી ભરવાડણ પોતાની મટુકીમાં હરિને ઘાલીને વેચવા કેવી રીતે નીકળે? આ પંક્તિઓનો અર્થ ઘણો મથું પણ કેમે ય બેસે જ નહીં, પરંતુ શબ્દો ખૂબ ગમે તેથી સાંભળ્યા કરું...ને હવે આજે તેનો અર્થ બેસાડ્યો પૂજ્ય સાહેબજીની લેખિનીએ, જેથી અહોભાવધારા વહી રહી છે!

જેમનું જીવન જ તપોવન હતું, તેવા બ્રહ્મનિષ્ઠ-અનુગ્રહસમર્થ ગુરુની અસ્ખલિત અનુપ્રેક્ષાઓ એ તપોવનમાં ખીલેલી સુમનસૌરભ પહોંચાડે છે, તેનાથી તરબતર છું!

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા












સકલમાનવસંશયહારિણી,
ભવભવાર્જિતપાપનિવારિણી ।
સકલસદ્ગુણસન્તતિધારિણી,
હરતુ મે દુરિતાનિ સરસ્વતી ॥

લુણાવા, સં. ૨૦૩૧, જે.વ.૧૩, શનિવાર, તા. ૭-૬-૭૫

## તત્ત્વત્રયીમાં સ્થિત શક્તિ

(૧) દેવ = ઇચ્છારહિત, વીતરાગતા.
ઇચ્છારહિતમાં ઇચ્છા પૂરવાની શક્તિ છે.

(૨) ગુરુ = મૂર્છારહિત, નિર્ગ્રન્થતા.
મૂર્છારહિતમાં મૂર્છા ઉતારવાની શક્તિ છે.

(૩) ધર્મ = હિંસારહિત, દયામયતા.
હિંસારહિત ધર્મમાં અક્ષય સુખ આપવાની શક્તિ છે.

અરિહંતની આજ્ઞાનું માહાત્મ્ય: આણાએ ધમ્મો । ધમ્મો આણાએ પડિબદ્ધો । ગુરુઆણાએ મોક્ખો । આજ્ઞા = ધર્મ. ધર્મ આજ્ઞાથી બંધાયેલો છે. ગુરુની આજ્ઞા એ મોક્ષ છે. આજ્ઞાના ત્રણ પ્રકાર છે: હેતુ, સ્વરૂપ અને ફળ.

આજ્ઞાનો હેતુ તીર્થંકર પરમાત્મા છે, માટે
પદ - રૂપ - ગુણથી તેમનું ધ્યાન કરવું.

આજ્ઞાનું સ્વરૂપ ષડ્જીવનિકાયનું હિત છે તથા આજ્ઞાનું ફળ આત્માનું પરમહિત છે, માટે તેનું ધ્યાન આજ્ઞા - અપાય - વિપાક - સંસ્થાનવિચયાદિ રૂપે કરવું.

બીજી રીતે આજ્ઞાનું સ્વરૂપ
'ગુરુ-લાઘવ વિજ્ઞાન' અને મૈત્ર્યાદિ સંવેદન રૂપ છે.

ગુરૂ-લાઘવ વિજ્ઞાન કઈ રીતે થાય ?

મોટો દોષ કયો ? નાનો દોષ કયો ?

વધારે લાભ શેમાં ? ઓછી હાનિ શેમાં ?

ઈત્યાદિ વિચાર વડે ગુરૂ-લાઘવ વિજ્ઞાન થઈ શકે છે.
ગુરૂ-લાઘવ વિજ્ઞાનનું મૂળ પણ મૈત્ર્યાદિનું સંવેદન છે
અથવા એમ પણ કહી શકાય કે ગુરૂ-લાઘવ વિજ્ઞાન
એ મૈત્ર્યાદિ સંવેદનનું પણ મૂળ છે.
ઘણાંને ઘણે લાભ શેમાં છે ? તે વિચારવું જરૂરી છે.

સિદ્ધ૦ દિ૦ રચિત શક્રસ્તવનો આટલો મહિમા શા માટે ?

સર્વ દેવમયાય[1], સર્વ ધ્યાનમયાય[2], સર્વ જ્ઞાનમયાય[3],
સર્વ તેજોમયાય[4], સર્વ મંત્રમયાય[5] સર્વ રહસ્યમયાય[6] ।

સર્વદેવમય = અરિહંત પરમાત્મા સર્વ દેવોના દેવ છે,
સર્વને પૂજનીય છે, તેથી
તેમની પૂજા વડે સર્વ દેવોની પૂજા થઈ જાય છે.

સર્વધ્યાનમય = અરિહંત પરમાત્મા સર્વધ્યાનસ્વરૂપ છે,
સર્વ પ્રકારના શુભ ધ્યાન તેમને સિદ્ધ થયેલાં હોવાથી
તેઓને પ્રતિક્ષણે ધ્યેયસિદ્ધિ થઈ છે.

સર્વજ્ઞાનમય = અરિહંત દેવમાં સર્વજ્ઞતા હોવાથી
સર્વ પ્રકારના જ્ઞાન તેઓમાં પ્રગટ થયેલાં છે.

<u>સર્વતેજોમય</u> = અરિહંત પરમાત્માઓ અસંખ્ય ચંદ્ર તથા
સૂર્યો કરતાં પણ અધિક તેજ અને પ્રકાશ હોવાથી
તેઓ રત્નમયસ્વરૂપ - પરમ તેજોમય છે.

<u>સર્વમંત્રમય</u> = અરિહંતો સર્વ મંત્રોના પ્રણેતા હોવાથી
અને તેમનું નામ પણ સર્વ મંત્રોનું જનક હોવાથી
તેઓ સર્વમંત્રમય છે. 'અર્હં' એ અરિહંત પરમાત્માનું
નામ પણ છે અને સર્વ મંત્રોનું જનક પણ છે.
પરમાત્મા સર્વમંત્રમય છે. મંત્ર એ અક્ષરમય છે.
અકારાદિ અક્ષરો શ્રુતજ્ઞાનસ્વરૂપ - શ્રુત મંત્રરૂપ છે.
મનન કરવાથી જે અક્ષરો
મન અને આત્માનું રક્ષણ કરે, તે 'મંત્ર' કહેવાય છે.
પ્રત્યેક મંત્રાક્ષરો શબ્દમય હોવાથી અથવા
સર્વેશ પરમાત્માના વાચક હોવાથી સર્વેશ સ્વરૂપ છે.
એમ મનની એકાગ્રતા થતાં સર્વેશ પરમાત્મા સાથે
ધ્યાનમાં જોડાણ સાધી શકાય છે.

<u>સર્વરહસ્યમય</u> = અરિહંત પરમાત્મા સર્વ રહસ્યો - ગુપ્ત
વાતોના જ્ઞાતા - અનુભવિતા હોવાથી સર્વરહસ્યમય છે.
સર્વ રહસ્યોમાં પરમ રહસ્યમય આત્મતત્ત્વ છે,
તેને તેઓ પ્રત્યક્ષપણે અનુભવે છે.

## નમસ્કાર મહામંત્ર અને શક્રસ્તવ

આ નમસ્કાર મંત્રના પ્રથમપદ વડે સર્વદેવમય,
દ્વિતીય પદ વડે સર્વધ્યાનમય,
તૃતીય પદ વડે સર્વજ્ઞાનમય,
ચતુર્થ પદ વડે સર્વતેજોમય,
પંચમ પદ દ્વારા સર્વમંત્રમય અને ષષ્ઠાદિ પદો વડે
સર્વરહસ્યમય આત્મતત્ત્વનો નિર્દેશ થાય છે.

એ રીતે પાંચે પરમેષ્ઠિઓને અર્થભાવનાપૂર્વક
નમસ્કાર કરવાથી સર્વ પ્રકારનાં પાપકર્મોનો ક્ષય થાય છે,
સર્વ પ્રકારના શુભ કર્મનો સંચય થાય છે અને
તેના પરિણામે સર્વ રહસ્યમય આત્મતત્ત્વનો
સાક્ષાત્ અનુભવ - સાક્ષાત્કાર થાય છે.

પરમાત્મા સર્વધ્યાનમય અને સર્વજ્ઞાનમય છે, તેથી
સમગ્ર વિશ્વને સદા - સતતપણે જાણતાં - જોતાં રહે છે.
પરમાત્મા જ્ઞાનરૂપે અને દર્શનરૂપે સર્વવ્યાપી છે.
સમ્યગ્દૃષ્ટિ જીવ પણ શ્રુતજ્ઞાની છે, તેથી તે પણ
જ્યારે પરમાત્મધ્યાનમાં લીન બને છે, ત્યારે સર્વ-
ધ્યાનમય - સર્વજ્ઞાનમય પરમાત્માને ધ્યાન તથા જ્ઞાનરૂપે
પોતાની પાસે જ અતિ સમીપમાં રહેલા નિહાળે છે.

ધ્યેયરૂપે અને જ્ઞેયરૂપે પરમાત્મા અહીં
હૃદયમાં પ્રવેશ પામ્યા, દેહમાં પ્રદેશે - પ્રદેશે વ્યાપ્ત થઈ
તન્મયભાવને પામતાં સાક્ષાત્ અનુભવે છે.

## પરમાત્મા કઈ રીતે સર્વતેજોમય છે?

મંત્રનો સતત જાપ થવાથી 'પશ્યંતી' અવસ્થામાં
પરમાત્મા પ્રકાશરૂપે અર્હત્ તેજોમય ભાસે છે
અથવા તો રત્નત્રયી રૂપ તેજના પુંજરૂપ છે,
તેથી પરમ જ્યોતિર્મય છે, માટે
ધ્યાતા જ્યારે જ્યારે મંત્ર અને ધ્યાનના અભ્યાસથી
જ્યોતિ કે તેજોમય જ્ઞાનપ્રકાશનો અનુભવ કરે છે, ત્યારે
સાક્ષાત્ પરમાત્મમિલનનો અપૂર્વ આનંદ અનુભવે છે.

## શક્રસ્તવ અને વિવિધ નય

સર્વભાવાભાવજીવેશ્વરાય - નૈગમનય.
સર્વરહસ્યમયાય - સંગ્રહનય - અનક્ષરશ્રુત.
સર્વમંત્રમયાય - વ્યવહારનય - અક્ષરશ્રુત.
સર્વતેજોમયાય - ઋજુસૂત્રનય - જ્યોતિર્મય - અનાહત.
સર્વજ્ઞાનમયાય - શબ્દનય - અનુભવવચન - પ્રાતિભ.
સર્વધ્યાનમયાય - સમભિરૂઢનય - કૈવલ્ય.
સર્વદેવમયાય - એવંભૂતનય - સિદ્ધત્વ.

## મનનું વિસ્તૃત શક્તિપરિમાણ

મનસસ્તુ ન ક્ષેત્રતો વિષયપરિમાણમસ્તિ,
પુદ્ગલમાત્ર - નિબન્ધનાઽભાવાત્,
ઇહ યત પુદ્ગલમાત્રનિબન્ધનનિયતં ન ભવતિ,
ન તસ્ય વિષયપરિમાણમસ્તિ યથા કેવલજ્ઞાનસ્ય ।
યસ્ય ચ વિષયપરિમાણમસ્તિ,
તત્પુદ્ગલમાત્રનિબન્ધનનિયતં દૃષ્ટં,
યથા અવધિ - મનઃપર્યવજ્ઞાનં ચેતિ । - आवश्यकनिर्युक्ति

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

અહીં મનની વિરાટ શક્તિનો પરિચય અહીં કરાવ્યો છે:

'શક્તિપરિમાણ કેવલજ્ઞાનતુલ્ય અપરિમિત છે.'

મનની આ ચિન્તન - મનન - નિદિધ્યાસન શક્તિના પ્રભાવે જ સમ્યગ્દર્શન અને પ્રમત્તાદિ ઉચ્ચ ભૂમિકાઓ તથા ઉપશમ - ક્ષપકાદિ ધ્યાનશ્રેણીઓ મેળવી શકાય છે. ત્યાં પ્રબળ ધ્યાનશક્તિનો પરમ પ્રાદુર્ભાવ થાય છે, જેના પ્રભાવે અનાદિકાલીન દૃઢ - દૃઢ કઠિન ઘાતીકર્મોનો પણ અંતર્મુહૂર્ત કાળમાત્રમાં ક્ષય કરી શકાય છે અને તે શ્રેણીકાળે સર્વ જીવોના સર્વ કર્મોનો ધ્વંસ એકસાથે કરવાનું અચિન્ત્ય સામર્થ્ય પણ પ્રગટ થઈ શકે છે.

દૂર - સુદૂર રહેલાં સ્નેહી - સ્વજનો સાથે એમ
જુદા જુદા યંત્રો દ્વારા વાર્તાલાપ અને દર્શનાદિ કરી
શકાય છે, તેમ મંત્રરૂપી Telephone દ્વારા અને
મૂર્તિના ધ્યાનરૂપી Television દ્વારા દૂર રહેલાં
પરમેષ્ઠિ ભગવંતો સાથે મંત્રણા - મિલાપ સાધી શકાય.
યંત્રમાં એમ વિદ્યુત્શક્તિની સહાય લેવી પડે છે, તેમ
મંત્રમાં શબ્દશક્તિની અને મૂર્તિમાં રાગ - ધ્યાનાદિ
આત્મશક્તિઓની સહાય લેવી પડે છે.

આ નમસ્કાર મહામંત્રના જાપથી ટેલીફોનની એમ જ
પરમેષ્ઠિભગવંતો સાથે ગુપ્તમંત્રણા અને પ્રભુમૂર્તિના
નિશ્ચલ ધ્યાનથી સાક્ષાત્ દર્શન - મિલન થઈ શકે છે.

'પ્રતિમાશતક'માં કહ્યું છે કે:

शास्त्रे इव नामादित्रये हृदयस्थिते सति भगवान्
पुर इव स्फुरति, हृदयमिवानुप्रविशति,
मधुरालापमिवानुवदति, सर्वांगीणमिवानुभवति,
तन्मयीभावमिवापद्यते। (परिशिष्ट-२)

o

મંત્ર - Telephone : વિદ્યુત્શક્તિ - Electricity.
મૂર્તિ - Television : શબ્દશક્તિ અને દૃશ્યશક્તિ.

સંભેદપ્રણિધાન કે અહર્નિશ સ્મરણ કે
અર્થની ઊંડાણભરી વિચારણા વગેરે એક જ વસ્તુ છે.
અભેદપ્રણિધાન પ્રત્યયની એકતા રૂપ છે.
પ્રથમ શબ્દની ધારણા, પછી અર્થની વિચારણા અને
અંતે પ્રત્યયની એકતા - એમ છે. ત્રયમેકત્ર સંયમઃ |
સંયમ = એક જ વિષયમાં ધારણા - ધ્યાન - સમાધિ.
એક અર્હંપદની હૃદયાદિ સ્થાનમાં ધારણા,
પછી તેના અર્થની વિચારણા અને
છેલ્લે પ્રત્યયની એકતાનો અનુભવ સિદ્ધિનું કારણ છે.
જેમ ચંદન કોમળ છે, સુગંધી છે, શીતળ છે, તેમ
હૃદયચંદન પણ શ્રદ્ધાથી કોમળ,
શીલથી સુગંધી અને જ્ઞાનથી શીતળ છે.
કોમળતા એ લાગણી અને શ્રદ્ધાનું પ્રતીક છે તથા
સુગંધિતા એ શીલનું અને સદાચારનું પ્રતીક છે.
જ્ઞાન વડે માધ્યસ્થ્ય કેળવાય છે,
શીલ વડે કારુણ્ય, શ્રદ્ધા વડે મૈત્રી - પ્રમોદ કેળવાય છે.
ધ્યાન દ્વારા જ્ઞાન અને ભાવના દ્વારા ભક્તિ વધે છે.
ભક્તિ વડે આસક્તિ ઘટે - જ્ઞાન વડે વિરક્તિ કેળવાય.
વિરક્ત આત્મા જ સાચો ભક્ત બની શકે છે.

## કાયોત્સર્ગ એક પ્રકારનું કાયાનું શિથિલીકરણ છે.

કાયોત્સર્ગ વડે ઈડા - પિંગલાના મધ્યમાં વાયુ રહે છે, તેથી રાગ-દ્વેષરહિત માધ્યસ્થ્ય ભાવ સહજ બને છે. રાગદ્વેષાત્મક ભાવોને અર્થાત્ લાગણીઓને નિયંત્રણ કરવાનું કાર્ય મજ્જાદંડ યા મેરુદંડ અથવા કંઠમણિનું છે.

## અસ્થિ અને મજ્જા સાથે કાયોત્સર્ગનો સંબંધ

કોઈપણ વસ્તુની અસર તે વસ્તુ અસ્થિ અને મજ્જા પર્યંત પહોંચે, ત્યારે વધુ થાય છે, માત્ર ત્વચા કે માંસ સુધી પહોંચે, તેની તેટલી અસર નહિ કે જેટલી અસ્થિ - મજ્જા પર્યંત પહોંચે તેની છે.

કાયોત્સર્ગ મુદ્રામાં સ્થિર થવાથી ધ્યાનની અસર અસ્થિ - મજ્જા પર્યંત પહોંચે છે.

મન અને વચન પણ કાયાને આધીન છે.

શરીર એટલે કાયયોગ દ્વારા જ મનન કરવા માટે મનના પુદ્ગલોનું ગ્રહણ અને ભાષા બોલવા માટે ભાષાના પુદ્ગલોનું ગ્રહણ થાય છે, એ કારણે કાયોત્સર્ગ દ્વારા થતું શરીરનું શિથિલીકરણ જરૂરી છે, એથી માનસિક વૃત્તિઓ સંસ્કારો અને સ્મૃતિઓ ઉપર ચોટ લાગતી નહિ અને સમતુલા જળવાઈ રહે છે.

નાભિકેન્દ્ર ઉપર ધ્યાન કરવાથી શ્વાસની માત્રા ઘટી જાય છે, તેથી જ્વરાદિ રોગોનું પણ શમન થાય છે. એ કારણથી શ્વાસની મંદતા અને એ દ્વારા શારીરિક-માનસિક રોગોનો નિગ્રહ કરવા ઉપવાસાદિ બાહ્ય અને કાયોત્સર્ગાદિ આભ્યંતર તપ સમર્થ છે.

શ્વાસ ક્ષુબ્ધ થવાથી આવેગ વધે છે અને
શ્વાસ શાંત થવાથી આવેગો ઘટે છે.

અસ્તિત્વ અને અહંને સાધનાર છ પર્યાપ્તિઓમાં
શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ મુખ્ય છે.

અસ્તિત્વ = દ્રવ્યમાત્ર, અહંત્વ = વર્તમાન પર્યાય.

અહંનું ભાન આત્માને ભારે બનાવે છે,
માત્ર અસ્તિત્વનું ભાન આત્માને લઘુ બનાવે છે. હલકી વસ્તુ તરે છે, જ્યારે ભારે વસ્તુ ડૂબે છે. આત્મા પણ અહંનો ભાર હોય તો ડૂબે છે અને અસ્તિત્વ માત્રનું ભાન રહે તો તરે છે, તેથી કાયોત્સર્ગની ક્રિયા આત્માને ભવસાગરથી તારનારી થાય છે તથા કર્મનિર્જરાનો પ્રબળ હેતુ બને છે.

ધ્વનિ = Telephone - જાપ.
મન = Television - ધ્યાન.

સંભેદ પ્રણિધાન એટલે... સોઽહં ઉપરાંત
વાચક પદ સાથે સંશ્લેષ, નાદાનુસંધાન, ધ્યાનાવેશ.
અભેદ પ્રણિધાન એટલે...
વાચ્યપદથી અભેદ ઉપરાંત જ્યોતિસ્વરૂપ ધ્યેયાવેશ.

આજ્ઞા એ જ પરમાર્થ - કઈ રીતે?

કર્ત્તવ્યાર્થોપદેશ આજ્ઞા ।
પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત ધ્યાન - એ હેતુ છે.
આજ્ઞા, અપાય, વિપાક, સંસ્થાનવિચયધ્યાન - સ્વરૂપ છે
અને પૃથક્ત્વ વિતર્ક સવિચાર,
એકત્વ વિતર્ક અવિચાર, સૂક્ષ્મક્રિયા પ્રતિપાતી અને
વ્યુપરત ક્રિયાનિવૃત્તિ - એ ફલસ્વરૂપ છે.
એ રીતે હેતુ - સ્વરૂપ તથા ફળથી આજ્ઞાનો વિચાર
ધર્મ-શુક્લધ્યાનનું કારણ બનીને મોક્ષનો હેતુ થાય છે.
તેથી આજ્ઞા એ જ પરમાર્થ છે.

કઈ પાંચ વસ્તુનું પ્રણિધાન આજ્ઞામાં થાય?

પ્રભુની આજ્ઞાના પ્રણિધાનમાં
આજ્ઞા, આજ્ઞાકારક, આજ્ઞાપાલક,
આજ્ઞાપાલન અને આજ્ઞાનું ફળ-
એમ પાંચે વસ્તુનું પ્રણિધાન થાય છે.

## સાચું પ્રણિધાન કેવું હોય ?

તે મૌન, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યયુક્ત હોય.
પ્રણિધાનનું ફળ = પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ.

દ્વાદશાંગનો સાર છે પરિણામની વિશુદ્ધિ.
તે શુદ્ધનય પરિણમન દ્વારા થાય છે.
શુદ્ધનય પરિણમન = પરમાત્મા + આત્માનું ઐક્યભાવન.
નમસ્કાર વડે તે સધાય છે, તેથી
નમસ્કાર એ પરમ સ્તુતિવાદ - દ્વાદશાંગનો સાર છે.
યથાર્થ ક્રિયાદિ અનુસરાતા સદ્ભૂત ગુણોનું ઉત્કીર્તન
તે પરમ સ્તુતિ છે અને તે યથેચ્છ ફળપ્રસાધક છે.
અભેદ પ્રણિધાન એટલે વાચ્યાર્થ - જે પંચ પરમેષ્ઠિ,
તેમની સાથે પોતાના આત્માનો એકીભાવ છે. તેમાં
ધ્યાતા - ધ્યાન - ધ્યેય ત્રણે એકતાને પ્રાપ્ત થાય, ત્યારે
અનિર્વચનીય - ચિન્મય એવી પરબ્રહ્મજ્યોતિ સ્ફુરે છે.
તેના સ્ફુરણથી જ સર્વ ક્રિયાઓની સફળતા થાય છે.
આ નમસ્કાર મહામંત્રના પ્રથમ પદના અભિધેય એવા
આ અરિહંત પરમેષ્ઠિ, તે જ પરમતત્ત્વ છે.
'તે તત્ત્વ પોતાનો જ સ્વભાવ છે' એવું
પુનઃ પુનઃ આંતરિક પરામર્શન તે ઉત્તમોત્તમ જપ છે.

મનુષ્ય ગતિમાં આવ્યાને પરમ પુરુષ સદાગમ ત્રણે
કાળના પદાર્થોનું હસ્તામલકવત્ પ્રતિપાદન કરવામાં
સમર્થ છે, કેમકે તે શુદ્ધ સત્યવાદી સર્વ સત્ત્વસમૂહનો
હિતકારી અને સર્વ પદાર્થોના સ્વરૂપનો જ્ઞાતા છે.
શેષ ૪ બાબતનું સ્વરૂપ પ્રતિપાદન પણ તે જ કરે છે.

આ સદાગમ મહાપુરુષ હોઈ, પરોપકાર કરવામાં
સતત પ્રયત્નશીલ રહી, સમસ્ત પ્રાણીઓનું હિત કરે છે.
સદાગમના માહાત્મ્યથી કર્મપરિણામ રાજા ધ્રુજી ઉઠે છે.
તેના સિંહનાદને સાંભળી કર્મપરિણામ અત્યંત ભયથી
વ્યાકુળ બની કાયરની જેમ રણમેદાનમાંથી ભાગી છૂટે છે.

સદાગમે આજ સુધી અનંત જીવોને કર્મપરિણામથી
મુક્ત બનાવી શાશ્વત સુખના ભોક્તા કર્યા છે.

સદાગમ ઉપર પરમ ભક્તિ રાખી
તેના નિર્દેશોનું જે પાલન કરે છે,
તેને કર્મકદર્થના સર્વથા મુક્ત કરે છે.

જેઓ તેના પ્રત્યે ભક્તિવાળા હોવા છતાં શક્તિના
અભાવે તે અનુષ્ઠાનોનું પાલન સંપૂર્ણ ન કરી શકે,
અલ્પ કરે કે તેના પ્રત્યે ભક્તિ બહુમાન રાખે, તો ય
તેની દુર્ગતિ અટકે છે અને સદ્ગતિ અવશ્ય થાય છે.

## મહાપુરુષો માટે સદાગમ આદરપૂર્ણ શાથી ?

સદાગમ જ પરમાર્થથી સર્વ જગતનો વત્સલ પિતા નાથ છે, રક્ષક છે, બંધુ છે, આપત્તિમાં આલંબનભૂત છે. ભવાટવીમાં ભૂલા પડેલાંનો માર્ગદર્શક છે, સર્વ વ્યાધિનો વિનાશક મહાવૈદ્ય છે, સર્વ રોગોનું ઉચ્છેદક ઔષધ છે, સર્વ વસ્તુપ્રકાશક દીપ છે, અજ્ઞાન, અવિરતિ, પ્રમાદ, કષાય, દુષ્ટયોગોને દૂર હટાવી સર્વ કર્મનો ક્ષય કરે છે. સદાગમના આ માહાત્મ્યને જાણીને પુણ્યવંત ઉત્તમ પુરુષો તેના વચનોનું મહાઆદરપૂર્વક પાલન કરે છે.

## પંચપરમેષ્ઠિ અને સદાગમની આરાધના કેમ કરવી ?

શ્રી અરિહંત પરમાત્મા સદાગમના જનક છે. શ્રી સિદ્ધ પરમાત્મા સદાગમની સેવાનું ઉત્કૃષ્ટ ફળ મેળવે છે. શ્રી [3]આચાર્ય ભગવંતો તથા [4]ઉપાધ્યાય ભગવંતો સદાગમને સૂત્ર તથા અર્થરૂપે ધારણ કરે છે. શ્રી [5]સાધુ ભગવંતો સદાગમે બતાવેલા અનુષ્ઠાનોના સાધક છે. આ રીતે પાંચે પરમેષ્ઠિઓ અને સદાગમનો કથંચિદ્ અભેદ સંબંધ હોવાથી પાંચે પરમેષ્ઠિઓ અને સદાગમની સેવાનું સરખું ફળ છે. બંનેને કરેલ નમસ્કાર સર્વ પાપોનો પ્રણાશક અને સર્વ મંગળોનો ઉત્પાદક છે.

## જિનાગમોનો શાસ્ત્રાભ્યાસ કરવો કેમ જરૂરી?

ધ્યેય પદાર્થનું જ્ઞાન સૌ પ્રથમ શબ્દ દ્વારા થાય છે, તેથી શબ્દબ્રહ્મમાં નિષ્ણાત થવા માટે સર્વ પ્રથમ સદ્ગુરુ પાસે વિનયબહુમાનપૂર્વક શાસ્ત્રાભ્યાસ કરવો જરૂરી છે.

### ગીતાર્થ ગચ્છનાયકોના મુખે

આ જિનાગમોનું ભક્તિપૂર્વક શ્રવણ કરવાથી સાક્ષાત પ્રભુદેશના શ્રવણ જેવો અમોલ લાભ - આનંદ થાય. તે પ્રભુવચનોનો જ સંગ્રહ હોવાથી જિનેશ્વરભગવંતોના વિરહમાં જિનપ્રતિમાની જેમ ભવ્ય જીવોને જિનાગમ પણ પ્રભુ સાક્ષાત્કાર જેટલો જ આનંદ અપાવે છે.

### સામાયિકાદિ ષડાવશ્યકવિધિ

#### બિંદુસાર પર્યંતના સૂત્રો એ જ સદાગમ છે.

નવકારપૂર્વક જ સામાયિક આદિ સૂત્રો હોય છે, તેથી નવકાર એ સર્વ સૂત્રોમાં વ્યાપક છે. પંચમંગલમહાશ્રુત-સ્કંધ એ સદાગમનું પ્રથમ અને પ્રધાન સૂત્ર છે, ચૌદ પૂર્વનો સાર છે, તેથી જ તે સદાગમસ્વરૂપ છે. નવકારમાં નમસ્કરણીય જે પંચપરમેષ્ઠિ ભગવંતો છે, તે પરમપુરુષ, પરમઉપકારી, સમગ્ર જીવરાશિનું પરમહિત કરવા સતત પ્રયત્નશીલ, dynamic, active છે.

સદુપાસનાને સમર્પણા કહેવાય છે.

'આત્મસમર્પણા' એટલે દેહાભિમાન અથવા તો
અહં નહીં, મનની બુદ્ધિ ઉપર ઊઠવું.
તે વડે શિવનો સાક્ષાત્કાર થઈ શકે છે.

આર્હન્ત્યનો મોટો મહિમા કેમ?

આર્હન્ત્ય તે સકલ અરિહંતોનું પ્રતિષ્ઠાન છે, શિવત્વનું
અધિષ્ઠાન તથા અહીં લોકમાં અદ્વિતીય સામર્થ્યવાળું છે.
અન્ય શબ્દોમાં તે સત્તત્ત્વને અનુસરતું ઋતતત્ત્વ છે.
તે સત્તત્ત્વની જેમ કૂટસ્થ નિત્ય છે અને
શક્તિતત્ત્વની જેમ પરિણામી પણ છે.
શિવસ્વરૂપે તે અવ્યક્ત, અદૃશ્ય, અચલ આત્મતત્ત્વ છે
અને શક્તિસ્વરૂપે તે નામ-રૂપ દ્વારા
અભિવ્યક્ત થતું દૃશ્ય અને ચલ આત્મતત્ત્વ છે.
તેની સદુપાસના એટલે નમના મસ્તકોમાં
આત્મસમર્પણા ત્રણ, દ્રવ્ય-ભાવથી નમના શબ્દો જેવું.
શક્તિમય અરિહંતોની ઉપાસના એ
શિવરૂપ આર્હન્ત્યના ધ્યાનનું શ્રેષ્ઠ સાધન છે.
આત્મસમર્પણા વડે દેહાભિમાનનો ત્યાગ થાય છે અને
તે દ્વારા શિવ સાક્ષાત્કાર થઈ શકે છે.

अपकारिषु यः साधुः स साधुः सद्भिरुच्यते । सद्गुरु:
અપકારી પ્રત્યે પણ જે સારું વર્તન કરે,
તે સજ્જનો વડે 'સાધુ' કહેવાય છે.

वदनं प्रसादसदनं, सदयं हृदयं सुधामुचो वाचः ।
करणं परोपकरणं येषां, केषां न ते वन्द्याः ॥ (परिशिष्ट-३)

સિદ્ધાંત અને તત્ત્વજ્ઞાનના
ચિન્તન, મનન, નિદિધ્યાસન દ્વારા સમજાય છે કે
યોગ અને ધ્યાન વિના બધી જ સાધના અધૂરી રહે છે
અને આત્માનું સ્વસંવેદન જ્ઞાન તો શક્ય બનતું નથી.

एतस्मिन् पठिते, जपिते, स्मृते च सर्वाण्यपि
मंगलानि भवन्ति । सद्गुरु: નવકારનો પાઠ, જાપ કે
સ્મરણ કરવાથી સર્વ વસ્તુઓ મંગળ રૂપ બને છે.

યોગનો વિષય પરિભાષામાં ગહન જરૂર છે અને
યોગનું સ્વરૂપ છે: सर्वार्थेषु उचितप्रवृत्तिलक्षणं ।
योगस्य फलं मोक्षात्मकं । मोक्षेण योजनाद्योगः ।

યોગ, બોધ અને પ્રેમ

કામનાઓની નિવૃત્તિ તે યોગ છે,
તત્ત્વજિજ્ઞાસાની પૂર્તિ તે બોધ છે અને
પ્રેમની પ્રાપ્તિમાં અનંતરસ નિહિત છે.

યોગનો વિરોધ ભોગ છે, બોધનો વિરોધ મોહ છે અને
પ્રેમનો વિરોધ વસ્તુ આસક્તિ છે.

સ્વતઃ પ્રાપ્ત આત્મવસ્તુથી સંતોષ તે યોગ, તેનો જ બોધ અને તેના પ્રત્યે જ પ્રેમ એ તેનો ઉપાય છે. ભોગની રુચિ નાશ પામતાં યોગની રુચિ જાગે છે.

યોગની પૂર્ણતામાં તત્ત્વબોધ થાય છે અને તત્ત્વબોધની પૂર્ણતામાં અનંત પ્રેમ - અનંત શાંતિ - અનંત આનંદની ઉપલબ્ધિ થાય છે. એ જ અંતે સંપૂર્ણ સ્વાધીનતાનું સુખ અને રસનો અનુભવ થાય છે.

સમતાનો જેમાં લાભ થાય, તે સામાયિક છે.

સામાયિક એટલે જગતના તમામ સંબંધો તોડી, કરેમિ ભંતેની પ્રતિજ્ઞા કરી, સ્વના સાંનિધ્યમાં આવી બેસવું. સ્વસાંનિધ્યમાં બેસીને સ્વ સાથે બે ઘડી વાતો કરવી કે:

अहमिक्को खलु सुद्धो दंसणणाणमइओ सदाऽरूवी ।
णवि अत्थि मज्झ किंचिवि, अण्णं परमाणुमित्तंपि ॥१॥
आदा हु महं णाणे, आदा मे दंसणे चरित्ते य ।
आदा पच्चक्खाणे, आदा मे संजमे जोगे ॥२॥
ममत्तिं परिवज्जामि णिम्ममत्तिं उवट्ठिदो ।
आलंबणं च मे आदा, अवसेसं च वोसिरए ॥३॥

(પરિશિષ્ટ-૪)

પંચ મહાભૂત અને પાંચ બીજમંત્રો

(१) પૃથ્વીતત્ત્વનો રંગ લાલ છે.
તેનું બીજ લં છે, તેનું ધ્યાન ધરવાથી
શરીર હલકું - ભાર વિનાનું લાગે છે.

(૨) જલતત્ત્વનો રંગ સફેદ છે, તેનો બીજમંત્ર વં છે,
તેનું ધ્યાન ધરવાથી ભૂખ - તરસ શાંત છે અને
તે શરીરને પાણીમાં ડુબતું બચાવે છે.

(3) અગ્નિતત્ત્વનો રંગ પીત છે, તેનો બીજમંત્ર રં છે,
તેનું ધ્યાન કરવાથી અગ્નિને - તાપને
સહન કરવાનું બળ મળે છે અને ભૂખ ઉઘડે છે.

(૪) વાયુતત્ત્વનો રંગ લીલો છે, તેનો બીજમંત્ર યં છે,
તેનું ધ્યાન કરવાથી પક્ષીઓની માફક
આકાશમાં ઊડી શકાય છે.

(૫) આકાશતત્ત્વનો રંગ શ્યામ છે, તેનો બીજમંત્ર હં છે,
તેનું ધ્યાન કરવાથી ત્રિકાળજ્ઞાન અને
અષ્ટ મહાસિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

હ્રીં ક્લીં આદિ બીજાક્ષરોનો
ભાષાની દૃષ્ટિએ કોઈ અર્થ નથી.
તે વિભિન્ન દેવતાઓના સંકેત રૂપે છે.

વ્યાખ્યાનની આદિ અને અંતમાં ઉપક્રમ અને
ઉપસંહાર કરવાની વિધિ છે, તેને જાણવા જરૂરી છે.

<u>વ્યાખ્યાન વાંચન વખતે પ્રથમ બોલવા યોગ્ય ઉપક્રમ:</u>

'શ્રી અરિહંત ભગવંત, વીતરાગદેવ, વિહિતસુરાસુરસેવ,
સકલ સુખદાયક અષ્ટમહાપ્રાતિહાર્ય સંયુક્ત,
અષ્ટાદશદોષ વિપ્રમુક્ત, ૩૪ અતિશયે કરી બિરાજમાન,
૩૫ વાણી ગુણે સાવધાન, ત્રિશલાનંદન, ત્રિજગવંદન,
અશરણ - શરણ, ભવહરણ, દીનોદ્ધરણ, તરણતારણ,
જગદુદ્ધારણ એહવા શ્રી વર્ધમાન સ્વામી,
પંચમ ગતિગામી, અક્ષયસુખ વિલાસી,
લોકાલોકપ્રકાશક, તે ભગવંતે એહ માર્ગ ઉપદેશ્યો:
અહો! ભવ્ય લોકો!
ઊંઘ એક નિદ્રા, વિકથા, પ્રમાદ મૂકી,
વધારી વિવેક નિર્મળો, શ્રી સિદ્ધાંત તણો અર્થ સાંભળો.

<u>વ્યાખ્યાન વાંચન પછી બોલવા યોગ્ય ઉપસંહાર</u>

એહવું ભલા ધર્મ કરવો એ સાર છે - પરમાધાર છે.
એવી શ્રી વીતરાગની વાણી, અમિયસમાણી,
સાંભળે, ધારે, અવધારે તથા પાળે,
તે ઈહલોકે ધર્મકરણી કરી પરભવે મહાવિદેહ ક્ષેત્રમાં

અવતરી, ત્યાં જ્યાં શ્રી સીમંધર ભગવાન વિચરે છે,
તેમની પાસે ધર્મદેશના સાંભળીને ઘણાં ભવ્ય પ્રાણી
પરમ વૈરાગ્ય પામી, ચારિત્ર અંગીકાર કરી,
તેને રૂડી રીતે પાળી એમ મુક્તિના સુખને વર્યા,
તેમ તમે પણ ધર્મકરણી કરી સિદ્ધિનાં સુખને વરો.

ધ્યાન કરવા બેસીએ, ત્યારે...

પ્રથમ પ્રભુસ્મરણનું, પછી ગુણકથનનું અને
તે પછી સર્વાંગનું ધ્યાન કરવું. ધ્યાતા, ધ્યેય, ધ્યાન,
સાધક, સાધ્ય, સાધન, દ્રષ્ટા, દૃશ્ય, દર્શન એક થાય,
ત્યારે મુક્તિ મળે છે અને એનું જ નામ અદ્વૈત છે.
બહિરાત્મદશા = બહિર્ભાવ, અંતરાત્મદશા = અંતર્ભાવ
તથા પરમાત્મદશા = પરમભાવ.
પ્રભુ વ્યવહારનયથી સર્વજ્ઞ - નિશ્ચયનયથી આત્મજ્ઞ છે.
દેહ અને આત્માના ભેદજ્ઞાનથી સંપ્રાપ્ત
'સ્વોપલબ્ધિ' જ ભાવનિર્જરા અને ભાવસંવર છે.

ચિત્ત આત્મામાં જ લય કેવી રીતે પામે?

प्रत्याहृत्य पुनः स्वस्थं सर्वोपाधिविवर्जितं ।
चेतः समत्वमापन्नं स्वस्मिन्नेव लयं व्रजेत् ॥१॥
- ज्ञानार्णव - ३०/५ (परिशिष्ट-५)

<u>આજ્ઞાવિચય ધ્યાન એટલે</u>... આગમશ્રુતમાં
પ્રતિપાદિત તત્ત્વને જ ધ્યેય બનાવી એકાગ્ર થવું તે.

<u>અપાયવિચય ધ્યાન એટલે</u>...
રાગ - દ્વેષાદિ દોષોની ઉત્પત્તિ અને
તેના દુઃખોને ધ્યેય બનાવી એકાગ્ર થવું તે.

<u>વિપાકવિચય ધ્યાન એટલે</u>...
કર્મના વિવિધ ફળને ધ્યેય બનાવીને ધ્યાન કરવું તે.

<u>સંસ્થાનવિચય ધ્યાન એટલે</u>...
દ્રવ્યની વિવિધ આકૃતિઓ અને વિભિન્ન પર્યાયોને
ધ્યેય બનાવી તેમાં ચિત્તને એકાગ્ર કરવું તે.

<u>શુક્લધ્યાનના ચાર પ્રકાર</u>

આત્માને ધ્યેય બનાવી તેના ગુણ - પર્યાયોમાં
ચિત્તને એકાગ્ર કરવું, તે શુક્લધ્યાનનો પ્રથમ પ્રકાર.
કોઈ એક જ ગુણ કે પર્યાયમાં
આત્મા વડે આત્માને સ્થિર કરવો, તે બીજો પ્રકાર.
કાયયોગ વડે વચનયોગને અને મનોયોગને રૂંધવો,
તે શુક્લધ્યાનનો ત્રીજો પ્રકાર અને
નિષ્પ્રકંપ - સ્થિર બની ત્રણે યોગનો નિરોધ કરવો,
તે શુક્લધ્યાનનો ચોથો પ્રકાર છે.

'શ્રી સંઘપતિ ચરિત્ર', કર્તા : ઉદયપ્રભસૂરિ,
સં. ૧૨૯૦, ચૈત્ર સુદ ૧૧, ખંભાત બંદર.

વસ્તુપાળે ૩) અબજ (૪) લાખ ૧૮) હજાર દ્રવ્યનો
સુકૃતમાં વ્યય કર્યો, તે નીચે મુજબ:

(૧) શત્રુંજય - ૧૮ ક્રોડ, ૯૫ લાખ.
(૨) ગિરનારજી - ૧૨ ક્રોડ, ૮૦ લાખ.
(૩) અર્બુદગિરિ - ૧૨ ક્રોડ, ૫૩ લાખ.

અઢાર જ્ઞાનભંડાર, ૧૪ લાખ દીન - દુઃખીનો ઉદ્ધાર અને ગુરુઆદિકની ભક્તિ માટે ૧૦ હજાર દ્રમ દરરોજ ખર્ચતા.

## ગિરિરાજનો મહિમા

(૧) ગિરિરાજની યાત્રાની ઇચ્છામાત્રથી પ્રાણીઓ વગર પ્રયાસે સમકીત પામે છે.
(૨) જોવામાત્રથી પુણ્યલક્ષ્મી આધિન બને છે.
(૩) સ્પર્શના કરવામાત્રથી મોક્ષલક્ષ્મી સ્વાધિન બને છે.

## વસ્તુપાલની ભાવના

શાસ્ત્રાભ્યાસઃ જિનપતિનતિઃ સંગતિઃ સર્વદાઽઽર્યૈઃ
સદ્વૃત્તાનાં ગુણગણકથા દોષવાદે ચ મૌનમ્ ।
સર્વસ્યાપિ પ્રિયહિતવચઃ ભાવના ચાઽઽત્મ - તત્ત્વે
સંપદ્યન્તાં મમ ભવભવે યાવદાપ્તોઽપવર્ગઃ ॥૧॥

(પરિશિષ્ટ-૬)

'ધૂન' શબ્દ ધ્યાન ઉપરથી થયો છે.
એકાગ્ર ધ્યાન થાય, ત્યારે તે 'ધુની' કહેવાય.
વર્તે તેને 'વ્રત' કહેવાય. અગ્યારશ વ્રત કરવું એટલે...
૫ કર્મેન્દ્રિય, ૫ જ્ઞાનેન્દ્રિય, ૧ મનને વશ કરવાનું વ્રત.
વાણીના ચાર ગુણ - હિત, મિત, પ્રિય અને સત્ય.

વાણીનું સ્વરૂપ તે વૈખરીવાણી,
અભિપ્રાય તે મધ્યમાવાણી, તાત્પર્ય તે પશ્યંતીવાણી
અને તત્ત્વ તે પરાવાણી છે, જે અનુક્રમે
નામ, રૂપ, દ્રવ્ય અને ભાવને ઓળખાવે છે.

સંભેદ પ્રણિધાન તથા અભેદ પ્રણિધાન

પ્રણિધાન = ધ્યેયમાં ઉપયોગની એકતા કે આલંબનધ્યાન.
પ્રણિધાનનો અર્થ પ્રવૃત્તિ, શ્રદ્ધા, આશય પણ થાય.
પ્રણિધાન એટલે ધ્યેયમાં પ્રીતિ અને વિશ્વાસપૂર્વક
અત્યંત ઉત્સાહપણાંની બુદ્ધિ થતી ચિત્તની એકાગ્રતા.
નમન એટલે સંપૂર્ણપણે સ્વીકાર પરિણમન,
તે નિશ્ચય નમસ્કાર છે.
સંભેદ પ્રણિધાન એ ધ્યાનનો પ્રકાર છે અને
અભેદ પ્રણિધાન તે પરમધ્યાન છે. સંભેદ પ્રણિધાનમાં
ધ્યાનાવેશ છે તથા અભેદ પ્રણિધાનમાં ધ્યેયાવેશ છે.

ધ્યાનાવેશમાં નાદાનુસંધાન છે, ધ્યેયાવેશમાં જ્યોતિદર્શન છે.
અહીં જ્યોતિનો અર્થ નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ છે.

સંભેદ પ્રણિધાન અંતર્લક્ષ્ય હોય છે તથા
અભેદ પ્રણિધાન નિર્વિકલ્પ હોય છે.

ધ્યેય એ ષડ્જીવનિકાયરહિત રૂપ છે, ઉપયોગ એ
બોધવ્યાપાર રૂપ છે અને એકતા એ વિજાતીય ભાવના
અંતરરહિત સજાતીય ભાવની ધારા છે.

શબ્દ, અર્થ અને પ્રત્યય = વૈખરી, મધ્યમા, પશ્યંતી.
અથવા શબ્દથી સ્થૂલ ભાષા,
અર્થથી આત્માની 3 અવસ્થા - પ્રત્યયથી સ્વસંવેદન.
અર્થનું માનસિક ચિન્તન તે સંભેદ પ્રણિધાન અને
પ્રત્યય - વિષયક સ્વસંવેદન તે અભેદ પ્રણિધાન છે.

અનુરણનય એ ધ્યાનનો પ્રથમ તબક્કો છે.
કલા એ નાદનો એક દેશ (વિભાગ) છે.
બિંદુ વિસર્જનના આઠને કેટલાક 'નાદ' કહે છે.
તેનું શક્તિ, વ્યાપિની, સમનારૂપ એક દેશ, તે કલા.
લોકાલોકને અવલોકનારી દેદીપ્યમાન કલા તે કેવલજ્ઞાન.
બિન્દુ અને કલા - એ બેનો જ ઉત્કર્ષ હોય, ત્યારે
કલામાં અર્ધચંદ્રાદિ ધ્યાનનો સમાવેશ થઈ જાય છે.

ઉત્તમોત્તમ જપ કોને કહેવાય ?

કુંડલિનીના ૩॥ આંટા છે.

મૂલબંધ અને ઉડ્ડીયાણ બંધ કરવાથી
કુંડલિનીનું જાગરણ થાય છે, તે સ્વયં ઉચ્ચરણશીલ છે.
બ્રહ્મરંધ્રમાં તે જ્યોતીરૂપતાને ધારણ કરે છે. જપ તે
વાચ્યરૂપ દેવતાના વાચકરૂપ મંત્રનું ઉચ્ચારણ છે.

'પરમ તત્ત્વ પોતાનો જ સ્વભાવ છે,'
એવું જે પુનઃ પુનઃ પરામર્શન, તે ઉત્તમોત્તમ જપ છે.
પુનઃ પુનઃ પરામર્શનના સદ્ભાવથી નાદના જે સતત
આંદોલનો જન્મે, તે તાત્ત્વિક જપ છે. પ્રયત્નપૂર્વકના
ઉચ્ચાર રૂપ સકલ જાપથી નિષ્કલ ઉચ્ચાર આવે છે.
જપ જ્યારે પ્રાણ સમ થાય, ત્યારે એકાગ્રતા વધે છે.

જિન પ્રવચનનો સાર નિશ્ચલ ધ્યાનયોગ છે.

અનાહત નાદ જ્યારે દશમે દ્વારે પહોંચે, ત્યારે
ભેદજ્ઞાની તેને 'તન્મયભાવ' કહે છે.

દશમ દ્વાર, જે દુંદુભિ સ્વર, તે મોક્ષદાયક છે.

અભ્યંતર પરિકરરૂપ કલા - બિંદુ વિગેરેથી સહિત
'અર્હં' મંત્ર તે દીપ્ત છે.

'તપ્તકલા' શબ્દ એ મંત્રની દીપ્તતાનો સૂચક છે.

બ્રહ્મરંધ્રમાં અહીંનું રૂપ અવિચલ હોવાથી તે તાત્ત્વિક
આકાર બને છે. તેને ધ્યેયાવેશ - અભેદ પ્રણિધાન
પણ કહે છે. ભેદનો સૂક્ષ્મ પણ અંશ ત્યાં રહેતો નથી.
તાત્ત્વિક નમસ્કાર = અભેદ પ્રણિધાન = પરતત્ત્વ સમાપત્તિ.
સ્વપ્નાવસ્થા મધ્યમા વાણી છે, સુષુપ્તિ પશ્યંતીરૂપ છે.

દેવતા, ગુરુ, મંત્ર, મન, આત્મા અને
પ્રભુમાં અસ્તિત્વનું ભાસન, તે વિમર્શ છે.
તે પશ્યંતી વાણીરૂપ છે, માટે મંત્રદેવતા છે.
ત્રિપદી એ પ્રવચનપુરુષની માતૃકા છે અને
અહીં એ વર્ણમાતૃકાનું ભજન છે.

દૌર્ભાગ્યનાશ માટે નાદાનુસંધાનનું આલંબન મહત્ત્વનું છે.
દ્રવ્ય - ગુણ - પર્યાયના સાદૃશ્યનું ભાન પરમાત્માના
શુદ્ધ સ્ફટિક સમાન નિર્મળ રૂપના ધ્યાનથી થાય છે.
પ્રભુની મમતાથી દારિદ્ર્યનો નાશ થાય છે.

સોઽહં ભાવ તે ધ્યાનાવેશ - ૐ ભાવ તે ધ્યેયાવેશ.
ધ્યેયનાં વિશેષણો અપ્રતીત, અનિરાકૃત, અભીપ્સિત છે.
અર્થમાત્ર નિર્ભાસતો તે ધ્યેયાવેશ છે.
સૂક્ષ્મનું અનુસંધાન એ નાદાનુસંધાન છે.
એ ધ્યાનનું પ્રથમ પગથિયું છે.

અર્હંનો તાત્ત્વિક અર્થ શબ્દબ્રહ્મ - નાદ - અનાહત છે.

V.V. Imp. 'હ' એ નાદનું પરં બીજ છે,

નાદ - બિંદુ અને કલા એ ઉદ્દીપક છે.

મંડલ - મુદ્રાદિ મનવાથી વિશિષ્ટ રૂપ માને છે.

સ્થગિત નાદશ્રવણ = ચિત્તની નિરુદ્ધ અવસ્થા જાણવી.

નાદાનુસંધાનથી નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ સહજ બને.

સંજલ્પ = માનસિક રટણ. અંતર્જલ્પ રૂપ મન = પદસ્થ.

પરાવાણીની પ્રાપ્તિ સૌ વિકલ્પોના ઉપરામ પછી થાય.

ૐકાર = પરબ્રહ્મને પ્રાપ્ત કરવાનું પરમ આલંબન.

તાત્ત્વિક દૃષ્ટિએ પરબ્રહ્મ જ અક્ષર છે.

શબ્દબ્રહ્મ સગુણ છે, પરબ્રહ્મ નિર્ગુણ છે.

પશ્યંતી શક્તિરૂપ ભાવવાણી છે.

બ્રહ્મરંધ્ર = પ્રાણનો પ્રાંતભાગ, જ્યાં પ્રાણનો લય થાય.

સચેતન શરીરમાં ચેષ્ટાશક્તિ તે પ્રાણ છે અને

શરીર, મન અને વાણીની ક્રિયાશક્તિ તે પ્રાણ છે.

સાધનાથી પ્રાણાપાનનું સામ્ય સધાય છે.

'હ' પ્રાણવાચક છે, વર્તુળાકારે બિંદુધ્યાન મોક્ષદાયક છે.

બિન્દુનો ઉચ્ચાર નહિ, પરન્તુ

બિન્દુનું જે ઉચ્ચારણ છે, તે રણકાર રૂપ છે.

નાદ - બિંદુ - કલા ત્રિતયની એકતા તે દીપ્તતા,
મૂલાધારથી ક્રમશઃ ઊર્ધ્વગતિ કરતો અર્હં અક્ષર તે શુદ્ધતા
અને બ્રહ્મરન્ધ્રમાં સ્થિતિ તે પાવનતા - પવિત્રતા છે.
મનઃપ્રસાદ અહિંસાદિ વિશુદ્ધ અનુષ્ઠાનથી થાય છે, જે
મુક્તિ માટેના જ્ઞાનની પ્રાપ્તિ માટે અનિવાર્ય છે.
આત્માની પરમ જ્ઞાનશક્તિ તે માતૃકા યા જ્ઞાનજ્યોતિ.
અક્ષર વર્ણાવલીઓને પણ ઉપચારથી 'માતૃકા' કહેવાય છે.
જેને માતૃકાના અર્થનો યથાર્થ પરિચ્છેદ થાય,
તે ફરી ક્યારેય ગર્ભાવાસમાં આવતો નથી.
માતૃકાનું બીજ અર્હં અક્ષર છે,
તેનું સંસ્મરણ તે પદસ્થ ધ્યાનનો જ એક પ્રકાર છે.
સર્વ પદસ્થ ધ્યેયોમાં તે અતિ મહત્ત્વનું છે.
માતૃકાનું સંસ્મરણ કરે, તે સર્વજ્ઞ થાય.
વર્ણો તેનું સ્વરૂપ છે તથા દરેક વર્ણ મંત્રાક્ષરરૂપ છે.
વર્ણ સંકેતથી નિરપેક્ષ છે, તેથી વાચ્યાર્થથી રહિત છે.
માતૃકા તે વિશ્વવ્યાપિની શક્તિ છે.
અભેદભાવને મંત્રનું પરમકાર્ય કહ્યું છે.
મંત્રનું અંતર્જલ્પરૂપ મનન સ્વાત્મ રક્ષણ થાય છે
અને તે પરતત્ત્વ પ્રાપ્તિનો ઉપાય છે.

પ્રથમ વિમર્શરૂપતા, પછી સંજલ્પરૂપતા અને
સંજલ્પના યોગથી વિમર્શ તે વિમર્શરૂપતાને પામે છે.

अर्हं इत्यक्षरब्रह्म मंत्रतनुः जिनपतिः साक्षात् ।

અર્થાત્: 'अर्हं' - આ જે અક્ષરરૂપી
મંત્રદેહધારી સાક્ષાત્ જિનેશ્વર ભગવંત છે.

(૧) ગ્રંથિપંચક સ્થાન = નાભિ, હૃદય, બિંદુ,
તાલુ (ઘંટિકા) તથા અર્ધચંદ્રથી સમના.

(૨) ઉચ્ચારસૂક્ષ્મકાળ કલાપંચક = હ્રસ્વ, દીર્ઘ, પ્લુત,
સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ (વર્ણ - વ્યંજનાક્ષર).

(3) વર્ણક કલાપંચક = अ + ई + ह + બિંદુ + નાદ
(વર્ણ - સંસ્થાક્ષર).

(૪) બાહ્ય કાલપંચક = ૪ - ૫ - ૬ - ૭ - ૮/૧૦ - ૧૩/૧૪
ગુણસ્થાનકો = સદાશિવ, અનુત્તર કાલ, સિદ્ધત્વપ્રાપ્તિ.

(૫) ઉચ્ચારચિત્રાવસ્થા પંચક = શયન (ચોથું ગુણસ્થાનક),
જઘન્ય (પાંચમું ગુણસ્થાનક) જાગરણ,
મધ્યમ જાગરણ (છઠ્ઠું ગુણસ્થાનક) (આલંબન),
ઉત્તમ જાગરણ (૭મું ગુણસ્થાનક) (અનાલંબન),
ઉત્તમોત્તમ જાગરણ (૮ થી ૧૦મું ગુણસ્થાનક),
તુર્ય (૧૩ તથા ૧૪મું ગુણસ્થાનક), તુર્યાતીત - સિદ્ધ.

આત્મજ્ઞાન આપે તે આચાર્ય ઉપરાંત
જે આત્મજ્ઞાન પૂર્ણપણે પામ્યાં તે આચાર્ય,
આત્મજ્ઞાનનો અભ્યાસ કરાવે તે ઉપાધ્યાય ઉપરાંત
જેઓએ આત્મજ્ઞાન પામ્યા છતાં પૂર્ણ થવા
અભ્યાસ કરે છે, તે ઉપાધ્યાય, આત્મદશા સાધે તે સાધુ.
સુત્તા અમુણી, મુણિણો સયા જાગરંતિ । અર્થાત્ઃ
સુતેલાં અમુનિ છે. મુનિ ભગવંતો હંમેશા જાગે છે.
આપ્ત પુરુષોનું વચન અવિસંવાદી અને
સ્વરૂપ પ્રવૃત્તિજનક હોય છે.
'સુખિયા સબ સંસાર, ખાવે અરૂ સોવે,
દુઃખીયા દાસ કબીર, જાગે ઔર રોવે.' ...(૧)
'તન હલકા - મન હલકા, તો ધ્યાન હલકા.'
'એસ ખલુ ગંથે, એસ ખલુ મોહે,
એસ ખલુ મારે, એસ ખલુ ણિરએ ।' - આચારાંગ સૂત્ર
આ હિંસા એજ ગાંઠ છે, મોહ છે, મૃત્યુ છે, નરક છે.
o મન્ત્રાણાં પરમેષ્ઠિમન્ત્ર - મહિમા તીર્થેષુ શત્રુંજયો,
દાને પ્રાણિદયા, ગુણેષુ વિનયો, વ્રતેષુ બ્રહ્મ વ્રતમ્ ।
સન્તોષો નિયમે તપસ્સુ ચ શમસ્તત્ત્વેષુ સદ્દર્શનં,
સર્વજ્ઞોદિત - સર્વપર્વસુ પરં સ્યાદ્વાર્ષિકં પર્વ ચ ॥૧॥
(પરિશિષ્ટ-૭)

મનને આનંદ આપે, શક્તિ આપે, તે મંત્ર નહીં
મનને તર કરે અને વિઘ્નોને હરે, તે મંત્ર.

નવકાર મંત્ર એ દયા - ક્રિયાનો મંત્ર છે અને
ગાયત્રી મંત્ર એ બુદ્ધિ - જ્ઞાનનો મંત્ર છે.

જન્મ - મરણના બંધનમાંથી છૂટવું, તેનું નામ મોક્ષ છે.
જેને મોક્ષ ન જોઈએ, તેને અભવી જ સમજવું કે
તેને મોક્ષથી પ્રતિપક્ષ એવું બંધન જ જોઈએ છે.

ૐકાર પંચ પરમેષ્ઠિવાચક છે અને બિન્દુ સહિત
શુદ્ધાત્માનો વાચક છે તથા શુદ્ધાત્મા તો નિષ્પક્ષ છે.
બિંદુ સહિત ૐકારનું લક્ષ્ય શુદ્ધાત્મા - તેનું ફળ મોક્ષ છે.

જેણે આત્મા પ્રાપ્ત કર્યો છે,
એવા સત્પુરુષથી માંડીને પૂર્ણાહૂતિ સ્વરૂપ સુધીને
ૐ સ્વરૂપ કહેવાય અને તેથી આગળ મુક્તિ થાય.

'પરમ તેજ' ભાગ - ૨, પૃ૦ ૨૬૯ - ૨૭૦માં કહ્યું છે કે:
કાયોત્સર્ગમાં કાળ નિયમ છે, ધ્યેય નિયમ નહિ.

ધ્યાનનાં વિવિધ ધ્યેય

(૧) સ્થાપનેશ ગુરુ - લોગસ્સ - નવકારનું ચિન્તન.
(૨) જીવાદિ તત્ત્વનું અર્થરૂપ ચિન્તન. (3) સ્થાન, વર્ણ,
અર્થ, આલંબન તથા (૪) દોષ પ્રતિપક્ષ ચિન્તન.

આ વગેરે ચિન્તન તે વિવેક ઉત્પત્તિનું કારણ છે,
એથી ઉપયોગની શુદ્ધિ થકી આત્મપરિણામ શુદ્ધ બને છે.
શુદ્ધ ભાવથી થયેલ ક્રિયા શુદ્ધ ભાવ આપનારી થાય છે,
કેમકે કારણને અનુરૂપ કાર્ય હોય છે.

શ્વાસ એ દૈહિક જીવનનો આધાર છે,
તો સ્મરણ આધ્યાત્મિક જીવનનો પ્રાણ - શ્વાસ છે.

શ્વાસ વગર કદાચ જીવી શકાય, કિન્તુ જ્યારે સ્મરણ
વગર જીવી ન શકાય, અર્થાત્ પ્રાણ રૂંધાતી પીડા જાગે,
ત્યારે જ અંદર જીવનનાં બારણાં ખૂલી જાય છે.

કબીર કહે છે તેમ...

શ્વાસે શ્વાસે સ્મરણ કરો રે, વૃથા શ્વાસ મત ખોય,
ક્યા જાનો ઈસ શ્વાસ કા, ફિર આવન હોય, ન હોય.

મૈં તો આન પડી ચોરનકે નગરે,
સતસંગ બિના જિયા તરસે.
સબદ કા હીરા પટક હાથ સે, મુઠ્ઠી ભરી કંકર સે,
કહે કબીર સુનો ભાઈ સાધો,
સુરત કરો વાલી ઘર સે, સતસંગ બિના જિયા તરસે.

સંત = નિષ્કષાયિત પુરુષ, સત્પુરુષ = સ્વરૂપભાનવાન,
જ્ઞાની = મોક્ષદાનદાતા, વીતરાગ = દર્શનમાત્રથી મોક્ષ આપે.

હંસની ચાંચ બોળતાંની સાથે જ ક્ષીર - નીર જૂદા પડે,
તેમ જ્ઞાન મળતાં જ આત્મા - અનાત્મા છૂટા પડી જાય.
જ્ઞાનીની વાત જડ-પુદ્ગલનો ભેદ પાડી આપે છે,
તેથી તે હંસ નહિ પણ પરમહંસ કહેવાય.
પરમહંસનો સંગ તે સત્સંગ.
જ્ઞાનીની સેવા એટલે પરમ વિનય કરવો તે.
સત્પુણ્ય એ આડપેદાશ છે,
નિઃશ્રેયસ્ એ મુખ્ય ઉત્પાદન - સંપાદન છે.
આત્મ અનુભવી પુરુષ સિવાય કોઈની ય વાણી ન ઠારે.
સત્સંગ સમાધિ માટે છે, પ્રશ્નોના સમાધાન માટે છે.
મોક્ષમાર્ગ જાણવા માટે છે.
જ્ઞાનીપુરુષ આખા જગતની નિષ્ઠાને,
જગતમાં ભટકતી વૃત્તિઓને ઉઠાવી વાળમાં બેસાડી દે.
નિરન્તર પોતાના સ્વરૂપનું જ સ્મરણ રહે.
સારા સંગથી ગુલાબ મળે, કુસંગથી કાંટા મળે.
*શુદ્ધાત્માનો સંગ એ છેલ્લામાં છેલ્લો સત્સંગ છે.*
ભાવદયા એટલે ભાવમરણ રૂપ જીવને મારવાનો
જે ભાવ છે, તેનાથી બચવાનો ઉપાય અને ભાવહિંસા
એટલે હિંસાનો ભાવ, તેનો ત્યાગ કરવાનું કર્તવ્ય છે.

દૃષ્ટિ જો દૃષ્ટામાં પડે અને જ્ઞાન જો જ્ઞાતામાં પડે,
તો જ નિર્વિકલ્પ થવાય.
દૃષ્ટા અને જ્ઞાતા તે આત્મા છે, જ્ઞાન પણ તેય છે.
જગન્નિષ્ઠ મટીને બ્રહ્મનિષ્ઠ થવાનું છે.
તેય માત્ર જગત છે. જ્ઞાતા પોતે બ્રહ્મ છે.
આત્મા શબ્દમાં નથી, શાસ્ત્રમાં નથી, પુસ્તકમાં પણ નથી.
આત્મા આત્મામાં છે, આત્મજ્ઞાનમાં છે.
પોતાના સ્વરૂપનું ધ્યાન તે 'ધ્યાન' ઈત્યાદિ.
ધ્યાતા, ધ્યેય અને ધ્યાન -
અહીં એકરૂપ થાય, ત્યારે સાચું ધ્યાન થયું ઈત્યાદિ.
શુદ્ધાત્માના ધ્યાનમાં રહ્યા તે શુક્લધ્યાન, બાહ્ય વિચારો
આવે, તેને સમભાવે નિકાલ કરે તે ધર્મધ્યાન રહ્યા,
આધિ - વ્યાધિ - ઉપાધિમાં ય કાયમ રહે,
તે સાચી સમાધિ - સહજ સમાધિ. મનોરંજન નહિ,
આત્મરંજન થવું જોઈએ. મન એ જગત છે.
બીજાને સુખ આપીશ, તો મનને સુખ થશે.
ચોખ્ખું મન એટલે ચિત્તશુદ્ધિ - આત્મૌપમ્ય - સમભાવ.
સંસારમાં જો સારભૂત વસ્તુ કોઈ હોય,
તો તે આત્મા જ છે.

'આત્મા એ શક્તિ તો પરમાત્મા જ છે'
એ ભાવનામાં એટલાં બધાં મગ્ન બની જવું કે
આત્મા અને પરમાત્મામાં ભેદબુદ્ધિ રહે નહિ.

'મર્દનં ગુણવર્ધનમ્ ।'

ભાવના જેમ વધારે ઘૂંટાય, તેમ તેની શક્તિ વધે છે.
દેહબુદ્ધિ જેટલી પ્રબળ, તેટલી તેનો નાશ કરવા પ્રભુ
સાથે આત્માની અભેદબુદ્ધિ પ્રબળ બનાવવી જોઈએ.
ચૈતન્ય પરમાત્માનિધિ આત્માના અભેદની ભાવના એ
જડ - ચેતનનો વિવેક કરાવીને ચૈતન્ય સાથે
તાદાત્મ્યનો અનુભવ કરાવનારી બને છે.

જગતનું ભાન = બુદ્ધિભાન, સ્વરૂપભાન = આત્મભાન.
બુદ્ધિ પરપ્રકાશક છે, આત્મા સ્વ - પરપ્રકાશક છે.
સ્વસ્વરૂપનું અનુભવભાન થયે ભેદબુદ્ધિ નાશ પામે છે.

બુદ્ધિ આપણને ચંચળ બનાવે છે.

તેથી આત્માનો સહજ સ્વભાવ ચાખવા મળતો નથી.
બુદ્ધિ શંકા કરાવે. આત્માના નિઃશંક પદમાં રહેવાનું
ભાગ્યેજ બને. પોતાની વધારે બુદ્ધિથી સામાની ઓછી
બુદ્ધિનો લાભ લેવો, તે ભોળાને ધૂતવાની રમત જ છે.
બુદ્ધિ સંસારનું કામ કરી આપે, મોક્ષનું નહિ.

એક દૃષ્ટિબિંદુ તે બુદ્ધિ,
બંને દૃષ્ટિબિંદુ ભેગા થાય, ત્યારે તે પ્રશ્ન બને છે.
એક નિદાન અને બીજું પ્રમલ્યુદાન.
બુદ્ધિદાન નિરંતર મૂર્છિત રહે, જ્યારે
પ્રશ્નદાન મોહનીય કર્મનો ક્ષય કરે. શરીરના બધા
રોગનું કારણ અનુપસ્થિત ચિત્તના પરિણામ છે.
Present ચિત્ત એટલે એકાગ્રતા.
જગત આખું પરસત્તામાં છે.
વિકાર વૃત્તિને જુએ, તે ચિત્ત અશુદ્ધ અને
જ્ઞાતાને જુએ, તે ચિત્ત શુદ્ધ.
'સત' કોને કહેવાય?
જે ત્રિકાળાબાધિત હોય, તે 'સત' કહેવાય.
ચિત્તશુદ્ધિનો સાચો ઉપાય : સત્સંગ, સત્તત્ત્વનો સંગ.
'સંઘ' એટલે મતભેદ વગરના માણસોનો સમૂહ.
જ્યાં મતભેદ હોય, ત્યાં સંઘબળ ટકે નહિ.
જેટલો વખત રોગને ભૂલે, તેટલો રોગ જલ્દી મટે.
એ રોગ મટાડવાના સાધનને વિસ્મૃત કરવો તે સંસાર
અને તે વિસ્મૃત તો જ થાય કે સતનું સ્મરણ કરે.
દૃષ્ટિને દૃષ્ટામાં - જ્ઞાનને જ્ઞાતામાં રાખે તો કામ થાય.

પુદ્ગલ કે શરીર એ પૂરણ - ગલન સ્વભાવવાળું છે,
જ્યારે આત્મા તો અપૂરણ - અગલન સ્વભાવવાળો છે.
સંન્યાસ = સમ્યગ્ ન્યાસ. મન - વચન - કાયા બધેથી
આત્મા ખેંચીને આત્મામાં મૂકી દે, તેને સંન્યાસ કહેવાય.
આત્માને આત્મામાં જ મૂકવો, તે સંન્યસ્ત યોગ.
આત્મા શુદ્ધાત્મામાં જ રહે - શુદ્ધાત્મામાં જ પ્રતપણે વર્તે,
તે છેલ્લો સંન્યાસ અર્થાત્ ધર્મસંન્યાસ છે.
ફળસંબંધ = આત્મા સાથે સંબંધ બાંધી આપે તે.
ઉપયોગ અને આકૃતભાવ અનિવાર્ય છે.
મન - વચન - કાયાથી તદ્દન જુદો એવો આત્મા માને,
તે ફળસંબંધ કરી શકે છે.
આત્મા તો જ્ઞાતા - દ્રષ્ટા અને પરમાનંદી છે.
જ્યાં વાદ - વિવાદ, ત્યાં સ્યાદ્વાદ નહિ.
સ્યાદ્વાદ ભરેલી વાણીમાં વાદ - વિવાદ હોતાં નથી.
સ્વપદમાં બેસાડે સ્વપદની ભક્તિ કરે, તે ભગવાન.
મોક્ષ પોતાની પાસે જ છે, આત્મા પોતે જ મોક્ષસ્વરૂપ છે.
'મોક્ષ' એટલે મન - વચન - કાયાથી મુક્તપણું.
Normal એટલે સમપ્રમાણ.
Not above & not below is normal.

## દુઃખથી મુક્ત થવાનો રસ્તો શું ?

સુખ એ દુઃખનો પ્રતિકાર છે, પાપીઓનાં ફૂલ છે.
તાત્વિક સુખ તે છે કે જે આવ્યાં પછી જાય જ નહિ.
દુઃખો સહેવાની શક્તિ હોય, છતાં બહુ સહન કરવું
અને ન કરવું, એનું જ નામ જ્ઞાનદાની.
સહેવાથી કાંઈ આપેલાનો દુઃખ લઈ શકાતો નથી.

## આપણે અને મૂર્ખ ?

માનવજન્મ મુક્તિ માટે મળ્યો છે,
એ કામને જ ભૂલી જાય - બંધનનાં કાર્યો કર્યા કરે,
એના જેવો મૂર્ખ બીજો કોણ ?
શરીર પંચધાતુનું પૂતળું છે. દેહનું બંધન, વાણીનું બંધન,
મનનું બંધન, બુદ્ધિનું બંધન તથા અહંકારનું બંધન,
આ બધાં બંધનો પોતાનાથી જુદાં જ છે.
તેમાંથી છૂટો પડે, તો પોતે પરમાત્મા જ છે.
વિનાશી ચીજોમાં સુખ માન્યું, તેથી મૂઢાત્મા થઈ ગયો છે.
કષ્ટ = દેહદુઃખ, ઘા = વાણીનાં દુઃખ અને
મનનાં દુઃખ તે દુઃખ કહેવાય.
જેટલાં દેહનાં કષ્ટ છે, એટલાં જ દુઃખ છે,
તેના વિકલ્પના બધાં દુઃખો એ ખરાં દુઃખ નથી.

દુઃખથી મુક્ત થવાનો એક જ ઉપાય છે કે:
દુઃખને મનમાં ન લેવું પણ તનમાં લેવું.
સુખી થવાનો માર્ગ= કોઈને ય આપણાથી દુઃખ ન થાય તે.
સમજુ માણસનું કર્તવ્ય છે કે
દુઃખમાત્રને ઈશ્વરી આશીર્વાદ સમજવા અને
ધૈર્ય રાખી કુદરતી પ્રક્રિયામાં સહાયભૂત થવું.
ઉદારચરિતાનાં તુ વસુધૈવ કુટુંબકમ્ ।
જ્ઞાનીઓએ સંસારના ઉદ્વેગને વખાણ્યો છે,
પરન્તુ દુઃખના ઉદ્વેગને નહિ. સુખના ઉદ્વેગને હજુ
વખાણ્યો છે પણ દુઃખના ઉદ્વેગને તો નિંદ્યો જ છે.
દુઃખ આવે, ત્યારે ઉદ્વેગ થવાને બદલે આનંદ થાય
અને દુઃખને નિર્જરાનું પરમ સાધન માને,
તેવા જીવ ઉપર પ્રભુના શાસનની છાયા છે.
વીતરાગનું શાસન પરિણમ્યું છે કે નહિ,
તેની પરીક્ષા માટે આ માપક યંત્ર છે.
દુન્યવી સુખમાં જેને આનંદ આવે,
તેણે સમજવું કે શાસન તેનાથી સો ગાઉ દૂર છે.
ધર્મની આરાધનાથી મળતું સુખ ઘાસ જેવું છે,
તેને જાનવર ખાય, માણસ નહિ.

કષ્ટ માટે જે દીક્ષા ન લે, તેને દીક્ષાના સુખનો સ્વાદ ન મળે. કષ્ટ એ દીક્ષાનો સ્વાદ છે, તેમાં આત્મગુણોના અનુભવનો આનંદ છે. સંયમનો સ્વાદ લૂંટવો હોય, તો સુખ સાથે લાલ આંખ કરવી પડશે અને દુઃખ વેઠવા તૈયાર રહેવું જ પડશે. ભણ્યો ભલે ઓછું હોય પણ ગુર્વાજ્ઞા મુજબ ચાલે, તો તેનું કલ્યાણ વહેલું થાય.

'સુખ શાપરૂપ અને દુઃખ આશીર્વાદરૂપ છે' એવી ભાવના દૃઢ થાય, તો પ્રભુઆજ્ઞાનું પાલન સુલભ બને.

'સમરાઈચ્ચ કહા'માં કહ્યું છે કે:

પસંસિયવ્વાઇં જિણવયણાઇં |

પસંસિયવ્વાઇં નાણદંસણચરણાઇં | અર્થાત્:

બહુમાનવા યોગ્ય છે જિનેશ્વર ભગવંતનાં વચનો અને પ્રશંસવા યોગ્ય છે જ્ઞાન - દર્શન અને ચારિત્ર ગુણો.

વૈરાગ્ય = સંસારનો તિરસ્કાર નહિ પણ સંસારની સાથે સમજ યા consideration for others.

ધર્મ તે આધ્યાત્મિક અવસ્થાનું એક અવતરણ છે.

સંસાર એ સ્વર્ગ નહિ પણ બંધનકાળનો પંથ છે.

આધ્યાત્મિક ઉત્સવો વ્યક્તિની પૂજા માટે નહિ પણ આત્મશુદ્ધિ માટે છે. જ્યાં કામ - ક્રોધ તથા લોભ હોય, ત્યાં ઉત્સવ સિદ્ધ થાય નહિ.

## જિનાલયે કેવી રીતે જવાય?

પરમાત્મા પાસે તો તેના સાચા સેવક થઈને જવાય.
ઈશ્વર પાસેથી તેને આપવું હોય તે લેવાય,
તેને ઓળખ જાણવાની પ્રાર્થના કરાય અને
તેના દિવ્ય સુર નીરવ બનીને સંભળાય.
ઈશ્વર પ્રકાશમય - તેજોમય છે, તે નિરાકાર છે.
એનું સ્મરણ એટલે આત્મજ્યોતનો અનુભવ.
આ અનુભવ એટલે આસુરી તત્ત્વોને પડકાર.
આ પડકાર એટલે દૈવી તત્ત્વોના અસ્તિત્વનો આદર.
બનાવો - સંજોગો તો નિમિત્ત અથવા creation છે.
નિયતિ અને નિમિત્ત એ આપણી આંતરિક
અવસ્થાનું વેદું છે. ઈશ્વરના કોઈ રળિયામણા આકારને
લેઈ તમારા હૃદયમાં આત્મસ્વરૂપે વિરાજિત
તમારા દિવ્ય ચૈતન્યને તમારી જાત સોંપી શકો છો?
આનો જવાબ જો 'હા' હોય તો સાધના, યોગ અને
મંત્રોની સિદ્ધિ છે, પરન્તુ ક્રિયાના સમય પૂરતાં તમે
સમસ્યાને ભૂલી શકતા હો અને તેને સિદ્ધિ માનતા હો,
તો તે આત્મવંચના અર્થાત્ self-deception છે.
સંસાર એ સંસાર નહિ પણ કુદરતની પ્રયોગશાળા છે.

જીવનના પ્રત્યેક યોગ - સંયોગ અને સંકલના એ
જાત સંસ્કરણ માટેની સ્વયંપ્રાપ્ય કુદરતી યોજના છે,
માનવતાને વિકસાવવા માટેની પ્રક્રિયા છે.
પ્રેરિત સંસાર તો ઈશ્વરીય યોજનાનું દિવ્ય સ્વરૂપ છે.
પ્રેમ - ઐક્ય અને આત્મીયતાના અમૃતને પ્રકટાવવાનું
દિવ્ય ભુવન છે, જીવનનું સાચું બળ છે.
માનવ માનવ વચ્ચેનો માનવતાભર્યો સંબંધ તે
હૈયાનાં અમૃતને નિપજાવે છે,
જે અમૃત દેહ - દિલ - મનને સંજીવની આપે છે.
માનવની માનવતા એ તો ગંગાનાં નીર જેવી છે.
જીવનથી નાસશો પણ જીવથી કેવી રીતે નાસી શકશો?

જે સંસારમાં સુખ નથી, તે તો માનવે સર્જેલો છે,
ઈશ્વરે સર્જેલો સંસાર તો જાતની શુદ્ધિ કરવા માટે છે.
જીવ - જીવ વચ્ચે જે બનાવો, સંયોગો અને યોગો
સર્જાય છે, તે સૌ જાતની માપણીની કસોટી અર્થે છે.
દુઃખની તીવ્ર લાગણીને
વૈરાગ્ય માનવા જેવી ભૂલ તો બીજી કોઈ ય નથી.
આસક્તિ અને ઈતરાજીથી
ગળાડૂબ રહીને વૈરાગ્ય અનુભવાશે?

વૈરાગ્ય માટે તો જોઈએ આત્મજ્યોતનો પ્રકાશ,
માનવતાનો પ્રભાવ અને દિલાવર દિલની સૌરભ,
એ અંદરથી પ્રગટાવવાની ચીજ છે.

ઈશ્વર ચેતના છે, પ્રાકૃતિક જગત એ ઘુમ્મસ છે.
આપીને મેળવવાની વૃત્તિ એ પ્રેમનું લક્ષણ છે.
એ પ્રેમ જ્યારે વિલસે છે, ત્યારે માંગ શમી જાય છે.
અર્પણતાના ઉમદા ફાલ રૂપે તે આવી મળે છે, જે
ઈચ્છાને ઠારી, દિલને બહેલાવી જીવન ધન્ય બનાવે છે.
આ માંગવાની વસ્તુ નથી,
અર્પણતાથી સાચે નીપજાવવાની વસ્તુ છે.

3 પ્રકારે પ્રતીતિ: શાસ્ત્રપ્રતીતિ, ગુરુપ્રતીતિ, આત્મપ્રતીતિ.

શાસ્ત્રપ્રતીતિની નિશાની ઉત્તમ વૈરાગ્ય. શાસ્ત્રકારોના આદેશો વિષે જેનું મન નિઃશંક છે, તેને વૈરાગ્ય હશે જ. ગુરુપ્રતીતિમાં ભક્તિનાં લક્ષણો પ્રકટે છે અને આત્માની પ્રતીતિ આત્મસાક્ષાત્કાર કરાવે છે. આત્મપ્રતીતિ હશે, ત્યાં વૈરાગ્ય + ભક્તિ તો હશે જ પણ વિશેષ કંઈ કંઈ હશે. બ્રહ્મવિદ્યામાં મનોજય દ્વારા પ્રાણને અને હઠયોગમાં પ્રાણજયથી મનને કાબુમાં લાવવાની વાત છે. પ્રાણની સત્તા ચિત્ત પર - ચિત્તની સત્તા પ્રાણ પર છે.

મૈત્રી - પ્રમોદનું પ્રત્યક્ષ યથાર્થ શ્રદ્ધા, સમ્યગ્દર્શન છે, કારુણ્ય ભાવનાનું પ્રત્યક્ષ ફળ - સદાચાર છે તથા માધ્યસ્થ્ય ભાવનાનું પ્રત્યક્ષ યથાર્થ જ્ઞાન છે.

'ફંદાઓ' એટલે...

ફંદાની પથારીમાં સૂઈને જે દશા થાય તે.

ગમો ગમે છે, અણગમો અકળામણ કરાવે છે, પરન્તુ બંને એક જ બાપના દીકરા છે.

એક જ પરિણતિ = આત્મરમણતા + પરમાનંદનો અનુભવ.

રાગ = અજ્ઞાન પ્રત્યે પ્રેમ, વીતરાગ = જ્ઞાન પ્રત્યે પ્રેમ.

દુનિયામાં સંપૂર્ણ કોણ છે?

અભિમાન સાથે સાથે દોષ પણ અવશ્ય હોય છે.

સમજવાનું એટલું જ છે કે કોઈ નઠારામાં નઠારી વસ્તુ પણ એવી નથી કે જેમાં કાંઈ ગુણ ન હોય અને કોઈ સારામાં સારી વસ્તુ પણ એવી નથી કે જેમાં કોઈ દોષ ન હોય પણ ઉદાર મનુષ્યે સર્વત્ર ગુણનું જ દર્શન કરવું તથા દોષ ઉપર દૃષ્ટિ જ કરવી નહિ. સામાન્ય મનુષ્યો સાથે પણ આ રીતે વર્તવું, એ તો ઉત્કૃષ્ટતાનું લક્ષણ છે, તો જે માન - વખાણયોગ્ય છે, તેને તે ન આપવા, એ તો ઘણું જ અયોગ્ય ગણાય.

પણ યાદ રાખવું કે આત્માને જે શોધવું હોય, તે આપવામાં આપણે આપણી જાતને જ માન આપીએ છીએ, કેમકે તેનામાં જે ગુણ છે, તેની પરીક્ષા કરવા જેટલો ગુણ આપણામાં પણ છે, એમ સિદ્ધ કરીએ છીએ, તે ગુણને લીધે આપણે પણ પ્રતિષ્ઠા પામીએ છીએ.

ધર્મનો પાયો છે નીતિ અને સદાચારનું સંપૂર્ણ પાલન અને એ પ્રગટ થાય સ્વાર્થત્યાગ તથા વિશ્વપ્રેમથી. ઊંડા અંતર-દિલની સાચી લાગણીથી કરેલી પ્રાર્થનામાં હજાર હાથીનું બળ રહેલું છે. પવિત્ર જીવન ગાળનાર વ્યક્તિની પ્રાર્થનામાં એક લાખ હાથીનું બળ મનાય છે. 'દિવ્ય યાચના'માં એવો એક દિવ્ય નિયમ લખ્યો છે કે: જો ૬૨ સંતો ભેગા થઈને પરમાત્માને પ્રગટ થવાની પ્રાર્થના કરે, તો એ જ ઘડી ભગવાનને પ્રગટ થવું પડે.

પ્રાર્થનામાં પ્રદર્શનનું તત્ત્વ જેટલું ઓછું,
તેટલું પ્રાર્થનાનું બળ વધારે.
'જેવા ભાવ તેવા ભવ' એટલે...
ભાવ જડ દૃષ્ટિના તો ભવ મળે તિર્યંચ યા નારકીના,
ભાવ જો આત્મદૃષ્ટિના તો ભવ મળે...
દેવ અથવા મનુષ્યના અને પરિણામે મળે મોક્ષસુખ.

અ. ૪, શ્લો. ૩૪માં કહ્યું છે કે:

તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા । અર્થાત્:

પ્રથમ પ્રણિપાત પરિપ્રશ્ન માટે હોય,
તો જ જે સંશયનું સમાધાન થવું હોય,
તેનું સેવન - અભ્યાસ - અમલ થઈ શકે.

સેવા કે અનુસેવન એટલે શું ?

પ્રણિપાત = દર્શન, પરિપ્રશ્ન = જ્ઞાન, સેવા = ચારિત્ર.
પ્રણિપાત ઔપચારિક વિનય અર્થે નહિ પણ
પોતાને સાલતી મુંઝવણથી છૂટવા માટે કરવાનો હોય.
અંતરંગ અક્કડતાને છોડી અહંપદ મૂકીને શરણે જવું,
મુશ્કેલીનું નિવેદન કરી સમાધાન મેળવવા
અનુશાસન સ્વીકારવાની કબૂલાત કરવી,
તે પરિપ્રશ્નની પૂર્વભૂમિકા માટે અનિવાર્ય છે.
'પ્રણિપાત' શબ્દ વડે સૂચિત આત્મીયતાનો સંબંધ હોય,
ત્યાં જ પરિપ્રશ્ન સંભવે. એની પછી 'સેવા' શબ્દનો
ધ્વનિતાર્થ સ્પષ્ટ થાય છે. દર્દી ઔષધિનું સેવન કરે,
શાગિર્દ કારીગર ઉસ્તાદની સૂચનાઓનું સેવન કરે, એ
રીતે તે ગુરુ નિર્દિષ્ટ સિદ્ધાંતોનું શિષ્ય સક્રિય સેવન કરે,
તેનું જ નામ સેવા અથવા અનુસેવન છે.

## ઊંચામાં ઊંચી સેવા કઈ?

પરિપ્રશ્ન દ્વારા જે સિદ્ધાંતો યોગ્ય રીતે સ્થાપિત થયાં,
તેને જીવનમાં ઉતારી તેની ઉપયોગિતા સિદ્ધ કરવી તે.
તાર્કિક રીતે સિદ્ધ થયેલાં સિદ્ધાંતો
જીવનમાં ઉતાર્યા બાદ જ સંપૂર્ણપણે સિદ્ધ થાય છે.
પરિપ્રશ્ન એ શિક્ષણનો પ્રાણ છે અને
તે પ્રણિપાત વગર સંભવતો નથી તથા
સેવા સિવાય પરિપ્રશ્નની
સાત્વિકતાની પરિપૂર્ણ કસોટી પણ થતી નથી.
સંશયનું સમાધાન મેળવવા આદર અને વિનયપૂર્વક
થતાં પ્રશ્નો વડે થયું સમાધાન જીવનસ્પર્શી બને છે.
પ્રથમ વિનય, પછી વિવેક અને
તેના અંતે વર્તન - એ સુશિક્ષણના પ્રાણ છે.
'નમઃ' પદ વડે વિનય, વિવેક અને વૈરાગ્યપૂર્વક
શમ, દમ, ઉપરતિ તથા તિતિક્ષા, શ્રદ્ધા અને
સમાધાનપૂર્વક શ્રવણ, મનન, નિદિધ્યાસન થાય છે,
તેના પરિણામે આત્માનો સાક્ષાત્કાર થાય છે.
Awareness = ભાન, perception = ધ્યાન.
ૐ = નિરાકાર - નિર્ગુણબ્રહ્મ, अर्हं = સાકાર, સગુણબ્રહ્મ.

માનવજીવનનાં ચાર ઉદ્દેશોને
ચાર પુરુષાર્થ તરીકે ઓળખાવાય છે, તેમાં ચાણક્ય
'નીતિશાસ્ત્ર' મુજબ અર્થ પુરુષાર્થની વ્યાખ્યા આપે છે કે:

'મનુષ્યાણાં વૃત્તિરર્થ: તસ્યા: પૃથિવ્યા:,
લાભપાલનોપાય - શાસ્ત્રમર્થશાસ્ત્રમ્ ।'

અર્થાત્: માનવજીવનને ટકાવવા માટે
ઉપયોગી સાધનને સ્પર્શતું શાસ્ત્ર તે અર્થશાસ્ત્ર છે.
એમાં આર્થિક, સામાજિક અને નાગરિકધર્મના
બધા વ્યવહારોનો સમાવેશ થાય છે.
ન્યાયથી પ્રાપ્ત થાય, તે અર્થ - બાકી બધો અનર્થ છે.

આન્વીક્ષિકી = પદાર્થજ્ઞાન અને
તર્કશાસ્ત્રત્રયી = ઋગ્વેદાદિ ચાર વેદ અને વેદાંગો,
વાર્તા = વાણિજ્ય, કૃષિવિદ્યાઓ તથા દંડપ્રધાન રાજનીતિ.
દંડ આપનાર અધિકારી સ્વયં વિનયી, નીતિમાન,
રાગ-દ્વેષાદિથી પર અને સદાચારી હોવો જોઇએ. પ્રજાની
સુરક્ષા - કલ્યાણનો વિચાર જ દંડપ્રેરક હોવો જોઇએ.

'વિનયમૂલો દણ્ડ:, પ્રાણિનાં યોગક્ષેમાવહ: ।'
'વિદ્યાવિનીતો રાજા હિ પ્રજાનાં વિનયે રત: ।'
'અનન્યાં પૃથિવીં ભુક્તે સર્વભૂતહિતે રત: ।'

(પરિશિષ્ટ-૮)

સુખનું મૂળ ધર્મ = વ્યક્તિ-સમાજને હિતાવહ સદાચાર.

ધર્મનું મૂળ ઇંદ્રિયનિગ્રહ છે, ઇંદ્રિયનિગ્રહનું મૂળ વિનય છે
વિનયનું મૂળ વૃદ્ધોનો સંગ છે, વિનય સૌનું ભૂષણ છે.

અધર્મબુદ્ધિ આત્મવિનાશ નોતરે છે.

અહંકાર જેવો બીજો કોઈ શત્રુ નથી. થોડાં પણ
ઉપકારનો બદલો વાળ્યા વિના સજ્જનને ચેન પડતું નથી.

મિતભોજન એ સ્વાસ્થ્યનું કારણ છે,
ભૂલ જ લાભ-હાનિનું કારણ છે.

સંયમ આત્મા વ્યક્તિસ્વાતંત્ર્યનો સ્વીકાર કરે છે.

જ્ઞાની પાસેથી જ કેમ જ્ઞાન મેળવવું જોઈએ?

સર્વ પદાર્થોના વિષયમાં પૂછવા યોગ્ય તે મહાભાગ્યવાન
જ્ઞાની ભગવંતોનું કલ્યાણ થાઓ કે જેઓએ પોતાના
નિર્મળ શ્રુતજ્ઞાન વડે સિદ્ધિગતિને પામેલા
સિદ્ધ ભગવંતોનું પણ સ્પષ્ટ દર્શન કરાવ્યું છે.

શાસ્ત્ર કરતાં પણ આચાર શ્રેષ્ઠ. - ચાણક્ય નીતિશાસ્ત્ર

ભદ્દં સુબહુસ્સુઆણં સવ્વ પયત્થેસુ પુચ્છણિજ્જાણં,
નાણેણ જેઽવયારે સિદ્ધંપિ ગએસુ સિદ્ધેસુ।

છાયા - ભદ્રં સુબહુશ્રુતેભ્યઃ સર્વ પદાર્થેષુ પ્રચ્છનીયેભ્યઃ,
જ્ઞાનેન યેઽવતારયન્તિ સિદ્ધિમપિ ગતાન્ સિદ્ધાન્।

(પરિશિષ્ટ-૯)

## शब्दब्रह्मोल्लास प्रकरणमंगलाचरणं ।

ॐ नमः सकलाध्यात्मतत्त्ववाच्ये परात्मने ।
शब्दब्रह्म - विवर्तैकबीजाद्याक्षर - मूर्तये ॥१॥
अजिह्म - परमब्रह्म स्वेरुदयदीपकः ।
प्रमोदय प्रभः शब्दब्रह्मोल्लासः प्रकाशतां ॥२॥

## બ્રાહ્મીલિપિ કઈ રીતે જન્મી ?

बृहते वर्धते मा -
ज्ञानं अनेनेति ब्रह्मः वर्णात्मकः समुदायः ।
स च द्विपञ्चाशदक्षराणां न्यासो लिपिरूपस्तेन
ब्रह्मन्यासेन जाता ब्राह्मी अक्षरात्मका लिपिः ।
વાગ્, બ્રાહ્મી, ભારતી, ગૌઃ, ગીઃ, વાણી, ભાષા,
સરસ્વતી અને શ્રુતદેવી ઇત્યાદિ સમાર્થક છે.

## સજ્જનોના લક્ષણ

तृष्णां छिन्धि भज क्षमां जहि मदं पापे रतिं मा कृथाः ।
सत्यं ब्रूह्यनुयाहि साधुपदवीं सेवस्व विद्वज्जनान् ।
मान्यान् मानय विद्विषोऽप्यनुनय,
प्रच्छादय स्वान् गुणान् ।
कीर्तिं पालय दुःखिते कुरु दयां;
मेतत् सतां लक्षणम् ॥१॥ (પરિશિષ્ટ-૧૦)

ભાવશ્રુત = ઉપયોગવાન, પ્રવચનશ્રુત = ક્ષયોપશમરૂપ.

લબ્ધ્યક્ષરરૂપ પશ્યંતી માતૃકા

એ સર્વ સિદ્ધાંતોની મૂળ જન્મભૂમિ છે, કારણકે
સર્વ સંજ્ઞાક્ષર અને વ્યંજનાક્ષર અહીંથી જ જન્મે છે.
બધા શાસ્ત્રો, શાસ્ત્રકારો, વિદ્વાનો અને
સામાન્ય લોકો તેને સત્ય માને છે.
જેમાંથી બધા શાસ્ત્રો, બધી વિદ્યાઓ, બધા મંત્રો
ઉત્પન્ન થાય અને જન્મ પામે, તે સત્ય જ હોય.

'સમાધિ' એટલે...

આત્મા - પરમાત્માની એકતાના અનુભવ થવાથી
જ્ઞાન - જ્ઞેય - જ્ઞાતાની ત્રિપુટી રહિત,
પરમાનંદમય, શુદ્ધ ચૈતન્યમય અવસ્થા.
ૐકારના ઉચ્ચારણને અંતે શબ્દતત્ત્વનો અનુભવ થવાથી
જ્ઞાન દ્વારા સુષુપ્તિનું સ્વરૂપ સમજાય છે,
ત્યારે બ્રહ્મમય થઈ બ્રહ્મની ગતિ રોકાય છે.
જ્યારે જ્ઞાન એ સુંદરસ્વરૂપ મંગળમય બની
દિવ્ય ઓંકાર સ્વરૂપે જ ઉત્પન્ન થાય છે અને
વિકલ્પના અંશનો પણ સ્પર્શ રહેતો નથી,
ત્યારે બ્રહ્મગતિ રોકાય છે, મન વાસનારહિત થાય છે.

ॐ અને અર્હં Lunava, 17-7-76

(૧) ॐ અક્ષરમાં ઊંડાણ છે - પાતાળ છે,
અર્હં અક્ષરમાં ઉડ્ડયન છે - આકાશ છે.

(૨) ॐ અક્ષરમાં ગાંભીર્ય છે, અર્હંમાં વિશાળતા છે.

(3) ॐ ત્રિકાળવ્યાપી છે, અર્હં ત્રિલોકવ્યાપી છે.

(૪) ॐ આત્મા છે - નાદ છે, અર્હં પરમાત્મા છે - જ્યોતિ છે.

(૫) ॐ શબ્દબ્રહ્મ છે, અર્હં પરબ્રહ્મ છે.

(૬) ॐ વૃત્તિઓનો સંક્ષેપ છે, અર્હં વૃત્તિઓનો વિસ્તાર છે.

(૭) ॐ આત્મદ્રવ્યનો સંકોચ છે, અર્હં આત્મભાવનો સંકોચ છે.

અનંત આત્મદ્રવ્યોનો એક આત્મદ્રવ્યમાં સંક્ષેપ કરવાનું કાર્ય ॐ મંત્ર વડે થાય છે અને અનંત આત્મભાવોનો સંક્ષેપ કરવાનું કાર્ય અર્હં મંત્ર દ્વારા થાય છે.

(૮) ॐ અર્હં શબ્દબ્રહ્મ છે.

શબ્દબ્રહ્મમાં નિષ્ણાત પરબ્રહ્મને પામે છે.
અહીં નિષ્ણાતતા = શબ્દના આલંબને નિઃશબ્દમાં જવું, આહત ધ્વનિ વડે અનાહત ધ્વનિમાં સ્થિર થવું, અક્ષરોચ્ચાર વડે અનુચ્ચાર્યમાં જઈ અક્ષરરૂપ થવું, શબ્દ વડે શબ્દનું ઉલ્લંઘન કરી નિઃશબ્દ થઈ સ્વસ્વરૂપને પામવું, શબ્દક્રિયા વડે નિષ્ક્રિય અવસ્થામાં સ્થિર થવું.

## અર્હં મંત્ર શેનો શેનો ઉત્પાદક છે ?

(બુદ્ધ) અર્હંમાં દ્વાદશાંગના સારરૂપે બુદ્ધ્યોત્પાદકતા છે,
(ધર્મ) અર્હંમાં દ્વાદશાંગના સંક્ષેપરૂપે ધર્મોત્પાદકતા છે,
(તીર્થ) અર્હંમાં દ્વાદશાંગના મૂળરૂપે તીર્થોત્પાદકતા છે તથા
(મોક્ષ) અર્હંમાં દ્વાદશાંગના ફળરૂપે મોક્ષોત્પાદકતા છે.

## અશાંતિનું ખરું કારણ શું ?

સાચી શાશ્વત શાંતિ સંયમ દ્વારા મળે છે. આનંદ મનુષ્યના મૂળ સ્વભાવમાં છે, એટલી વાત છે કે જ્યાં આનંદ મળી શકે છે, તે સ્થાન સિવાય બધે જ માનવ તેને શોધવા જાય છે. બીજાની ખામીઓ અને ત્રુટિઓ જોવાથી મારું શું ભલું થવાનું છે ? માટે સાધનાનું પ્રથમ સોપાન તો એ જ છે કે પોતાના દોષ તથા નબળાઈઓને શોધી કાઢી તેને સુધારવા લાગી જવું. સાચું શિક્ષણ એ જ છે કે જે આપણને આપણા પોતાના વિષે વધુ ભાન આપે. જીવનમાં આધ્યાત્મિક ભૂખ જ પ્રત્યેક કાર્યને હેતુપૂર્ણ બનાવે છે.

એ આપણી મોટી ખામી છે કે :
આત્માધ્યયનનો આપણી પાસે આત્મવિચાર નથી.
અશાંતિનું ખરું કારણ પણ એ જ છે.

## ક્યાં સંયમ કરવાથી શેનું જ્ઞાન થાય છે?

(૧) ડીડીમાં સંયમ કરવાથી સઘળા વિષયોનું જ્ઞાન થાય છે.
(૨) નાકના ટેરવે સંયમ કરવાથી ઇંદ્રલોકનું જ્ઞાન થાય છે.
(૩) તેના નીચે સંયમ કરવાથી અગ્નિલોકનું જ્ઞાન થાય છે.
(૪) ચક્ષુમાં સંયમ કરવાથી સર્વ લોકનું જ્ઞાન થાય છે.
(૫) કાનમાં સંયમ કરવાથી યમલોકનું જ્ઞાન થાય છે.
(૬) પીઠના ભાગમાં સંયમથી વરૂણલોકનું જ્ઞાન થાય છે.
(૭) ડાબા કાનમાં સંયમથી વાયુલોકનું જ્ઞાન થાય છે.
(૮) કંઠમાં સંયમ કરવાથી ચંદ્રલોકનું જ્ઞાન થાય છે.
(૯) ડાબી આંખમાં સંયમથી શિવલોકનું જ્ઞાન થાય છે.
(૧૦) મસ્તકમાં સંયમ કરવાથી બ્રહ્મલોકનું જ્ઞાન થાય છે.
(૧૧) પગની નીચે સંયમથી અતલલોકનું જ્ઞાન થાય છે.
(૧૨) પગમાં વિતલલોકનું (૧૩) સાંધામાં નિતલલોકનું
(૧૪) પિંડીમાં સુતલલોકનું (૧૫) ઢીંચણમાં મહાતલલોકનું
(૧૬) સાથળમાં રસાતલલોકનું (૧૭) કેડમાં તલાતલપાતાલ-લોકનું (૧૮) નાભિમાં ભૂલોકનું (૧૯) પેટમાં ભુવઃલોકનું
(૨૦) હૃદયમાં સ્વઃલોકનું (૨૧) તેના ઉપર મહઃલોકનું
(૨૨) કંઠમાં જનલોકલોકનું (૨૩) ભ્રૂમધ્યે તપોલોકનું તથા
(૨૪) મસ્તકમાં સંયમથી સત્યલોકનું જ્ઞાન થાય છે.

## બે પ્રકારનું ધ્યાન

સગુણ = મૂર્તિનું અને નિર્ગુણ = આત્મસ્વરૂપનું ધ્યાન.

અર્હં મંત્ર વર્ણાત્મક છે, માટે શબ્દરૂપ છે.

વર્ણ વાચકતારૂપે વાચ્યની સાથે સંબંધ ધરાવે છે,

માટે અર્થરૂપ છે અને જ્ઞાનરૂપ છે.

અર્હં મંત્ર વર્ણરૂપે જ્ઞાનજનની, અર્થરૂપે પુણ્યજનની,

જ્ઞાનરૂપે ધ્યાનની જનની અને મોક્ષજનની પણ છે.

(૧) ૐ અર્હં - અહિંસા[1], અભય[1], ઉપયોગ,

ઉપગ્રહ, નિર્મળતા[1], સામ્ય[1], સમ્યગ્દર્શન[1].

(૨) ૐ અર્હં - સંયમ[2], સંતોષ[2], સ્થિરતા[2],

ગુણપર્યાયની એકતા, સામ્ય[2], સમ્યગ્જ્ઞાન[2].

(3) ૐ અર્હં - તપ[3], અભેદ[3], તન્મયતા[3], સામ્ય[3], સમ્યક્ચારિત્ર[3].

ૐ અર્હં = ભેદાભેદ વિજ્ઞાન.

ૐ અર્હં = એકાનેક વિજ્ઞાન.

ૐ અર્હં = પંચકૃત્યકારી શિવ ધર્મ.

ઇતરો પંચકૃત્ય કરવા સમર્થ એવા

સ્વતંત્ર ઈશ્વરતત્ત્વમાં માને છે અને

તેના ભાવમય શરણાગમનને 'પ્રપત્તિ' કહે છે.

પંચકૃત્ય = સર્જન, પાલન, સંહાર, નિગ્રહ તથા અનુગ્રહ.

બે પ્રકારનું કર્તૃત્વ : સંકલ્પમાત્રથી અને કરણથી.
કરણની અપેક્ષાએ અસ્તિત્વ કુલાલાદિનું છે.
ઉપસર્ગ વગેરેને ટાળવા નિગ્રહકૃત્યની આવશ્યકતા છે,
બોધિબીજ દેવાને માટે અનુગ્રહકૃત્યની આવશ્યકતા છે.
સંકલ્પના બે પ્રકાર : મનોવ્યાપારરૂપ અને સંનિધાનરૂપ.
મનોવ્યાપાર દ્વારા અસ્તિત્વ જીવનું છે, જ્યારે
સંનિધિમાત્ર વડે અસ્તિત્વ શિવનું છે. શિવનું અસ્તિત્વ
બાહ્ય કરણાદિની અપેક્ષાવાળું ન હોવાથી નિરુપાધિક છે.
અવિકારીઅસ્તિત્વનું જ બીજું નામ સંનિધિરૂપ અસ્તિત્વ છે.

## કલ્પવૃક્ષનું શરણ લેનાર પામે સુખ

શિવ સન્મુખ રહીને જે કોઈ ઉપાસના કરે, તે સુખને
મેળવે અને જે વિમુખ રહે, તે દુઃખને પ્રાપ્ત કરે છે.
સૂર્યના સન્નિધાન માત્રથી જેમ કમળ વિકસે છે,
ઉત્પલ બીડાઈ જાય છે, નવનીત દ્રવિત થાય છે અને
પંક શોષાય છે અથવા વૃક્ષનો આશ્રય લેનારને તેની
છાયા સ્વતઃ પ્રાપ્ત થાય છે, તેમ શિવનું ભાવથી
શરણ લેનારને આપોઆપ આશ્રય પ્રાપ્ત થાય જ છે.
શરણ લેવાના પ્રકાર : નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ છે.
મુખ્યત્વે નામ અને રૂપ છે.

અષાડ વદિ ૪, સં. ૨૦૭૬, Suriyad

(૫૨) અક્ષર એ દ્વાદશાંગનો સંગ્રહ છે,
વર્ણમાતૃકા એ સંગ્રહરૂપ છે - અર્હં એ વર્ણબ્રહ્મ છે.

(૫૮) અક્ષર એ દ્વાદશાંગનો સાર છે,
નમસ્કારમાતૃકા સારરૂપ છે - અર્હં એ શુદ્ધબ્રહ્મ છે.

(૮૬) અક્ષર એ દ્વાદશાંગનો સંક્ષેપ છે અને
સામાયિક સૂત્ર સંક્ષેપરૂપ છે - અર્હં એ ધર્મબ્રહ્મ છે.

(૨૫૬) અક્ષર એ દ્વાદશાંગનું મૂળ છે.
ચતુર્વિંશતિસ્તવ મૂળરૂપ છે - અર્હં એ ધ્યાનબ્રહ્મ છે.

વૈખરી રૂપે વર્ણબ્રહ્મ, મધ્યમા રૂપે શુદ્ધબ્રહ્મ,
પશ્યંતી રૂપે ધર્મબ્રહ્મ તથા પરા રૂપે ધ્યાનબ્રહ્મ છે.

Imp ૐ અર્હં = હું આત્મા.

અર્હં = વર્ણમાતૃકા. અર્હં = શુદ્ધમાતૃકા.
અર્હં = પ્રવચનમાતૃકા. અર્હં = ત્રિપદીમાતૃકા.

अर्हं - आत्मानम्, ॐ - अग्निरुद्धं, ह्रीं - मायामृतप्लुतं ।
सुधां कुम्भस्थं शांतिकर्माणि ध्यायेत् ॥

'શક્રસ્તવ'માં પણ આવે છે કે :

अर्हमित्यक्षरं ब्रह्मवाचकं परमेष्ठिनः ।
सिद्धचक्रस्य सद्बीजं सर्वत्र प्रणिदध्महे ॥१॥

અર્હંનું ધ્યાન અનુક્રમે વર્ણમાળા, મૈત્ર્યાદિભાવો,
ક્ષાન્ત્યાદિ ધર્મો અને કૈવલ્યાદિ અવસ્થાઓનું ધ્યાન છે.
અર્હં એ એક સાથે જ મૈત્રી, અહિંસા,
આત્મા અને પરમાત્માનું ધ્યાન કરાવે છે,
તેથી તે અક્ષર છે, પરબ્રહ્મ છે અને મંત્રરાજ છે.

યોગોપયોગૌ જીવેષુ ।

યોગ = વીર્યવ્યાપાર - creative power.
ઉપયોગ = જ્ઞાનવ્યાપાર - protective power.
ૐ = નાદશક્તિ - God the creator.
અર્હં = જ્યોતિ - God the protector.
One is the creator God &
the other is the protector God.

'ૐ અર્હં નમઃ'માં...

ૐ = ઉપાદાન - creator God.
અર્હં = નિમિત્ત - Protector God.
એક યોગવ્યાપાર છે, બીજો ઉપયોગવ્યાપાર છે.
એકમાં ઉપયોગ ગૌણ છે, બીજામાં ઉપગ્રહ ગૌણ છે.
એક વૈરાગ્યપોષક છે, બીજો મૈત્રીપોષક છે.
એકમાં શુદ્ધિ છે, બીજામાં પુષ્ટિ છે.

Om = God the creator.
Arham = God the protector.
I am the creator, you're the protector.
ઓમ છે ઉત્પાદનકર્તા, અર્હમ છે નિમિત્તકર્તા.
ઓમ છે કર્મરૂપ, અર્હમ છે ધર્મરૂપ.
કર્મનું મૂળ ન્યાય છે, ધર્મનું મૂળ દયા છે.
દયાળુઈશ્વર એ પંચ પરમેષ્ઠિ ભગવંતો છે,
ન્યાયીઈશ્વર એ કર્મનો નિયમ છે.
તે ચૈતન્યના અધ્યવસાયને આધીન છે,
તેથી ઉત્પાદન ચૈતન્ય જ સર્જનહાર છે અને
નિમિત્ત રૂપે વિશુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમાત્મા તે
રક્ષણહાર છે - પાલનહાર છે અને દયાગુણના ભંડાર છે.
ન્યાયીઈશ્વરને યાદ કરવાનો મંત્ર ૐકાર છે,
દયાળુઈશ્વરને યાદ કરવાનો મંત્ર અર્હંકાર છે.
ૐકાર મંત્ર દ્વારા
આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનનું નિવારણ થાય છે,
કેમકે વિશ્વમાં જે શુભાશુભ બનાવો બને છે,
તેની પાછળ ન્યાયપૂર્ણ કર્મનો નિયમ કાર્ય કરે છે,
તેનું ભાન ૐકાર કરાવે છે.

અર્હંકાર મંત્ર વડે ધર્મશુક્લધ્યાનનો પ્રાદુર્ભાવ થાય છે,
કારણ કે અર્હંપદની પ્રાપ્તિ વિશ્વહિતાધ્યવસાયથી થાય.
વિશ્વહિતવત્સલ પ્રધાન પરમેષ્ઠિનું સ્મરણ કરાવનાર
અર્હં મંત્ર વિશ્વહિતનો ભાવ પેદા કરી,
ષડ્જીવનિકાયના રક્ષણની નિર્મળ મતિ પેદા કરીને
આત્માને પંચમગતિની પ્રાપ્તિ કરાવનાર થાય છે.
અર્હં મંત્ર સ્વર્ગાપવર્ગનો દાતાર બને છે,
તેથી તે રક્ષણહાર મંત્ર તરીકે ગણાય છે.

ૐ સ્વીકરણે રક્ષણે ચ ।

મન ચંદ્રરૂપ છે, પ્રાણ સૂર્યરૂપ છે, દૃષ્ટિ અગ્નિરૂપ છે.
બિંદુ ચક્ષુરૂપ, નાદ જલરૂપ અને કલા શંકરરૂપ છે.
કર્મનો નિયમ ન્યાયપૂર્ણ છે, તેનો સ્વીકાર કરવાથી
આત્માનું આર્ત તથા રૌદ્ર ધ્યાનથી રક્ષણ થાય છે.

અર્હં પૂજાયાં સત્કરણે ચ ।

ધર્મનો નિયમ દયાપૂર્ણ છે, તેને પૂજવા - સત્કારવાથી
ધર્મ અને શુક્લધ્યાનની ઉત્પત્તિ થાય છે.
આર્તધ્યાન પુદ્ગલના રાગરૂપ અને રૌદ્રધ્યાન જીવોના
દ્વેષરૂપ છે, ધર્મધ્યાન ચૈતન્યના બહુમાનરૂપ છે અને
શુક્લધ્યાન વિશુદ્ધ ચૈતન્યની સાથે એકતારૂપ છે.

ૐકાર વડે પુદ્ગલનો રાગ ટળી ચૈતન્યગુણમાં અને
અર્હંકાર વડે વિશુદ્ધ ચૈતન્યની સાથે તન્મયતા થાય છે.

ૐ એ અહિંસાનો મંત્ર છે અને
અર્હં એ સંયમ અને તપનો મંત્ર છે.

ૐ વડે જીવોને અભયદાન મળે છે તથા
અર્હં વડે જીવોને પરમપદની પ્રાપ્તિ થાય છે.

ૐ નાદરૂપ છે અને અર્હં જ્યોતિસ્વરૂપ છે.
નાદ એ સર્જનહાર ઈશ્વર છે અને
જ્યોતિ એ પાલનહાર પરમેશ્વર છે.

નાદ એ પરમૈશ્વર્યવાન આત્માનું સ્વરૂપ છે અને
જ્યોતિ એ ત્રણે લોકને ધારણ કરનાર
પુરુષોત્તમ પરમાત્માનું અનંત સ્વરૂપ છે.

વર્ણમાતૃકા એ જ્ઞાનની માતા છે.
મૈત્રી - પ્રમોદ - કારુણ્ય - માધ્યસ્થ્ય ધર્મની માતા છે.
સમિતિ - ગુપ્તિ - મહાવ્રતો અને દશવિધ યતિધર્મ
આદિ તેનાં ફળ છે, તેથી તે પ્રવચનની માતા છે,
'પ્રવચન' એટલે શ્રુત - ચારિત્રધર્મ અને
તેને ધારણ કરનાર ચતુર્વિધ સંઘ તથા પ્રધાન ગણધર.
ત્રિપદી એ દ્વાદશાંગીની માતા છે.

કહેવાનું તાત્પર્ય નમસ્કાર મહામંત્ર છે - જે ગુણની,
ધર્મની - દ્વાદશાંગીની - સંઘની - પ્રવચનની માતા છે.
ઇષ્ટ નમસ્કૃતિરૂપી ગુણની માતાનું મૂળ વર્ણમાતૃકા,
ફળ ત્રિપદીમાતૃકા અને સ્વરૂપ મૈત્ર્યાદિભાવો છે તથા
તેમાંથી ઉત્પન્ન થતો શ્રુતધર્મ - ચારિત્રધર્મ અને
એ ધર્મના સાધકો છે. નમસ્કાર જ્યારે પણ કરાય,
ત્યારે તે પ્રણિધાનપૂર્વક થવો જોઈએ.

'પ્રણિધાન' એટલે એકાગ્રતા, કર્તવ્યતાનો નિશ્ચય
અને અત્યંત ઉદાત્ત બુદ્ધિ તથા એ ઉદાત્ત બુદ્ધિ
થવાની પાછળ રહેલ નિર્મળચિત્તતા - કેવળપ્રકાશતા છે,
ફળ પરંપરાએ મુક્તિ અને સ્વરૂપ અત્યંત નિરવદ્ય છે.
નિરવદ્યતાનું કારણ મૈત્ર્યાદિ ભાવસંયુક્તતા છે.

પ્રથમ વર્ણમાળામાં નિષ્ણાતપણું,
પછી તેમાંથી ઉત્પન્ન ૬૮ અક્ષરોમાં નિષ્ણાતપણું અને
છેલ્લે ૨૪ અક્ષરોમાં નિષ્ણાતપણું.

(૫૨) અક્ષરો એ જ્ઞાનગુણનું પ્રતીક છે.
(૬૮) અક્ષરો એ દર્શનગુણનું પ્રતીક છે,
(૮૬) અક્ષરો એ ચારિત્રગુણનું પ્રતીક છે અને
(૨૪) અક્ષરો એ તપગુણનું પ્રતીક છે.

જ્ઞાનગુરુ ભાવને સુધારે છે, ભાવ વર્તનને સુધારે છે,
વર્તન ધ્યાનને સુધારે છે અને ધ્યાન મોક્ષને અપાવે છે.
ધ્યાનનું મૂળ વર્તન છે, વર્તનનું મૂળ શુભભાવ છે,
શુભભાવનું મૂળ સમ્યગ્જ્ઞાન છે અને
સમ્યગ્જ્ઞાનનું મૂળ દ્રવ્ય - ભાવશ્રુત છે, તેથી
મોક્ષમાર્ગમાં શ્રુત એ પ્રથમ નંબરે પૂજ્ય છે.
શ્રુતજ્ઞાન જ કેવળજ્ઞાનમાં પરિણમે છે. શ્રુત, શ્રુત-
જ્ઞાની અને શ્રુતનાં સાધનોનું બહુમાન કરવું જોઈએ,
સર્વ પ્રકારે તે ત્રણેની આશાતનાને વર્જવી જોઈએ.
શ્રુત જ ઉપકારક છે, માટે તેની માતાની જેમ
આદરપૂર્વક આરાધના જોઈએ. શ્રુતનો પર્યાય સરસ્વતી.
સરસ્વતી એટલે પ્રભુમુખથી પ્રસરતી વાણી.
તે વાણીનું બહુમાન એ ધર્મનું મૂળ છે.
શ્રુતનો વિનય શ્રુતજ્ઞાનાવરણીય કર્મને ખપાવે છે, તેથી
મતિ નિર્મળ થાય છે અને નિર્મળ મતિ એ અવધિ,
મનઃપર્યવ જ્ઞાન વગેરે વિશિષ્ટ જ્ઞાનોની ઉપલબ્ધિમાં
હેતુ બને છે, તેનું ફળ કેવળજ્ઞાન અને મોક્ષ છે.
વાણી અને સરસ્વતીના પ્રભાવે જ
ભગવાન લોકોદ્યોતકર બને છે.

પ્રજ્ઞાછીણી વડે ભેદજ્ઞાનમાં ભાવોદ્યોત પ્રકટે છે,
તેથી મોહાંધકાર અને મિથ્યાત્વભાવ નાશ પામે છે.
મિથ્યાત્વભાવનો નાશ થવાથી રાગ-દ્વેષનો અંત આવે છે
તથા સમભાવનો પ્રાદુર્ભાવ થાય છે.

સમભાવ - સમતાભાવ કે રાગ-દ્વેષરહિત શુદ્ધ ભાવ,
તે ઘાતીકર્મોનો ઘાત કરી અનંત ચતુષ્ટય પ્રાપ્ત કરાવે છે.

(૧) અર્હમાત્માનમ્, અર્હં પરમાત્માનં,
અર્હં બ્રહ્માવિષ્ણુમહેશાત્મકમ્ ।

(૨) અર્હમાદરિય મેરુનું ધ્યાન.

(3) ધ્યાતા અર્હં - ધ્યેય અર્હં - ધ્યાન અર્હં.

(૪) શબ્દ અર્હં - અર્થ અર્હં - પ્રત્યય અર્હં.

(૫) ત્રિપદી - મહાસત્તા - કેવળજ્ઞાન.

શેની માટે શેનું ધ્યાન કરવું ?

(૧) નિર્ભયતા માટે ચૈતન્ય પરમસામાન્યનું ધ્યાન.
(૨) સ્થિરતા માટે પર્યાયાનુસ્યૂત દ્રવ્યસામાન્યનું ધ્યાન.
(3) સમ્યગ્ સમાધિ માટે મહાસત્તા સામાન્યનું ધ્યાન.

'ૐ અર્હં' = ઉત્તમોત્તમ મંત્ર

'ૐ અર્હં' મંત્રની અર્થભાવના દર્શાવે છે:
કર્મની ગૌણતા અને આત્માની મુખ્યતા.

## ૐ અર્હં નમઃ । મંત્ર શું આપે ?

ૐ = સ્વપ્રકાશક પ્રધાનતા - વૈરાગ્ય - શુદ્ધિ.

અર્હં = પરપ્રકાશક પ્રધાનતા - મૈત્રી - પુષ્ટિ.

નમઃ = સરળતા - ઐક્યતા - નમ્રતા - તુષ્ટિ.

પરમશાન્તિનો અનુભવ તે મહાપુરુષોને થાય કે જેઓએ સંસારના મિથ્યા પદાર્થોથી મનને ખેંચી લઈ આત્મચિંતનમાં મનને લગાવી પોતાના સ્વરૂપની જાણકારી મેળવી છે.

## નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ મહામૂલી

અન્યને આનંદિત જોઈને પોતે પણ આનંદિત થનાર એવો સંપત્તિમાન માનવ જગતમાં અન્ય કોઈ નથી,
એ દૃષ્ટિએથી નમસ્કાર મહામંત્રની ભાવથી પ્રાપ્તિ થવી,
એ જ મહાસંપત્તિ છે - સર્વોત્કૃષ્ટ ભાવસંપત્તિ છે,
રાગ - પ્રીતિનું ભેષજ સ્વદોષનું દર્શન છે,
દ્વેષ - અપ્રીતિનું ભેષજ અન્યમાં ગુણદર્શન છે,
મોહ - મતિમોહનું તત્ત્વ અપ્રતીતિનું ભેષજ અરિહંતાદિ ચારનું શરણાગમન છે, શરણાગમનથી સ્વમતિમોહનું વિસર્જન થાય છે તથા સ્વમતિના સ્થાને શાસ્ત્રમતિ,
સ્વબુદ્ધિના સ્થાને તત્ત્વબુદ્ધિ - તત્ત્વપ્રતીતિ અને
સ્વઇચ્છાના સ્થાને આજ્ઞાપારતંત્ર્ય સ્થપાય છે.

'નમો અરિહંતાણં ।' એ એક જ પદમાં
૪ મંગળ, ૪ લોકોત્તમ અને ૪ શરણ રહેલાં છે.
મંગળ એ આદર્શરૂપ છે, લોકોત્તમતા એ ઉપદેશસ્વરૂપ
અને શરણાગતિ એ આલંબનસ્વરૂપ છે.

મંગળમયતા દોષરહિત અવસ્થા સૂચવે છે, લોકોત્તમતા એમની ત્રિભુવનપૂજ્યતાને સૂચવે છે અને શરણાગતવત્સલતા એમની જન્મ - જરા - મરણાદિ ઉપદ્રવોરહિત અવસ્થા સૂચવે છે. દોષ અવસ્થા એ દુષ્કૃતગર્હાના પ્રકર્ષરૂપ છે, ત્રિભુવનપૂજ્યતા એ સુકૃતની અનુમોદનાપ્રકર્ષનું પરિણામ છે તથા શરણાગતવત્સલતા એ એમની ચતુઃશરણગમન રૂપ આરાધનાનાં પ્રકર્ષને જણાવે છે. ભવ્યત્વપરિપાકના ત્રણે ઉપાયોનો સંગ્રહ પ્રથમ પદના ચિન્તન - મનન અને સ્મરણમાં છે, તેથી અરિહંતનો નમસ્કાર જીવને હજારો પાપથી છોડાવે છે, બોધિલાભ માટે થાય છે, સર્વ પાપકર્મોનો ક્ષય કરાવી સર્વોત્કૃષ્ટ મંગળસ્વરૂપ મોક્ષસુખને આપનારો થાય છે. અરિહંત પરમાત્માઓ ગુણપ્રકર્ષવાન હોવાથી મંગળ સ્વરૂપ છે, તીર્થંકર નામકર્મના વિપાકોદયરૂપ અચિન્ત્ય શક્તિ સમેત હોવાથી લોકોત્તમસ્વરૂપ છે અને સર્વદા પરાર્થરસિકતાને વરેલાં હોવાથી પરમ શરણરૂપ છે.

# પાંચ સૂત્રો દ્વારા પાંચ કલ્યાણકો

(૧) ઉપયોગો લક્ષણમ્ । સૂત્રથી આત્માના અજ્ઞાનમાંથી ચ્યવન અને આત્મજ્ઞાનનો જન્મ થાય છે. તે બન્ને આત્માના આધ્યાત્મિક ચ્યવન - જન્મ કલ્યાણકો છે.

(૨) ઉપગ્રહો લક્ષણમ્ । સૂત્રથી પંચદીક્ષા મળે છે, તેમાંથી મૈત્ર્યાદિભાવો, ક્ષાન્ત્યાદિ ધર્મો, સમિતિ - ગુપ્ત્યાદિ પ્રવૃત્તિ, અહિંસાદિ મહાવ્રતો રૂપી દીક્ષા કલ્યાણક ઉજવાય છે.

(૩) ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્ ।

દ્રવ્યથી પરમાત્મા એવ જીવાત્મા । આ સૂત્રથી શુદ્ધ અને પર્યાયથી આત્મદ્રવ્યના અભેદનું જ્ઞાન થઈ, આત્મદ્રવ્યનું પરમાત્મસદૃશ જ્ઞાન ક્ષપકશ્રેણી આરોહણ કરાવી કેવળજ્ઞાન કલ્યાણકનું કારણ બને છે.

(૪) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ । તદ્ભાવાવ્યયં નિત્યં ।

એ બે સૂત્રો યોગનિરોધ અને શૈલેશીકરણ પર્યન્તની અવસ્થાના લક્ષણસૂચક છે, તે વડે મોક્ષ કલ્યાણકનો લાભ થાય છે.

વર્ણમાળાનો નમસ્કાર સામાન્ય જ્ઞાન (મતિજ્ઞાન)માંથી વિશિષ્ટ જ્ઞાન (શ્રુતજ્ઞાન) અને તે દ્વારા પરંપરાએ આત્મજ્ઞાનમાં લઈ જાય છે.

પરમેષ્ઠિ નમસ્કાર પુણ્યોત્પાદક બની સમ્યગ્દર્શનને, સમિતિ - ગુપ્તિ સમ્યક્ ચારિત્રને તથા ધર્મ - શુક્લ ધ્યાન એ કેવળજ્ઞાન અને મોક્ષને આપનાર થાય છે.

'શિવ' નામ કલ્યાણકારક બ્રહ્મનું અને

'વિષ્ણુ' નામ સર્વવ્યાપક બ્રહ્મનું છે.

'બ્રહ્મ' એ આત્મસ્વરૂપનું નામ છે.

મંત્રપાઠથી બ્રહ્મની રક્ષા થાય છે, બ્રહ્મરક્ષાથી મનની અને મનની રક્ષાથી કાળની રક્ષા થાય છે અર્થાત્ કાળ ઉપર વિજય મળે છે, સનાતન પદની પ્રાપ્તિ થાય છે. મંત્રથી મન - બ્રહ્મ અને તે દ્વારા આત્મરક્ષણ થાય. જાણવું શ્રવણ મનન કરવું, નિદિધ્યાસન કરવું તથા

જ્યોતિસ્વરૂપ આત્મસાક્ષાત્કાર કરવો.

તે માટે ઈંદ્રિયોનું દમન કરવું જોઈએ, ચિત્તને દયાથી ભરપૂર અને સ્વભાવને દાનશીલ બનાવવો જોઈએ. દમનશીલ, દાનશીલ, દયાળુ આત્માને જ ઉપાસનાનો અધિકાર છે. તે ત્રણે ગુણ યમ-નિયમમાં સંગ્રહિત થઈ જાય છે. ગાયત્રી સદ્બુદ્ધિનો મંત્ર છે. પ્રાર્થના કરવા યોગ્ય કોઈ વસ્તુ હોય, તો સદ્બુદ્ધિ છે, તેથી સન્માર્ગ તથા સત્કર્મ મળે છે, સત્કર્મથી સર્વ સુખ મળે છે.

philosophy = સત્યની ખોજ. સત્યની ખોજ સૌના અંતરાત્મામાં એકાંત - શાંત - મૌનમાં ફરવાની છે.

સ્થિર ચિત્ત અને શાંત હૃદયથી થતો જપ એ સંકટોને દૂર કરવા અર્થે આત્મોન્નતિમાં ઉપકારક થાય છે.

(૧) પ્રભુવિપુલ = પ્રભુ - આત્મા - મનની એકતા.

(૨) મંત્રવિપુલ = અભિવ્યક્ત્યમાન નાદમાં આત્મભાવ.

(3) નાડીવિપુલ = છ ચક્ર અને ૧૨ ગ્રન્થિના ભેદથી મધ્ય નાડીમાં નાદનો સ્પર્શ.

(૪) પ્રશાંતવિપુલ = નાદાન્ત પશ્ચાત મંત્રશક્તિમાં લય.

(૫) શક્તિવિપુલ = શક્તિથી સમના પશ્ચાત ચિન્તન.

(૬) કાલવિપુલ = ઉન્મના પશ્ચાત ચિન્તન.

(૭) તત્ત્વવિપુલ = ઉન્મનાભેદથી તત્ત્વબોધ-આત્મસાક્ષાત્કાર.

ભાવાર્થનું જ્ઞાન એટલે...

મંત્રના અવયવભૂત અક્ષરોનો અર્થ.

સર્વ કારણના કારણ પ્રભુપરમેશ્વર મંત્રોના મૂળ ગુરુ છે. તેમના મુખથી સ્વયં મંત્રોનો ઉદ્ભવ અને અવતરણ ક્રમ એ સંપ્રદાયાર્થનું જ્ઞાન છે.

નિગર્ભાર્થ = દેવ, ગુરુ, આત્માના ઐક્યનું અનુસંધાન.

ગુરુ, મંત્ર, દેવતાનું ઐક્યાનુસંધાન તે કૌલિકાર્થ છે.

(૧) ગુરુ-મંત્ર-દેવતાનું ઐક્ય તે કૌલિકાર્થ - વૈખરી.
(૨) દેહ-ગુરુ-આત્માનું ઐક્ય તે નિગર્ભાર્થ - મધ્યમા.
(3) આત્મા - મન - પ્રભુનું ઐક્ય તે રહસ્યાર્થ - પશ્યંતી.
(૪) પ્રભુ, મન અને મંત્રનું ઐક્ય તે તત્ત્વાર્થ - પરા.

(૫-૬) ભાવાર્થ અને સંપ્રદાયાર્થ.

(1) ભાવાર્થ - અવયવભૂત અક્ષરાર્થનું જ્ઞાન.
(2) સંપ્રદાયાર્થ - પરમેશ્વરના સ્વયં મુખથી મંત્ર ઉદ્ભવ.
(3) કૌલિકાર્થ - ચક્ર, દેવતા, વિદ્યા, ગુરુ, સાધકનું ઐક્ય.
(4) નિગર્ભાર્થ - પરમેશ્વર, ગુરુ અને નિજાત્માનું ઐક્ય.
(5) રહસ્યાર્થ - મૂલાધારસ્થ કુંડલિની રૂપી વિદ્યા એ જ સાધકનો નિજાત્મા.
(૬) મહાતત્ત્વાર્થ - નિષ્કલ, નિરવયવ, ભાવાતીત, ક્ષોભાતીત, અલક્ષ્ય, અણુથી અણુતર, મહતથી મહત્તર, પ્રકાશાનંદ સ્વરૂપ વિશ્વાતીત અને વિશ્વમય નિજગુરુ પ્રબોધિત નિર્મલ સ્વભાવ સ્વકીય આત્માની સાથે ઐક્યાનુપ્રવેશ તે મહાતત્ત્વાર્થ.

(૧) ગુરુ મંત્ર અને દેવતા આત્મા છે.
મન તથા પવનનું ઐક્યાનુભવન તે આત્મજ્ઞાનમાં પ્રબળ નિમિત્ત છે.

ગુરુ - મંત્ર - દેવતાનું ઐક્ય,
દેવ - ગુરુ - આત્માનું ઐક્ય,
આત્મા - મન - પવનનું ઐક્ય અને
પવન - મન - મંત્રનું ઐક્ય, એમ ૪ પ્રકારે ઐક્યનું
ભાવન તે અંતરાત્મભાવની ઉપલબ્ધિમાં હેતુ છે.
પ્રથમ મંત્ર સાથે દેવ - ગુરુનું ઐક્ય,
પછી નિજાત્મા સાથે દેવ - ગુરુનું ઐક્ય,
પછી મન - પ્રાણ સાથે આત્માનું ઐક્ય અને
છેલ્લે મંત્ર સાથે પ્રાણ - મનનું ઐક્ય ભાવવું.
પાદથી પ્રાણનું ભક્ષણ થાય છે,
પ્રાણથી મનનું અને મનથી કાળનું ભક્ષણ થાય છે.
કાળભક્ષણથી દેવ - ગુરુ - આત્માનું ઐક્ય સધાય છે.
દેવ - ગુરુ - આત્મા - મંત્ર - મન અને પ્રાણ:
એ છ એનું ઐક્ય સધાવાથી આત્મજ્ઞાન થાય છે અને
આત્મજ્ઞાન એ જ મુક્તિનું સાધન છે.
માનવહૃદયમાં બિરાજમાન આત્મશક્તિ સારાં કાર્યોમાં
ઉત્સાહ, આનંદ તથા પ્રસન્નતા વધારે છે અને
એ જ આત્મશક્તિ બુરાં કાર્યો કરનારમાં
શંકા, લજ્જા અને ભય તથા શોક ઉત્પન્ન કરે છે.

જ્ઞાનજનની - સરસ્વતી, બુદ્ધિજનની - નમસ્કૃતિ.

ધર્મજનની - ત્રિગુપ્તિ - પંચ સમિતિ.

ધ્યાનજનની - સમાપત્તિજનની - ત્રિપદી.

(૧) જ્ઞાનજનની - સરસ્વતી માતા (વૈખરી) (૫૨).

(૨) બુદ્ધિજનની - નમસ્કૃતિ માતા (મધ્યમા) (૬૮).

(૩) દશવિધ યતિધર્મજનની

પંચ સમિતિ - ત્રિગુપ્તિ માતા (પશ્યન્તી) (૮૬)

(૪) સમાપત્તિ ધ્યાનજનની ત્રિપદી માતા (પરા) (૧૪).

(I) વૈખરી વડે ભેદવિજ્ઞાન (સગુણ સાકાર) psychic.

(II) મધ્યમા વડે અભેદવિજ્ઞાન

(સગુણ નિરાકાર) spiritual.

(III) પશ્યન્તી વડે આત્મવિજ્ઞાન

(નિર્ગુણ નિરાકાર) Supra - mental.

(IV) પરા વડે પરમાત્મવિજ્ઞાન (પરાત્પર) supreme

(૧) ઉપયોગો લક્ષણમ્ । અંતરંગ.

(૨) પરસ્પરોપગ્રહો જીવાનાં । બહિરંગ.

(૩) ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્,

દ્રવ્યતયા પરમાત્મા એવ જીવાત્મા । સ્વસ્વરૂપ.

(૪) ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્તં સત્,

તદ્ભાવાવ્યયં નિત્યં । સ્વસ્વરૂપ.

અંતરાત્માનું ભાન કોની કોની એકતાથી થાય?

ગુરુ મંત્રદેવતાત્મ મનઃ પવનાનામૈક્ય

निष्कलनादन्तरात्मसंवित्तिः ।

અર્થાત્: ગુરુ - મંત્ર - દેવતા - આત્મા -
મન તથા પવનની એકતા થવાથી
અંતરાત્માનું ભાન થાય છે, તેનો અનુભવ થાય છે.

(1) ગુરુ - મંત્ર - દેવતા - ભૌતિકાર્થ - વૈખરી.
(2) દેવ - ગુરુ - આત્મા - નિગર્ભાર્થ - મધ્યમા.
(3) આત્મા - મન - પવન - રહસ્યાર્થ - પશ્યન્તી.
(4) મન - પવન - મંત્ર - તત્ત્વાર્થ - પરા.

નિશ્ચયથી આત્મા જ દેવ, ગુરુ, મંત્ર, મન, પવન છે.
વ્યવહારથી ગુરુ મંત્રદાતા છે, દેવ મંત્રઅધિષ્ઠાતા છે,
મંત્ર વર્ણસમૂહાત્મક છે, મન ચિત્તાત્મક છે,
પવન પ્રાણાત્મક છે, મન - પ્રાણ આત્મવ્યાપારરૂપ છે,
દેવ - ગુરુ પુષ્ટાલંબન સ્વરૂપ છે.
દેવ - ગુરુ - આત્મા - મન - મંત્ર - પ્રાણ સામગ્રી છે.

o

ભિન્નભિન્ન સ્વભાવવાળી વ્યક્તિઓની ઓળખાણ કરાવનારા નામો સંસારીઓને ઇષ્ટ વસ્તુ કરતાં ય તેના નામો - અભિધાનોમાં અધિક મધુરતા રહેલી છે.

સમવાયાંગ સૂત્ર, વૃત્તિ પૃ-૧૪૮, તા. ૨૨-૬-૭૬

આજ્ઞા - દ્વાદશાંગ - સૂત્ર તથા અર્થ (ઉભય):
એના ત્રણેની વિરાધનાથી ભવભ્રમણ થાય છે.
સૂત્રવિરાધનાથી જમાલી, અર્થવિરાધનાથી ગોષ્ઠામાહીલ,
ઉભય વિરાધના = પંચાચારપાલન ન કરવું તે અથવા
દ્રવ્યક્ષેત્રકાલભાવાપેક્ષમાગમવિહિતાનુષ્ઠાનમેવ આજ્ઞા,
તથા, તદકરણેનેત્યર્થઃ । દુવાલસંગેણં ગણિપિડગે ણ
કયાવિ ણત્થિ, ણ કયાવિ ણાસી, ણ કયાઇ ણ ભવિસ્સઇ,
ભુવિં ચ ભવતિ ચ, ભવિસ્સંતિ ચ, ધુવે, ણિતિએ,
સાસએ, અક્ખએ, અવ્વએ, અવટ્ઠિએ ણિચ્ચે (પરિશિષ્ટ-૧૧)

જાપ એ ધારાવાહી મંત્રણ છે,
તે માત્ર વચન - વ્યાપારરૂપ નથી.

મૌનપૂર્વક મંત્રનો જાપ કરનારને દૂરસિદ્ધિ થાય છે.
મંત્રને દીપ્ત કરવા માટે તે પ્રકાશમય છે, તેમાં ધ્યાનસ્થ
કરવાની હોય છે. પરતત્ત્વ સાથે યોજન થાય, તેમાં
સ્થિતિમાં મનોવૃત્તિને સહસ્રાર કર્ણિકાની નીચે
સંયમ કરીને સર્વ સંકલ્પરહિત બનવાનું હોય છે.
અનાહત નાદના શાન્ત, વરદ, આનંદ, શુદ્ધ, બુદ્ધ,
પ્રકાશક સ્વરૂપનું ચિંતન કરવાથી વાક્સિદ્ધિ થાય છે.

જેમાંથી અમૃતપ્રવાહ નીચે ઝરે છે, તેવા અમૃતબિંદુને 'અનાહત' કહે છે, તે સ્વયં ઉદિત હોઈ ઇચ્છાધીન નથી, જ્યારે અન્ય શબ્દો સ્થાન તથા કરણના અભિઘાતથી જન્ય થતાં હોઈ ઇચ્છાધીન છે.

'અનાહત' સર્વ વર્ણોનું સામાન્ય સ્વરૂપ છે.

સતત ઉચ્ચારણને લીધે તે નિરવચ્છેદ પ્રત્યે એકનિષ્ઠ છે, તેમાં વર્ણકનો ભેદ નથી પણ વિમર્શની પ્રધાનતા છે,

અનાહત નાદના પાંચ વિભાગ છે:

સગર્ભક, નિગર્ભક, નિરંજન, ચિદ્બોધ અને સદાનંદ.

યોગીને નિર્બીજ ધ્યાનાવસ્થા અને સુનિર્બીજ ગુહ્યાવસ્થામાં તે પ્રાપ્ત થાય છે.

અનાહત એ અર્હંના ધ્યાનબળે અર્હંસ્વરૂપ બનેલ આત્માનું જ સ્વરૂપ બતાવે છે.

(૧) પરાવાણી = જ્ઞાનસ્વરૂપગ્રાહિકા.

(૨) પશ્યન્તી = અર્થાવબોધિની.

(3) મધ્યમા = વચનોન્મેષશાલિની પ્રખ્યા.

(૪) વૈખરી = શબ્દમયી.

ક્રિયાશક્તિના પાંચ પ્રકાર અનુક્રમે

સ્પન્દ, પરિસ્પન્દ, પ્રકમ્પ, પરિશીલન અને પ્રચાર છે.

## ધ્યાનને સૂક્ષ્મ બનાવવાની પ્રક્રિયા

(૧) સ્પન્દન = વક્ષ:સ્થલ અને ભ્રૂમધ્યમાં.

(૨) પરિસ્પન્દ = નેત્રપત્ર અને લલાટમંડલમાં.

(૩) પ્રકમ્પ = તાલુછિદ્રમાંથી બહાર નીકળતો.

(૪) પરિશીલન =

(૫) પ્રચલ = ચંદ્ર સાથે સ્પર્ધા કરતો - આકાશમંડળમાં સંચરણ કરતો - શિવશ્રી સાથે સંયોજન કરતો નાદ.

નામાભ્યાસની પ્રગતિનું મહત્ત્વપૂર્ણ, અસંદિગ્ધ લક્ષણ છે: નામના ઉચ્ચારણ સાથે નામીની ઉપસ્થિતિનો અનુભવ.

સંજલ્પ - પુન: પુન: મંત્રોચ્ચારણ અર્થભાવનાથી યુક્ત જ હોય છે, સંજલ્પથી ભાવ્યમાન વસ્તુ સ્પષ્ટ થાય છે.

જ્યારે મંત્રદેવતાનું અભેદ પ્રણિધાન પરાકાષ્ઠા પામે,
ત્યારે સંકલ્પ સ્વયં ક્ષીણ થાય છે અને
ભાવ્યમાન ધ્યેયનો સાક્ષાત્કાર થાય છે.

એકતાની સાથે અભિમુખતા મળે,
ત્યારે સાધકનો વિકાસ થાય છે.

અભિમુખતામાં નિમિત્ત - એકતામાં ઉપાદાન મુખ્ય છે.

મંત્રમાં મનનું, ગુરુમાં બુદ્ધિનું અને
મૂર્તિમાં આત્માનું રક્ષણ કરવાની શક્તિ છે.

'પ્રસીદ ભગવન્ મયિ ।'

ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે
આ એક જ પદની ૧૦ માળા ઉપકારક બને છે.

પ્રારંભમાં આમ ભાવના કરવી કે:
'હે ભગવન્ ! મારા ઉપર પ્રસન્ન થાઓ - પ્રસાદ કરો.'
આમાં 'મયિ'નો અર્થ 'મારા ઉપર' આમ કરવો અને
પછી 'મયિ'નો અર્થ એમ કરવો કે:
'મારી અંદર અભેદભાવે એકમેક થઈને પ્રસન્ન થાઓ.'
અર્થાત્ પરમાત્મામાં આત્માનું વિલીનીકરણ કરીને
અભેદભાવે ધ્યાન - ચિન્તન કરવું.
પ્રથમમાં સંભેદ અને પછી અભેદપ્રણિધાનની ભાવના
કરવાથી ચિત્તની પ્રસન્નતા પ્રગટપણે અનુભવાય છે.
અભેદભાવનામાં શબ્દ, અર્થ, વાચ્ય - વાચક,
મન - ગ્રાહ્ય, ધ્યાતા - ધ્યેય એક જ છે,
'ધ્યાન કરનાર પણ પોતે અને જેનું ધ્યાન કરવામાં
આવે છે, તે પણ પોતાની અંદરની જ એક અવસ્થા છે'
આવી ભાવનામાં એકતાનતા ભાવવાથી
ચિત્તપ્રસાદ, ચિત્તસંતુષ્ટિ, મનઃપ્રસાદ અને
મનઃસંતુષ્ટિ અનુભવાય છે.

તેમ મુજબ પ્રથમ મંત્રદાતા ગુરુ, મંત્ર અને મંત્રવાચ્ય પરમાત્માની એકતા ભાવવાની હોય છે, પછી પરમાત્મા સાથે ગુરુ અને આત્માની એકતા, ત્યાર બાદ આત્મા, મન અને પવનની એકતા ભાવવાની હોય છે.

પ્રથમ મૌલિક અર્થ, પછી નિગૂઢ અર્થ, પછી રહસ્યાર્થ અને અંતે તાત્ત્વિક અર્થ ચિંતવવાનો હોય છે,

તે માટેનું જ સૂત્ર : ગુરુમંત્રદેવતાઽઽત્મ મનઃ - પવનાનામૈક્યનિષ્કલનાદન્તરાત્મસંવિત્તિઃ । છે.

<u>શુદ્ધ પરિણતિ તથા શુદ્ધોપયોગમાં શું ફેર?</u>

સમ્યગ્દર્શન એ શુદ્ધ પરિણતિ છે - શુદ્ધોપયોગ નહિ.

શુદ્ધોપયોગ તે ક્રિયાત્મક ધર્મ છે.

શુદ્ધોપયોગ = અંતર્મુખ થઈ સ્વભાવનો આશ્રય કરવો. તે જ મુક્તિપંથ - મોહક્ષય કરવાનો એક માર્ગ છે, તેથી શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્મામાં એકત્વ થવું.

o શબ્દબ્રહ્મ એ શ્રી જિનવાણીની પદ્ધતિ છે.

જે વાણી 'બ્રહ્મ' એટલે કે કેવળજ્ઞાન અને જ્ઞાનમય આત્માનો બોધ કરાવે, તે શબ્દબ્રહ્મ.

આ દૃષ્ટિએ નમસ્કાર મંત્ર એ શબ્દબ્રહ્મ છે, કેમકે તે શુદ્ધાત્માના બોધક પદો છે.

આ નમસ્કાર મહામંત્રના પદોનું રટણ કરવાથી
નિજ શુદ્ધાત્માનો પ્રત્યક્ષ અપરોક્ષ બોધ થાય છે.
આત્મા સ્વયં ધર્મરૂપ છે, તેની સિદ્ધિ
અંતર્દૃષ્ટિ વડે મોહનો નાશ કરવાથી થાય છે.
ચૈતન્યમાં વિષયાતીત અનંત સુખ ભર્યું છે,
તેની તરફ દૃષ્ટિ કરાવનાર મંત્ર તે નમસ્કાર મંત્ર છે.
માનવજીવનનું એકમાત્ર લક્ષ્ય ભગવદ્ પ્રાપ્તિ છે
અને એકમાત્ર કર્તવ્ય ભગવદ્ ભજન છે.
એક અપેક્ષાએ જોઈએ તો:
સમર્પણ = નમ્રતા = અભિન્નતા = એકતા.
'ભસ્માંતં શરીરમ્ ।'
દહન, ખનન, પ્લાવન - ત્રણ સ્થિતિ છે.
સદ્વસ્તુ ત્રિકાળાબાધિત છે,
તેના શરણે આત્માની મુક્તિ થાય છે.
એ વિષયમાં 'તત્ત્વમસિ' મહાવાક્ય એ પ્રમાણ છે.
જીવબ્રહ્મ આત્માનુભૂતિ છે.
<u>મહાવાક્યો અનેક પ્રકારે છે:</u>
ઉપાસનાપરક (મનોબ્રહ્મ), ગુરુસ્તુતિપરક (શિષ્ટ),
પ્રશંસાપરક (ઇન્દ્ર) તથા વિપરીતપરક (કુંભજ).

ભાગ્યથી મળેલ માનુષતનુને વિષયાનુરાગમાં જોડવું, તે ભાગ્યહીનતા - અભાગીયાપણું - નીચગતિમાં લઈ જનારું છે.

ગીતા - ૬ : યતો યતો નિશ્ચરતિ મનશ્ચઞ્ચલમસ્થિરમ્ ।
તતસ્તતો નિયમ્યૈતદ્ આત્મન્યેવ વશં નયેત્ ॥૨૬॥

જ્યાં જ્યાંથી મન ચંચળ અને અસ્થિર બનીને ફરે છે, ત્યાં ત્યાંથી તેને સંયમિત કરીને આત્મામાં જ વશ કરવું.

મનની શક્તિ કરતાં આત્માની શક્તિ અધિક છે.

મન અને બુદ્ધિનો સ્વામી - માલિક આત્મા છે.

ત્રણ ઉપાય છે: અભ્યાસ, રુચિ, રતિ.

ભોગમાત્ર અનિત્ય - અપૂર્ણ છે, તેથી સંતાપ અને દુઃખજનક છે - દાહજનક છે - ત્યાજ્ય છે.

પ્રારબ્ધ કર્મનો ક્ષય ફળભોગથી, પ્રાયશ્ચિતથી, ભજનથી કે ભગવત્સ્મરણ - શરણાગતિથી જ શક્ય છે, અન્ય પ્રકારે નહિ જ. હરિરેવ જગદ્ જગદેવ હરિઃ ।

સઘળી કામનાઓથી છૂટકારાનું નામ 'મોક્ષ' છે.

જેમાં જીવને ચિત્ત અટકે, તે રાગ કે આસક્તિ છે. ભોગોનો રાગ દૂર કરવાનો ઉપાય વૈરાગ્ય છે અને ભગવાન ઉપર ચિત્ત ચોંટાડવાનો ઉપાય રાગ, અનુરાગ, અસલી રાગ છે, વિષયાનુરાગથી છૂટી આત્માનુરાગી બનવું.

Imp

## પાંચ ભાવનાઓ શું કરે છે?

(૧) મૈત્રી એ દ્રવ્યની ઓળખાણ કરાવી દર્શનવિશુદ્ધિ કરાવે છે, તેની અભિવ્યક્તિ મન દ્વારા થાય છે.
(૨) પ્રમોદ એ ગુણની ઓળખાણ કરાવી જ્ઞાનની શુદ્ધિ કરાવે છે, તેની અભિવ્યક્તિ વચન દ્વારા થાય છે.
(3) તથા (૪) કરુણા - માધ્યસ્થ્ય ભાવના એ પર્યાયની ઓળખાણ કરાવી ચારિત્રગુણની શુદ્ધિ કરે છે તથા તેની અભિવ્યક્તિ કાયા દ્વારા થાય છે.

નવકાર વડે જાપ અને લોગસ્સ વડે ધ્યાન થાય છે.
ચૌદ પૂર્વનો સાર ચરિત શ્રુતજ્ઞાન અને
ચતુર્વિંશતિ સ્તવ વડે ધ્યાન થાય છે.

## જિનમૂર્તિનું માહાત્મ્ય

સ્મરણ વડે મન પવિત્ર થાય, શ્રવણ વડે શ્રોત્ર પવિત્ર થાય અને સ્તુતિ વડે જિહ્વા પવિત્ર થાય, પરન્તુ ચક્ષુની તૃપ્તિ શાના વડે થાય? જિનમૂર્તિ વડે થાય.

મૂર્તિ વડે ચૈત્યને વંદન થાય છે,
ચૈતન્યની પૂજા થાય છે પણ જડની નહિ.
'ચાનો કપ પીધો' એમ કહેવાય પણ પીવાય છે ચા,
તેમ કહેવાય મૂર્તિની પૂજા પણ પૂજા થાય ચૈતન્યની.

## જિનશાસનને ખરેખર કોણ દેખે છે?

જે આત્માને અબદ્ધ - સ્પૃષ્ટ (કર્મબંધ અતીત),
અનન્ય (અન્યથી રહિત), અવિશેષ (વિશેષથી રહિત)
તથા આદિ - મધ્ય અને અન્તવિહીન (નિર્વિકલ્પ) દેખે છે,
તે સમગ્ર જિનશાસનને દેખે છે.

## સ્મિતમાં છુપાયેલાં ત્રણ સિદ્ધાંત

અહિંસા = અન્ય જીવો તરફ સદ્ભાવ.
અનેકાન્ત = અન્ય વિચારો તરફ સદ્ભાવ.
અપરિગ્રહ = અન્ય પદાર્થો તરફ નિઃસ્પૃહતા.

નિર્દોષ સ્મિત પ્રશંસનીય - Please Keep Smiling

ચીની કહેવત છે કે: જેની તબિયત ખરાબ થઈ ગઈ છે,
તેને હાસ્યનો જુલાબ આપો.

**પ્રસન્ન ચિત્ત = એક સારા ઔષધની ગરજ સારે છે.**

આ દુનિયામાં કોઈપણ માણસ એટલો બધો સમૃદ્ધ નથી કે તેને સ્મિત વગર ચાલી શકે, તેમ કોઈ માણસ એટલો ગરીબ પણ નથી કે સ્મિત ન વેરી શકે. નિર્દોષ સ્મિત માટે આપણે કશું આપવું પડતું નથી, ઊલટું સામેથી ઘણું આપણને જ મળે છે. આયનાની માફક દુનિયાનો એ સ્વભાવ છે કે સ્મિત કરે, તેની સામે વળતું સ્મિત કરવું.

ઉણાવા, સં. ૨૦૩૨, વૈશાખ સુદી ૩, રવિવાર, ૨-૫-૧૯૭૬,

અક્ષયતૃતીયા શુભદિન, મધ્યાહ્ન સમય સ્ટા-ટા-૨

आधिव्याधिहरो देवो जीरावल्ली शिरोमणिः ।
पार्श्वनाथो जगन्नाथो नित्यनाथो नृणां श्रिये ॥

અર્થઃ આધિ-વ્યાધિ હરનારા, સર્વશ્રેષ્ઠ દેવ, જગન્નાથ, નિત્યનાથ જીરાવલ્લા પાર્શ્વનાથ, મનુષ્યોની લક્ષ્મી માટે થાઓ.

## આપણો પરમ પુરુષાર્થ શું ?

સૃષ્ટિ સદા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક રહેલી છે, તેમાં કોઈ સુધારી-વધારી શકતું છે.

સુધારી-વધારી કરવાનું સ્થાન જીવની દૃષ્ટિમાં છે. સૃષ્ટિ જેવી જ દૃષ્ટિ કેળવવી, એ જ પરમ પુરુષાર્થ છે. ત્રિપદી માતાનું ધ્યાન જ ઔદાસિન્ય ભાવ કેળવી, ઘાતીકર્મનો ઘાત કરી, કૈવલ્યપદની પ્રાપ્તિ કરાવનાર છે.

ગણધરોને ગણધરલબ્ધિની પ્રાપ્તિ પ્રભુમુખથી શ્રવણ કરેલ ત્રિપદીના પ્રભાવથી છે.

उत्पाद व्यय ध्रौव्ययुक्तं सत् । तद्भावाव्ययं नित्यं ।

તાત્પર્ય :- વીતરાગતાના સાધનરૂપ એવા નિર્વિકલ્પતાને પ્રાપ્ત કરવાનું સાધન વસ્તુમાત્રને ત્રિધર્મયુક્ત માનવાથી શક્ય છે.

પ્રતિસમય પૂર્વપર્યાયનો નાશ - ઉત્તરપર્યાયનો ઉત્પાદ
વસ્તુ પ્રત્યેના મમત્વ-મારાંપણાંના ભાવનો નાશ કરે છે.
વસ્તુને પ્રતિક્ષણ પલટણ સ્વભાવવાળી માનવાથી
પર્યાય પ્રત્યે મારાંપણાંની બુદ્ધિ નાશ પામે છે.
મમભાવનો નાશ થવાથી સમભાવની ઉત્પત્તિ થાય છે.
'પ્રત્યેક પર્યાયની પાછળ દ્રવ્ય તેનું તે જ છે'
એ વિચાર અહંભાવ - કર્તૃત્વબુદ્ધિનો નાશ કરે છે.
'હું કર્તા નહિ - અકર્તા છું, દૃષ્ટા - જ્ઞાતા છું,
ધ્રુવ છું, સ્થિર છું, અપરિવર્તનશીલ છું' એ વિચાર
મિથ્યા કર્તૃત્વબુદ્ધિનો નાશ કરી સ્થિરબુદ્ધિને જન્માવે છે.
દ્રવ્યદૃષ્ટિ અહંભાવની - પર્યાયદૃષ્ટિ મમભાવની નાશક છે.
અહં-મમબુદ્ધિના અંતથી વિકલ્પજાળનો અંત આવે છે,
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ પેદા થાય છે અને
તેનું જ બીજું નામ 'વીતરાગતા' છે.
ધ્યાનની પ્રકૃષ્ટ અવસ્થા = નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ.
તે પરમાત્માના ધ્યાનથી પ્રગટે, જે લોકાલોકવ્યાપિ છે,
તેથી તેના ધ્યાનમાં લીન થનારને લોકાલોકના પ્રકાશક
કેવળજ્ઞાનને આવરણ કરનારા ઘાતીકર્મોનો વિલય થઈ
દર્શનમોહનો નાશ કરનાર પરમાત્માનું ધ્યાન થાય છે,

તેથી ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થાય છે.
ચિત્તવિશુદ્ધિનો હેતુ મૈત્ર્યાદિ ભાવોનું ભાવન છે.
ચિત્તવૃત્તિ શુદ્ધ થતાં પછી વર્તનની વિશુદ્ધિ માટે
સમિતિ - ગુપ્તિયુક્ત શુદ્ધ મહાવ્રતોનું પાલન છે. તે વડે
જીવો સાથે પૂર્ણ સમત્વ સધાય છે. સમત્વસિદ્ધિ બાદ
પરમાત્મતુલ્ય આત્મદ્રવ્યનું ભાવન સ્થિરતાને લાવે છે.
'જેને તું હણે છે, તે તું છે' એ શ્રદ્ધાન દૃઢ થતાં પછી
'જેને તું નમે છે, તે પણ તું જ છે' એ શ્રદ્ધા
આવિર્ભાવ પામે છે. તેનું પુનઃ પુનઃ પરિશીલન આત્મામાં
પરમાત્મસ્વભાવનો આવિર્ભાવ કરે છે,
તે જ કૈવલ્ય અને મોક્ષ છે. પ્રથમ પુદ્ગલથી ભેદનું
જ્ઞાન, પછી જીવરાશિથી કથંચિત્ અભેદનું જ્ઞાન,
ત્યાર બાદ સ્વઆત્મામાં ગુણ - પર્યાયથી કથંચિત્
ભિન્નાભિન્નતાનું જ્ઞાન અને
અંતે સ્વઆત્મદ્રવ્યમાં તલ્લીનતારૂપ
અભેદાનુભૂતિ દ્વારા આત્મસાક્ષાત્કાર અને
તેના ફલસ્વરૂપ કૈવલ્ય અને મોક્ષનો લાભ થાય છે.
મૈત્ર્યાદિ ભાવો એ ચિત્તની શુદ્ધિનું સાધન બને છે,
તેમ ઉત્પાદાદિ ત્રિપદીનું ધ્યાન ચિત્તમાં સ્થિરત્વ લાવે છે.

એમ શુદ્ધિમાં જઘન્ય સામાન્યનો વિચાર મુખ્ય છે,
તેમ સ્થિરત્વમાં સત્તા સામાન્યનો વિચાર પ્રધાન છે.
તે બંને પાયા પર વિશિષ્ટ આત્મધ્યાન સ્થિર થાય છે.
સ્વાત્મદ્રવ્ય શેષ આત્મદ્રવ્યોથી ભિન્ન છે, એટલું જ નહિ
પણ પોતાના ગુણ - પર્યાયોથી પણ તેના આધારરૂપ
આત્મદ્રવ્ય એક અને ભિન્ન છે.

મોહક્ષયાત્ જ્ઞાનદર્શનાવરણક્ષયાત્કૈવલ્યં ।

અર્થ: મોહનીયક્ષયથી તથા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય,
અંતરાયકર્મના ક્ષયથી કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે.
આ સૂત્રમાં કહ્યા મુજબ એકત્વનું ધ્યાન શુક્લધ્યાનના
બીજા પાયારૂપ બનીને ૧૨મા ગુણસ્થાનકે લઈ જઈ
આત્માની અંદર રહેલ કૈવલ્યને પ્રગટાવનાર થાય છે.
જુઓ 'ગુણસ્થાન ક્રમારોહ પ્રકરણ'.

(૧) વૈરાગ્યથી આનંદ મળે. (૨) મૈત્રીથી આકર્ષ પ્રાપ્ત થાય.
(૩) સંયમથી આરોગ્યગુણ પ્રગટે છે. વૈરાગ્ય પ્રથમ ગુણ-
સ્થાનકે ય સંભવે છે, મૈત્રી ચોથે, સંયમ છઠ્ઠે - સાતમે
ગુણઠાણે, તેથી ઉપરના ગુણઠાણે તપગુણપ્રધાનતા હોય.
તપ = કર્મ તપાવે તે. તે ધ્યાનતપ છે. ૭મે ધર્મધ્યાન
અને ૮ થી ૧૨ ગુણઠાણા પર્યંત શુક્લધ્યાન હોય છે.

प्रकृत्या भद्रकः शान्तः विनीतो मृदुरुत्तमः ।
सूत्रे निष्णातोऽगण्यगुणः परमानन्दमागतः ॥१॥

१ भद्रकः - निरुपम कल्याणमूर्तिः ।

२ शान्तः - क्रोधादिविकाररहितः ।

३ विनीतः - अनुरूपप्रकृतिः ।

४ उत्तमः - सन्तोषं सुखप्रधानः ।

५ मृदुः - निर्दम्भः ।

० जीवा पुग्गल समया दव्व पएसा य पज्जवा चेव ।
थोवाऽणंताणंता विसेसमहिया दुवेणंता ॥१॥

० तत्कर्म हरितोषं यत् सा विद्या तन्मतिस्तया ।
हरिर्देहभृतामात्मा इति ये वेद वेद सः ॥ (परिशिष्ट-१२)

આજ્ઞાપાલનના સાધ્યસાધક ધર્મ સત્કર્મ ક્રિયાયોગ છે,
તેમ ભક્તિયોગ પણ છે. તે વડે જ આત્મકલ્યાણ થાય,
પછી જે નિવૃત્તિ છે, તે જ્ઞાનયોગ છે.

ટૂંકમાં ભક્તિયોગ, ક્રિયાયોગ અને જ્ઞાનયોગ - એ ત્રણેનું અનુસંધાન વિધિ-અનુષ્ઠાનનું પ્રાધાન્ય કરાવે છે.

ચિત્તની મુખ્ય ૩ શક્તિ: ઇચ્છા - જ્ઞાન - ક્રિયાશક્તિ.

તેમાં ઇચ્છાશક્તિ સૌથી અધિક બળવાન છે, ઇચ્છામાં પણ પ્રધાન ઇચ્છા મુક્તિની, શાંતિની અને આનંદની છે.

આત્મામાં આનંદ છે, તેની પરાકાષ્ઠા પરમાત્મામાં છે. આનંદ પ્રત્યેનો પ્રેમ એ આનંદસાગર રૂપી પરમાત્મા તરફ વળે છે અને પરમાત્મા પ્રત્યેનો પ્રેમ પરમાનંદનો અનુભવ નિરંતર કરાવે છે. પરમાત્મા પ્રેમથી ભરેલાં છે, એનો બોધ આનંદના કોશ આત્માને પરમાનંદસ્વરૂપ પરમાત્મા પ્રત્યે પ્રેમ જગાડે છે અને એ પ્રેમ પોતે જ પરમાનંદસ્વરૂપ બનવાથી 'પ્રેમ જ પરમાત્મા છે' એવું શાસ્ત્રવચન સાન્વર્થ બને.

## ગુરૂતત્ત્વનો મહિમા

શ્રદ્ધા વિના ભક્તિ નહિ અને ભક્તિ વિના મુક્તિ નહિ. શ્રદ્ધા માટે જ્ઞાન જોઈએ અને જ્ઞાન માટે ગુરૂ જોઈએ. ગુરૂવિનય વિના જ્ઞાન નહિ, જ્ઞાન વિના શ્રદ્ધા નહિ, શ્રદ્ધા વિના ભક્તિ નહિ - ભક્તિ વિના મુક્તિ નહિ, તેથી બધાનું મૂળ ગુરૂ છે.

ગુરૂતત્ત્વને મુખ્ય બનાવ્યા વિના જીવનમાં એક પણ સદ્ગુણ તેના સાચા સ્વરૂપમાં પ્રાપ્ત થતો નથી. અહંને છોડવા માટે જે વિનયગુણ આવશ્યક છે, તે સદ્ગુરૂને આધીન હોવાથી સદ્ગુરૂનો મહિમા સૌથી અધિક છે. સદ્ગુરૂની પ્રાપ્તિ વડે જ પરમગુરૂને પામી શકાય છે.

સદ્ગુરુ એટલે પરમગુરુનો સંબંધ કરાવી આપે તે.
મુક્તિ પરમગુરુને આધીન - ભક્તિ સદ્ગુરુને સ્વાધીન છે.
'જગદ્ગુરુ' શબ્દ અધિકાર નહિ, કર્તવ્યશક્તિનો સૂચક છે.
જે કોઈ એને ગુરુ માને, તેને માર્ગદર્શન આપવાની
જવાબદારી છે, તેને 'જગદ્ગુરુ' શબ્દથી સંબોધી શકાય છે.

અહીં પ્રકરણના ગુરુ : દિવ્ય, સિદ્ધ અને માનુષી.

દિવ્ય = અવતારી પુરુષો. સિદ્ધ = આત્માનુભવી.
માનુષી = જેઓમાં ચારિત્ર્યનું પરમ બળ હોય તેવા.
આત્માનુભવી ગુરુઓ કરોડોમાં એક હોય તથા માનુષી
ગુરુઓ પણ હજારોમાં કોઈક હોય, તેમની સેવા અને
આરાધના વાસનાઓ - વિકારોને જલાવનાર થાય છે.

આધ્યાત્મિક શક્તિનો વિકાસ કે આવિર્ભાવ
ચિત્તશુદ્ધિ અને એકાગ્રતા ઉપર આધાર રાખે છે.
અદ્ભુત શક્તિઓ હોય પણ જો ચિત્તવિશુદ્ધિ ન હોય,
તો તે આધ્યાત્મિક ક્રિયામાં ગુરુ થવાને યોગ્ય નથી.

અધ્યાત્મવાદનો ઉદ્દેશ

પ્રકૃતિના બંધનમાંથી સર્વથા, મુક્તિ મેળવવાનો હોય છે.

सव्वे अवराहपए उस्स खमावेमि अज्ज निस्सल्लो ।
अम्मा-पिऊसरिसया सव्वेवि खमंतु मह जीवा ॥१॥

(પરિશિષ્ટ-૧૩)

જિજ્ઞાસુઓના પણ ત્રણ પ્રકાર છે : પશુ, નર, દિવ્ય.

ગુરુઓમાં ગમે તેટલું સામર્થ્ય હોય, પરન્તુ
શિષ્યમાં પાત્રતા ન હોય, તો ગુરુ કાંઈ કરી શકે નહિ.
ગુરુ પ્રેરણા આપી શકે - માર્ગદર્શક થઈ શકે, કિન્તુ
ગુરુ કાંઈ શિષ્યનું કામ કરી શકે નહિ.

સાચા શિષ્ય થવા માટે શું જરૂરી ?

સતત સત્સંગ, ભગવાનની ભક્તિ, શાસ્ત્રનું શ્રવણ,
અધ્યયન અને ઉપાસના વગેરેની આવશ્યકતા છે.
અર્હંના નમસ્કાર વડે ગુરુકૃપાથી સંકુચિત અહંનું કોચલું
ફૂટી જાય છે અને તે ત્રૈલોક્ય, ત્રિકાળવ્યાપી બને છે,
શરીરમાં પૂરાયેલું અહંત્વ - મમત્વ આત્મવ્યાપી બને છે.
હું એટલે આત્મા અને મારું એટલે જ્યાં જ્યાં ચૈતન્ય
રહેલું છે, તેના સાથે મારાંપણાનો સંબંધ બંધાય છે.
પર્યાય એ દ્રવ્યનો જ અંશ છે, તે દ્રવ્યમાંથી નીકળી
દ્રવ્યમાં મળી જાય છે. દ્રવ્ય પૂર્ણ છે, તેથી તેમાંથી નીકળેલ
પર્યાય પૂર્ણમાંથી નીકળી પૂર્ણમાં જ મળી જાય છે.
સમષ્ટિ = તે પૂર્ણ છે. વ્યષ્ટિ = આ પૂર્ણ છે. તેમાંથી
નીકળતો પર્યાય પૂર્ણમાંથી નીકળી પૂર્ણમાં મળી જાય છે.
એ વિચાર ત્રિવિધ તાપ ટાળી ત્રિવિધ શાંતિ નિપજાવે છે.

## 'દીક્ષા' એટલે શું ?

જે દિવ્યજ્ઞાન આપીને પાપોનું પ્રક્ષાલન કરે અને જે વડે
પાપપ્રકૃતિઓનો ક્ષય થાય તેવું જ્ઞાન મળે, તે 'દીક્ષા' છે.
'દીક્ષા' શબ્દમાં દી = દીયતે = દિવ્યજ્ઞાન આપે અને
ક્ષા = ક્ષીયતે = પાપનો ક્ષય કરે, તેનું નામ 'દીક્ષા' છે.

ગુરુ શ્રોત્રિય અર્થાત્ બ્રહ્મનિષ્ઠ જોઈએ અને
બહુશ્રુત અર્થાત્ ગીતાર્થ પણ જોઈએ.
ગુરુ તરફથી મળેલા પ્રેરણાને પણ 'દીક્ષા' કહે છે.

## દીક્ષા આપવાના અનેક પ્રકારો

મંત્રદીક્ષા, સ્પર્શદીક્ષા, ચાક્ષુષદીક્ષા, વાગ્દીક્ષા ઉપરાંત
મનથી ધ્યાન વડે આપવામાં આવે તે વેધદીક્ષા,
શિષ્યના ચિત્તમાં શક્તિનો પાત થાય, તે શાક્તિ દીક્ષા.
સ્વસ્વરૂપના જ્ઞાનનો ઉદ્બોધક કરનારી શાંભવી દીક્ષા.
મંત્રની પ્રયોગપદ્ધતિ વડે સાક્ષાત્કાર કરાવનારી માંત્રીદીક્ષા,
સંક્ષેપમાં આધ્યાત્મિક, માનસિક, વાચિક, કાયિક દીક્ષા.
સંકલ્પ માત્રથી પરિવર્તન લાવે તે આધ્યાત્મિક દીક્ષા.
વિચાર દ્વારા કરે તે માનસિક દીક્ષા.
ઉપદેશ દ્વારા કરે તે વાચિક દીક્ષા અને
સ્પર્શ વગેરે દ્વારા કરે તે કાયિક દીક્ષા.

૭૪૩ પોતાના શિષ્યને ગુરુ ત્રણ રીતે સહાય કરી શકે છે:

પોતાનામાંથી પ્રસરતા સૂક્ષ્મ આંદોલનો દ્વારા,
ક્રિયા અથવા આચરણ દ્વારા અને ઉપદેશ દ્વારા.

મહાન પુરુષો કોઈની સાથે સંબંધમાં ન આવે,
તો પણ માત્ર પોતાના અસ્તિત્વથી જ
સમસ્ત જગત ઉપર કલ્યાણ કરી શકે છે.

પરોક્ષ લાભ માટે બુદ્ધિની આવશ્યકતા છે અને
અપરોક્ષ લાભ માટે ત્યાગ, વૈરાગ્ય, સંયમ, સ્વાધ્યાયની.

આત્મા - બ્રહ્મની એકતાનો વિચાર ગ્રહણ કરવા બુદ્ધિ-
બળ, મનોબળ, તપોબળની નહિ, આચરણબળની જરૂર છે
અને તે માટે દીક્ષાવિધિ આવશ્યક છે.

ઉપદેશ કરતાં આચારની અસર વધારે પ્રબળ હોય છે.
જીવનમાં વિચાર અને આચરણની એકતા હોય,
તો જ બાળકના મનમાં ઉપદેશ સચોટ ઉતરે.

સારાં ભાષણો કરવાની અને
લેખો લખવાની શક્તિ હોય, પરન્તુ
જે વિચારો બાળકને આપણે આપવા તૈયાર થઈએ,
તે પ્રમાણે વર્તન ન હોય, તો એવા વિચારોના ચિંતન
બહુ ન ટકાય, એ તો મિથ્યા બકવાદ જ થઈ ગણાય.

## કેવલીકથિત ધર્મ ઉપાદેય છે, કેમકે...

જેનું મૂળ અરિહંત છે, ફળ સિદ્ધ છે, સ્વરૂપ આચાર્ય - ઉપાધ્યાય - સાધુ અથવા તો દર્શન - જ્ઞાન - ચારિત્ર છે.

પંચપરમેષ્ઠિ નમસ્કારભાવ એટલા માટે છે કે તે પાંચે મળીને ધર્મનું સર્વસ્વ બને છે, તેથી નમસ્કાર મંત્ર એ ધર્મને નમસ્કારરૂપ છે અર્થાત્ ધર્મ, તેને પ્રકાશનારા, તેને પાળનારા સર્વને નમસ્કારરૂપ છે. ઉપાદેયબુદ્ધિથી ધર્મ થશે ત્યારે ગણાય કે ધર્મને કરનારના હૃદયમાં ભાવથી પંચપરમેષ્ઠિનો નમસ્કાર રહેલો હોય. જેના હૃદયમાં પરમેષ્ઠિ નમસ્કાર નથી, તેના હૃદયમાં ભાવથી ધર્મ વસ્યો નથી અર્થાત્ ધર્મમાં ઉપાદેયબુદ્ધિ તેને થયેલ નથી. ધર્મમાં જ્યારે અત્યંત ઉપાદેયબુદ્ધિ જન્મે, ત્યારે હૃદયમાં પંચપરમેષ્ઠિ પ્રત્યે આંતરિક બહુમાન અવશ્ય જાગે છે. તે બહુમાન જ ધર્મની પ્રથમ ભૂમિકા છે.

## જ્ઞાની પુરુષોનું શાસન શું ?

પાપનું અકરણ, પુણ્યનું કરણ અને સ્વચિત્તનું શોધન - એ જ્ઞાની પુરુષોનું શાસન છે.

ગુરુની સ્મિતપ્રસન્નતા મનોગત સર્વ કામનાઓને ત્યજી આત્માથી આત્મા તુષ્ટ થઈ આત્મામાં વિરમે છે.

જ્ઞાનપ્રાપ્તિમાં વિઘ્ન કરનારી ત્રણ એષણાઓ છે:
વિત્તૈષણા - પુત્રૈષણા કરતાં લોકૈષણાનો ત્યાગ દુષ્કર છે.
આત્મા - અનાત્મા / ઈશ્વર - સંસાર પરસ્પર વિરુદ્ધ છે.
એક જગદીશે પ્રેમ તો બીજો જગતથી ઉદાસીનતા.
અનાત્મ વસ્તુઓમાં વિરાગ - અનાસક્તિ કેળવ એટલે
શાશ્વત ઉપર પ્રેમ આપોઆપ ઉદય પામે.
જ્ઞાનીમાં કામનાઓના સંપૂર્ણ ત્યાગની આવશ્યકતા છે.

## સ્થિતપ્રજ્ઞ એટલે...

સુખ - દુઃખ, રાગ - દ્વેષ, ભય - શોકરહિત, સર્વ ઇંદ્રિયોને
કાચબાની જેમ અંતર્મુખ કરી લેવાને સમર્થ હોય તે.
સ્વસ્વરૂપાનુભૂતિવાનને સુખ-દુઃખનો સ્પર્શ ન જ હોય.
સુખ - દુઃખની કલ્પનાઓ માનસિક છે.
આધ્યાત્મિક અનુભવની ભૂમિકા મનથી પર છે, તેથી
તેને સદા - સર્વદા - સર્વથા, આનંદ જ હોય છે.
તે સદા નિઃસ્પૃહી - સમદૃષ્ટિ - શમપૂર્ણ હોય છે.
જ્ઞાન વિનાનો દમ મિથ્યાચાર ગણાય.
જ્ઞાન આવ્યા પછી દમ સહજ પ્રાપ્ત છે.

o

દ્રવ્યાનુયોગ = શ્રુતિમાં શાશ્વત સિદ્ધાંતોનું પ્રતિપાદન છે તે.
ચરણાનુયોગ = સ્મૃતિમાં દેશકાળાનુસાર પરિવર્તન છે તે.

## જ્ઞાની ક્યાંય બંધાતો નથી

અજ્ઞાની જીવ દેહબદ્ધ રહે છે, જ્યારે
જ્ઞાની જીવ અભિમાનથી રહિત થઈને દેહમાં રહે છે.
આકાશ એમ સર્વત્ર રહ્યાં છતાં
જગતના એકેયપણ સ્થળે બંધાતું નથી,
સૂર્ય પ્રતિબિંબ રૂપે રહ્યાં છતાં
એમ જળમાં બંધાતો નથી,
વાયુ એમ સર્વ ઠેકાણે ફરવા છતાં ક્યાંય બંધાતો નથી,
તેમ દેહમાં રહ્યાં છતાં પણ જ્ઞાની ક્યાંય બંધાતો નથી.

સંત કવિ તુલસીદાસજી કહે છે કે:

તુલસી કાયા ખેત હૈ, મન સા ભયો કિસાન,
પાપ-પુણ્ય દોઉ બીજ હૈ, બુવે સો લુને નિદાન. (૧)

કાયા ખેતર - મન ખેડૂત છે, પાપ-પુણ્ય બીજ છે,
પુણ્યથી સુખ છે અને પાપથી દુઃખ છે.
મનરૂપી ખેડૂત તનરૂપી ખેતરમાં
પાપ વાવશે, તો પાપ ઉગાશે અને
મનરૂપી ખેડૂત જો પુણ્ય વાવશે, તો પુણ્ય ઉગાશે.
સુખના અર્થીએ પુણ્યની વાવણી કરવી જોઈએ અર્થાત્
કાયા પાસે પુણ્યનાં કર્મો કરાવવા જોઈએ, પાપનાં નહિ.

## શમ - દમ - સમ્મમાં ધર્મ સમાવિષ્ટ

ક્ષાંતી શમ = અહિંસા (મૈત્રી) - આત્મવત્ સર્વભૂતેષુ।
દાંતી દમ = સંયમ (વૈરાગ્ય) - માતૃવત્પરદારેષુ ।
શાંતી સમ્મ = તપ (ત્યાગ) - પરદ્રવ્યેષુ લોષ્ઠવત્ ।

શમ (ઉચ્ચ)માં બુદ્ધિનો, દમ (મધ્યમ)માં હૃદયનો, સમ્મ (મધ્યમ-ઉચ્ચ)માં શરીરનો વિકાસ છે. સ્મરણશક્તિના વિકાસ કરતાં સમજશક્તિનો વિકાસ વધુ કિંમતી છે.

સામાયિકમાં સમજશક્તિનો વિકાસ રહેલો છે.

બુદ્ધિ, શરીર, હૃદયના સમતોલ વિકાસનું નામ સામાયિક.

મિથ્યા દેહદમનથી તો જડતા આવે છે.

ગુણાતીત અવસ્થાવાળા મહાત્માઓ ગુણકાર્યોને મિથ્યા માની તેમાં રાગ - દ્વેષરહિતપણે વર્તે છે તથા સર્વાવસ્થામાં સમતા રાખી શકે છે.

સંતો ઉપર બેવડી જવાબદારી રહેલ છે:
એક આત્મકલ્યાણની, બીજી માનવ - વિશ્વકલ્યાણની.

સાચું શિક્ષણ મનુષ્યને સ્વાશ્રયી બનાવે, વિનયી બનાવે અને સહુને મદદ કરવા પ્રેરે.

સંસારના સંબંધો Real સત્ય નહિ, પરન્તુ તે Relative સત્ય છે. મનોનિગ્રહ જ ખરો યોગ છે.

समानां मोक्षसाधनं प्रति सदृशसामर्थ्यानां सम्यग्-
समाय दर्शनज्ञानचारित्राणां आयः लाभः सामायिकम् ।
समस्य रागद्वेषान्तरालवर्तितया मध्यस्थस्य सतः
सम आयः सम्यग्दर्शनादिलक्षणः समायः ।
साम सर्वजीवमैत्रीभावलक्षणस्य आयः सामायः ।

०

सामायिकविशुद्धात्मा सर्वथा घातिकर्मणः ।
क्षयात्केवलमाप्नोति लोकालोकप्रकाशकम् ।

०

सामं समं च सम्मं इगमिइ सामाइयस्स एगट्ठा ।
महुरपरिणाम सामं समं तुला सम्म खीरखंडजुई ।
- सामायिक निर्युक्ति

अनादिकर्मबन्धशैथिल्यता - सहजंमलं - योगकषाय -
परिणतिः । एतच्च यथावस्थित सकलजीवादि-
पदार्थ प्ररूपकं अत्यन्तानवद्याविसात - चरणकरण -
क्रियाधारं त्रैलोक्यगतशुद्धधर्मसंपद्युक्त
महासत्त्वाश्रयं अचिन्त्य शक्तिसमन्विताविसंवादि
परम - बोहित्थकल्पं प्रवचनं संघो वा,
निराधारस्य प्रवचनस्यासंभवम् । (परिशिष्ट-१४)

સામ બધે Egoless થવાય છે,
સમ બધે time - less થવાય છે અને
સમ્મ બધે સંપૂર્ણ શૂન્ય - void થવાય છે.
આ શૂન્ય જ પ્રકૃતિનું symbol છે.
જાતમાંથી જાતિમાં જવું, તે Egolessness છે.
અવસ્થામાંથી અવસ્થાવાનમાં જવું, તે timelessness
અને વિચારમાંથી નિર્વિચારમાં જવું, તે voidness છે,
તે જ absoluteness છે, તે જ પરબ્રહ્મ પદમાં
પહોંચવું છે. આ જ પ્રકૃતિ પામવાની ભાવના છે
અને આ જ શૂન્યતાની અભિવ્યક્તિ છે.
'ગીતા'નો સાર એટલે સામ - સમ - સમ્મ

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ २/५६
आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥ ६-३२
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्ण सुख दुःखे समः संगविवर्जितः ॥ १२/१८
अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥ १२/१३

(પરિશિષ્ટ-૧૫)

ભેદવિજ્ઞાન = પુદ્ગલથી જીવનો ભેદ.

અભેદવિજ્ઞાન = જીવોથી જીવનો અભેદ.

એકતાનું વિજ્ઞાન = પરસ્પર તથા દ્રવ્યની એકતા.

પ્રભુતાનું વિજ્ઞાન = દ્રવ્યમાં રહેલી પ્રભુતા.

ભેદવિજ્ઞાનની સાથે જીવત્વ સામાન્ય, દ્રવ્ય સામાન્ય
અને મહાસત્તા સામાન્યનો વિચાર અનુક્રમે
સામ, સમ અને સમ્મ સામાયિક નિપજાવે છે.
સામ દ્વારા અહિંસકભાવ, સમ દ્વારા સંયમભાવ અને
સમ્મ દ્વારા તપોભાવ પ્રગટ થાય છે.
અહિંસકભાવ ક્ષમાદિભાવોમાં પરિણમે છે અને
ક્ષમાદિભાવોમાં પરમ નિઃસ્પૃહતા - ઔદાસિન્ય પરિણમે.
ઔદાસિન્યભાવ એ જ આ તપધર્મનું ઉત્કૃષ્ટ પરિણામ છે.
તપધર્મનો ઉત્કર્ષ પરમૌદાસિન્યભાવમાં પરિણમીને
કૈવલ્ય જ્ઞાન અને કૈવલ્ય ધ્યાનમાં પરિણમે છે.
અત્ર કેવળી પ્રભુ છે, તે વિરહકાળના જીવો અત્યંત
ત્રૈકાલિક માતાને શરણે રહે, તો જ તેઓનું રક્ષણ થાય.
તે માતાઓ અનુક્રમે ત્રિપદીમાતા,
સમિતિ અને ગુપ્તિરૂપી ધર્મમાતા તથા
છેલ્લા સમાપત્તિરૂપી યોગીઓની માતા છે.

૪ પ્રકારની માતાઓ જ સ્વશિશુરૂપ આત્માને, નિષ્પુણ્યક, નિર્ધર્મક અને દુર્ધ્યાનરૂપી પિશાચથી ગ્રસ્ત રહેલાં જગતનું બાળકની યાતનાથી રક્ષણ કરે છે, માટે જ સ્વમાતાના રક્ષણમાં રહેવું, એ જ વિવેકી જગતનું પરમ કર્તવ્ય છે. <u>પ્રથમ માતા વૈખરી, દ્વિતીય મધ્યમા, તૃતીય પશ્યંતી અને ચતુર્થ માતા પરા તીર્થરૂપ - પરમ પૂજનીય છે.</u>

૦ ચમત્કાર જેવી કોઈ વસ્તુ આ જગતમાં છે નહિ.

અથવા તો બધો ચમત્કાર જ છે, જેમ કે:

પૃથ્વી અધ્ધર લટકી રહી છે અથવા શરીરમાં આત્મા છે, અરૂપ બાહુબલ છતાં આત્માને આંખો દેખતાં નહિ, એ ત્યારે ચમત્કાર છે. તેની આગળ બાકી કહેવાતાં ચમત્કારો તો જાદુગરના આંબા જેવા ક્ષુલ્લક લાગે!

વિવેકભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુખૈઃ । <u>અર્થાત્</u>: વિવેકથી ભ્રષ્ટ થાય, તેનું પતન સેંકડો મુખે થાય છે.

કોઈને ય ગટરોમાં આળોટવાનું સ્વાતંત્ર્ય આપી ન શકાય.

કશુંક પાછું લેવાની કાંઈ જ અપેક્ષા રાખ્યા વિના એકતરફી રીતે આપવાના આશયવાળી મૈત્રી શ્રેષ્ઠ છે.

મોક્ષનું ઉપાદાન કારણ રત્નત્રયની આરાધના છે અને રત્નત્રયની આરાધનાનું મૂળ વિનય છે.

કૃતજ્ઞતા ગુણની ઓળખાણ વિનયથી થાય છે. કૃતજ્ઞ
આત્મા જ ઉપકારીઓનો યથાર્થ વિનય કરી શકે છે.
લક્ષ્મીનું, સમસ્ત સુખોનું, ધર્મનું અને સર્વ કલ્યાણનું
મૂળ એક વિનય છે તથા કૃતજ્ઞતા ગુણનું પાલન છે.

ભણો મણ ભાર કરતાં પણ
એક મુઠ્ઠી આચરણની કિંમત અધિક છે.

પ્રત્યેક આત્મા સ્વભાવથી પરિપૂર્ણ છે જ.
અજ્ઞાનનું આવરણ ગમે તેટલું ઘટ્ટ થાય તો પણ છેવટે
તો દરેક આત્માને સ્વસ્વરૂપનું ભાન તો થવાનું જ.
પ્રકૃતિનો હેતુ જ એ છે કે જીવાત્માઓને ભિન્નભિન્ન
અનુભવોમાંથી પસાર કરીને છેવટે પોતાના સ્વરૂપનું
ભાન કરાવવું. બૌદ્ધિક વિકાસ એકંદર સહેલો છે પણ
મનના વિકારો ઉપર કાબુ મેળવવો, મમતા ત્યાગવી,
ચિત્તને વિશાળ - પ્રેમાળ બનાવવું, તે અતિવ કઠિન છે.
આધ્યાત્મિક ઉન્નતિ માટે આ સદ્ગુણ પ્રથમ જરૂરી છે.

બુદ્ધિનું સ્થાન આની અપેક્ષાએ ગૌણ છે.

હિંસાદિ પાપસ્થાનોનો પરિહાર કરવા અત્યંત ઉપયોગી,
કૃતજ્ઞતા અને પરોપકાર ગુણના પાલનમાં સહાયક
ક્ષણિકવાદ સ્વતંત્રતાપોષક છે, નિત્યવાદ કૃતજ્ઞતાપોષક છે.

Imp

અશુભમાંથી શુભમાં જવા માટે
નિત્યવાદ, દ્રવ્યાર્થિકનય, વ્યવહારપક્ષનું આલંબન લેવું.
શુભમાંથી શુદ્ધમાં જવા માટે ક્ષણિકવાદ,
પર્યાયાર્થિકનય તથા નિશ્ચયવાદનું આલંબન સ્વીકારવું.
સુખમાં વિરક્તિ માટે અનિત્યવાદ ઉપકારક છે, દુઃખમાં
ધૈર્ય કેળવવા માટે નિત્યતાનો પક્ષ ઉપકારક થાય છે.
વસ્તુ નિત્યાનિત્ય - ઉભય ધર્મયુક્ત છે,
તેનો યથાયોગ્ય પ્રયોગ કરવા માટે
વિરુદ્ધ ધર્મોને જણાવનાર નયવાદનો બોધ આવશ્યક છે.
'આત્મા નિત્ય છે' એમ માનનારને સંસારમાં બનતાં
બનાવોની અસર થતી નથી, ત્રિગુણની રમત સમજાય છે.
'આત્મા ક્ષણિક છે' એમ માનનારને ભૂત - ભાવિની
ચિન્તા, ભય, શોકાદિ લાગણીઓથી બચી શકાય છે, તેની
અસર થતી નથી અને સમત્વ અખંડ જળવાઈ રહે છે.
શમ માટે નિત્યવાદ, સમ માટે અનિત્યવાદ અને
સમ્મ માટે નિત્યાનિત્યવાદ ઉપકારક થાય છે.
જેમ ૯ કુઠાર વડે ૧૮ પાપનો છેદ તથા
નવપદની પ્રાપ્તિ થાય છે, તેમ નવકાર દ્વારા પણ
૧૮ પાપનો છેદ અને નવપદની પ્રાપ્તિ થાય છે.

# ૯ પુણ્ય વડે નવપદની પ્રાપ્તિ તથા ૧૮ પાપોનો છેદ

| | | |
|---|---|---|
| (૧) અન્ન | અરિહંત | હિંસા - મૃષાનો છેદ. |
| (૨) જલ | સિદ્ધ | અદત્ત - અબ્રહ્મનો છેદ. |
| (3) વસ્ત્ર | આચાર્ય | પરિગ્રહ - ક્રોધનો છેદ. |
| (૪) આસન | ઉપાધ્યાય | માન - માયાનો છેદ. |
| (૫) શયન | સાધુ | લોભ - રાગનો છેદ. |
| (૬) મન | દર્શન | દ્વેષ - કલહનો છેદ. |
| (૭) વચન | જ્ઞાન | અભ્યાખ્યાન - પૈશુન્યનો છેદ. |
| (૮) કાયા | ચારિત્ર | અરતિ - પરપરિવાદનો છેદ. |
| (૯) નમસ્કાર | તપ | માયામૃષા - મિથ્યાત્વશલ્યછેદ. |

નમસ્કારના સ્મરણ વડે ચૂલિકાના ચાર પદોમાં અનુક્રમે દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપપદ અને તે વડે દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ - અરતિ, પરપરિવાદ, માયા - મૃષાવાદ અને મિથ્યાત્વશલ્યરૂપી આઠ પાપોનો છેદ થાય છે અને નમસ્કારના પ્રથમ પાંચ પદોમાં પંચપરમેષ્ઠિઓના સ્મરણ - ધ્યાનથી અનુક્રમે હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા તથા લોભ અને રાગ - પાપસ્થાનનો છેદ થાય છે,

તેમાં હેતુ અભય - અદ્વેષ - અખેદ છે.

પહેલું આત્મભાન, પછી આત્મજ્ઞાન, પછી આત્માનંદ
અને છેલ્લું આત્માનું અખૂટ બળ પ્રાપ્ત થાય છે.

તદ્વિષ્ણોઃ પરમં પદં સદા પશ્યન્તિ સૂરયઃ ।
દિવીવ ચક્ષુરાતતમ્ । ઋ - ૧/૨૨/૨૦ મેધાતિઃ

તે વ્યાપક પરમાત્માના શ્રેષ્ઠપદને જ્ઞાની પુરુષ સદૈવ
દેખે છે, જેમ દ્યુલોકમાં વ્યાપ્ત સૂર્યને દેખે છે તેમ.

ક્રતુમયઃ પુરુષઃ । કૃતં લોકં પુરુષોઽભિજાયતે ।

પુરુષ પોતાના સંકલ્પ પ્રમાણે બને છે અને પોતે
રચેલાં વિચાર, ઇચ્છા કે સંસારમાં જન્મ ઇચ્છા કરે છે.
સંકલ્પ, ભાવ, પરિણામ, આશય, ભાવના સમાર્થક છે.

અસ્વસ્થ તનમાં સ્વસ્થ મન રહી શકે છે પરંતુ
અસ્વસ્થ મન કદી તનને સ્વસ્થ રહેવા દેતું નથી.

સ્વસ્થ વિચાર એ સંસારની અમૂલ્ય સંપત્તિ છે.
ટા પાડવાની ભત થવા, તે ટાળત છે - અવસ્થાંતર છે.

o

'વિદ્યા લહશે તેટલી, ભણે તેના ભગવાન;
પુસ્તક વાંચે તેટલું, સમજે તેનું જ્ઞાન.'

Wealth lost - nothing is lost,
Health lost - something is lost,
character lost - everything is lost.

V.V. Imp. ઉપયોગશુદ્ધિ વડે કઈ રીતે ઉર્ધ્વગતિ ?

જીવનું લક્ષણ ઉપયોગ એટલે સ્વભાવભૂત છે.
તેનું રક્ષણ યોગથી, યોગનું રક્ષણ પ્રશસ્ત આલંબનોથી છે,
પ્રશસ્ત આલંબનો પૂરાં પાડનાર તીર્થ છે,
તે તીર્થના સ્થાપક તીર્થંકર છે,
તીર્થંકરોની પુણ્યપ્રકૃતિઓના વિપાકોદયથી તીર્થ મળે છે,
તીર્થના પ્રભાવે પ્રશસ્ત આલંબનો મળે છે,
આલંબનોના પ્રભાવે યોગશુદ્ધિ થાય છે,
યોગશુદ્ધિના પ્રભાવે ઉપયોગશુદ્ધિ થાય છે અને
ઉપયોગશુદ્ધિ વડે પ્રાંતે ઉર્ધ્વગતિ થાય છે.

'લલિત વિસ્તરા'માં કહ્યું છે કે:

જીવોમાં ધર્મ કલ્યાણના સર્જનની યોગ્યતા પરમાત્માથી ઉત્પન્ન થાય છે તથા જીવોને ધર્મશાસન દ્વારા સુદેવગતિ, સુમનુષ્યગતિ વગેરે કલ્યાણનું સંપાદન શાસન દ્વારા તથા પરમાત્મા વડે થાય છે.

अकृत्वा परसन्तापमगत्वा खलनम्रताम् ।
असंत्यज्य सतां वर्त्म यत् स्वल्पं तद् वै बहुः ॥१॥
वृत्तं यत्नेन संरक्षेत् वित्तमेति च याति च ।
अक्षीणो वित्ततः क्षीणो वृत्ततस्तु हतोहतः ॥२॥

(પરિશિષ્ટ-૧૬)

જે શક્તિ ધન કે સત્તારૂપે સમાજનું
ધોવાણ - શોષણ કરે છે, તે આધ્યાત્મિક શક્તિ
પવિત્રતા - સંયમ અને નિઃસ્વાર્થપણામાંથી ઉદ્‌ભવે છે.
આવા ગુરુજીના આશિષબળથી જ સંસાર ટક્યો છે,
તેના અભાવે સંસાર ભયંકર નરક બની વિધ્વંસ પામે.
'એક જ ગુરુ કે ગ્રન્થને વળગી રહેવું'
તેનો અર્થ એવો નથી કે...
બીજા પ્રત્યે આદર ન રાખવો અથવા
બીજા પાસેથી કાંઈપણ ગ્રહણ ન કરવું.
ધ્યેય એક છે, તેની પ્રાપ્તિના માર્ગો અનેક છે.
જેમ જેમ ચિત્તમાં વિકાસ થતો જાય,
તેમ તેમ પ્રત્યેક સાચા સાધકે
ઉચ્ચતર સાધનપદ્ધતિ ગ્રહણ કરવી જોઈએ.
માર્ગોમાં વૈવિધ્ય અનિવાર્ય છે.
આપણી સંશોધન વૃત્તિ સતેજ જોઈએ તથા
નૂતન સર્જનાત્મક શક્તિ જાગૃત રહેવી જોઈએ.
સૃષ્ટિ એટલે અનેકતા - વિવિધતા - પરિવર્તનશીલતા
અને સાધકનો જ્યારે ખરો વિકાસ થાય છે,
ત્યારે પોતાને અનુકૂળ માર્ગ પોતે જ શોધી કાઢે છે.

**ચિન્તન કરો કે : મારા દેવ - ગુરૂ - ધર્મ કેવા છે?**

અરિહંતો મહદેવો જાવજ્જીવં સુસાહુણો ગુરુણો।
જિણપણ્ણત્તં તત્તં ઇઅ સમ્મત્તં મએ ગહિઅં॥ (પરિશિષ્ટ-૧૭)

(૧) મારા દેવ એ અરિહંત પરમાત્મા છે.
તેઓ મોહ, માયા, મમતાના સર્વથા ત્યાગી છે.
તેમનું વચન મને સંપૂર્ણ માન્ય છે.
જેમના વચનમાં એક અંશ પણ સંદેહ મને નથી,
તેમની આજ્ઞા શુભકારી, મંગળકારી, કલ્યાણકારી,
હિતકારી તથા આ ભવ - પરભવ - ભવોભવ અને
અંતે શાશ્વત સુખ દેનારી છે, તેને જ હું માનીશ.
(૨) મારા ગુરૂ કેવા છે? તેઓ અરિહંતે કહેલાં
વચન ઉપર વિશ્વાસ ધરાવનાર, જેમના વચન મુજબ
પ્રરૂપણાને કરનારા, કંચન તથા કામિનીના ત્યાગી અને
પંચ મહાવ્રતધારી છે, તેમને જ હું જીવનભર માનીશ.
(3) મારો ધર્મ કેવો છે? અરિહંતના વચન મુજબ દયામય,
નિશ્ચયથી વસ્તુસ્વભાવ રૂપ ધર્મ અથવા
આત્માના જ્ઞાન - દર્શનાદિ ગુણલક્ષણમય
આપ સ્વભાવમાં વર્તવું તે અને વ્યવહારથી
પ્રભુઆજ્ઞા એ ધર્મ, ઉપયોગે ધર્મ, જયણા એ ધર્મ,

જે જે અંશે નિરૂપાધિકપણું - તે તે અંશે ધર્મ,
દુર્ગતિમાં પડી રહેલાં જીવને હસ્તાવલંબન આપી,
તે દશવિધ યતિધર્મ તથા દ્વાદશવિધ ગૃહસ્થ ધર્મ.

<u>અરિહંતાદિ પરમ મંગળ, ઉત્તમ અને શરણભૂત છે.</u>

મારો આત્મા સંસારમાં રહે, ત્યાં સુધી મને પરમનું શરણ છે. મારા આત્માએ આ ભવ તથા ભવોભવ, જાણતાં - અજાણતાં અને બિનાકારણ વિરુદ્ધ મનથી ચિન્તન, વચનથી ભાષણ અને કાયાથી પ્રવૃત્તિ કરી, તે અશુભ કાર્યોને નિંદું છું, ૩ વાર મિચ્છામિ દુક્કડં દઉં છું. મારા જીવે આ ભવમાં આજ સુધી, ગત ભવમાં અને ભવોભવને વિષે જે કોઈ વીતરાગની આજ્ઞા સહિત મનથી ચિંતવન, વચનથી ભાષણ અને કાયાથી પ્રવૃત્તિ કરી હોય, તેવા સર્વે કાર્યોની વારંવાર અનુમોદના કરું છું તથા એવા કાર્ય વારંવાર કરવાની ભાવના રાખું છું.

૮૪ લાખ જીવાયોનિ વિષે મારા જીવે
આ ભવમાં અને ગત ભવોમાં જે કોઈ પીડા દીધી,
તે સર્વ જીવોની હું ક્ષમા માંગું છું.

અઢારે પાપ આ ભવમાં યા ગત ભવોમાં મારે જીવે સેવ્યાં હોય, તે સર્વ પાપોનું મિચ્છામિ દુક્કડં દઉં છું.

(૧) સમ્યક્ત્વની પ્રતિજ્ઞા (અરિહંતો મહદ્દેવો)
(૨) અરિહંતાદિ ચારનું શરણ (ચત્તારિ મંગલં)
(૩) દુષ્કૃતગર્હાદિ ત્રણ કૃત્યો (ખામેમિ સવ્વ જીવે)
(૪) સુકૃતની અનુમોદના (અર્હન્તો ભગવન્ત)
(૫) જીવરાશિના ખામણાં (શિવમસ્તુ સર્વ જગત:)
(૬) અઢાર પાપસ્થાનકોની આલોચના
(૭) ચાર મંગળ, ચાર લોકોત્તમ, ચારના શરણ
(૮) પંચ પરમેષ્ઠિ સ્મરણ (૯) શિવમસ્તુની ભાવના

(૧) અર્થ: સંસારના સર્વ જીવ સુખ પામો, પરહિત કરનારા બનો, સર્વના પાપદોષ નષ્ટ થાઓ, સર્વ જીવ પૂર્ણ સુખને પામો.

(૨) સંસારના સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો મને પ ક્ષમા આપો, સંસારના સર્વ જીવો વિષે મારે મિત્રતા છે અને સંસારના કોઈ જીવ સાથે મારે વૈરભાવ નથી. સંસારના સર્વ જીવો સાથે મારે વ્યવહાર સંબંધ રહેલાં છે. સંસારમાં રહેલ સર્વ જીવોનો મારા ઉપર અનેક ભવોનો ઉપકાર તથા ઋણ વગેરે રહેલાં છે, તેઓના ઉપકારને ચૂકવવા પૂરતી કાળજી રાખીશ. સર્વ જીવોને સુખ કરવા હું સતત ભાવના ભાવું છું.

## આત્મચિન્તવન - હું કોણ?

જ્ઞાન - દર્શન - ચારિત્ર રત્નત્રયીનો ધારક,
અસંખ્યાત પ્રદેશી, અનંત શક્તિનો ધણી,
અનંત ગુણોનો ધારક, અરૂપી, નિરંજન, નિરાકાર,
સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપી, અજ, અવિનાશી,
અકલંક, અજરામર એવો આત્મા - જીવ - ચેતન.
અનાદિ - અનંત કાર્મણ તૈજસ - ઔદારિકાદિ શરીરની
ઉપાધિને લઈને કર્મના સંયોગોથી આહારાદિ ૪ સંજ્ઞા
અને વિકથાદિ ૫ પ્રમાદરૂપી મદિરાપાનમાં પાગલ બનેલો
ચાર ગતિરૂપી સંસારદાવાનલની આગ રૂપી ભઠ્ઠીમાં
શેકાતો, ભુંજાતો, બળાતો, રંધાતો તથા વિવિધ જાતિના
દુઃખોને સહન કરતો, ચોરાશીના ચક્કરમાં નવા નવા
નાટક નાચતો, નવા નવા રૂપ ભજવતો, વેષ ધારણ કરતો,
૯ નોકષાયમાં અંતરંગ બની ૨૫ કષાયોને રાત-દિવસ
સેવતો, મિથ્યાત્વ - અવિરતિ - કષાય અને યોગ વડે
પાપરૂપી આશ્રવમાં રાગ-દ્વેષ દ્વારા લોહચુંબકની પેઠે
પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ - એ ૪ પ્રકારના ૭ કર્મોને
ક્ષણેક્ષણે તથા આયુષ્ય કર્મને એક ભવમાં એક વખતે-
એમ કર્મની વર્ગણાને ગ્રહણ કરી પ્રદેશોની સાથે જોડી,

તેહના વિપાક ફળ રૂપે આ સંસારસાગરના વમળોમાં ઘોર દુઃખમાં અથડાતો, કુટાતો, નદીઘોળપાષાણ ન્યાયે વર્તમાન કાળે આર્યદેશ, મનુષ્યગતિ, જૈનકુળમાં આવી પહોંચ્યો. અહીં દેવ-ગુરુની કોઈ પરમ કૃપાએ કુમળો આત્મા કંઈક જાગૃત થયો. હું કોણ? કેસરી સિંહથી પણ અનંત શક્તિનો ધણી, અનંત ગુણોનો માલિક, અનંત સુખનો ભોક્તા એવો પંચમગતિનો મુસાફર, આ બકરીઓના ટોળામાં બેં બેં કરી રહ્યો, કાદવ અને કીચડમાં ખૂંચી રહ્યો, બળતી અગ્નિમાં બળી રહ્યો. મારા અનંત મિત્રો શાશ્વતા સુખનું ધામ એવા પંચમ ગતિમાં પહોંચી ગયા, તો મારી આ દશા કેમ?

આત્મરાજની બ્હેન સુમતિ નામની સખી બોલી:
હે આત્મન્! અનાદિ કાળથી તારા આત્માને ભૂલી ગયો, ખાલી જડ પુદ્ગલની મોહજાળમાં ફસાઈને મન-ઇંદ્રિયો જેમ નચાવે - તેમ તું નાચ્યો, કુમતિની આશા પાળી, મોહરાજાએ તો તેર કાઠિયાનું એવું જાળ પાથરી દીધું અને એવો વિચાર પણ આવવા ન દીધો કે:
હું કોણ? હું તો શરીરથી અલગ શાશ્વત આત્મા, અરૂપી - અનંત શક્તિનો ધણી છું, ખાલી પરવસ્તુની

મમતાની સાથે ૧૮ પાપનું સેવન કરી, તેના ફળરૂપે
ઘોર દુઃખો ભોગવ્યાં, હવે ગઈ વાત યાદ કરવાથી શું?
'જાગ્યા ત્યારથી સવાર' એમ માનીને
હવે પુદ્ગલના મોહને વિચાર.
ડાકુ, લુંટારા, ચોર - એમનો સ્વભાવ જ એવો હોય છે
કે સંસારી જીવો પૌગલના પંજામાં આવ્યા,
તેને છોડવાનો વિચાર જ ન કરે. તેથી કહ્યું છે કે:
'અનાદિ કાલથી ચૂકીયો ચેતન, ઈહ અવસર મત ચૂક,
માર નિશાના મોહરાય કું, છાતી મેં મત ચૂક.'
હે આત્મન્! તારી તાકાત સિંહ યા ગજરાજ જેવી છે,
તારી આગળ મોહરાજા અને એના સુભટ તો
બકરી અને કીડી સમાન છે.
હવે તો અરિહંત પરમાત્માની પેઢી અર્થાત્
શાસનનો સથવારો મળ્યો છે. જો હવે તું વિચાર કરીશ,
તો અનાદિકાળનું દુઃખ - જન્મ - મરણને મિટાવી શકે છે.
આ શાસનની પેઢીનો વહેપાર એવો છે કે
વેપારને કરવામાં જેનું મન લાગી જાય, તે જ્યાં સુધી
શાશ્વત સુખ ન મળે, ત્યાં સુધી સંસારમાં રહેતાં છતાં
શાશ્વત સુખનો અનુભવ કરી શકે છે.

## શાસનની પેઢીમાં વહેપાર કરવાની રીત

અરિહંત પરમાત્માના વચનને મનમાં ધારણ કરીને 'સંસારના સર્વ પ્રાણીઓ પોતાના આત્માની તુલ્ય છે.'

'આત્મવત્ સર્વભૂતેષુ । યઃ પશ્યતિ સ પશ્યતિ।'

'સર્વને સુખ પ્રિય છે - દુઃખ અપ્રિય છે' એમ સમજીને અન્ય જીવોને દુઃખ આપવાનું બંધ કર. પરવસ્તુમાં પાગલ બનીને ૧૮ પાપફળ અવશ્ય ભોગવવા જ પડશે. જો તારે સુખી જ થવું છે, તો તારી પૂરી શક્તિને તું પાપને રોકવામાં લગાવી દે. સર્વ જીવને તારા તરફથી દુઃખ આપવાનું બંધ કરીશ, તો આવતાં કર્મને રોકી શકીશ અને સર્વ જીવોને સુખી કરવામાં મન-વચન કાયાને જોડી દઈશ, તો સંવર-નિર્જરા સાધવા દ્વારા કેવળ આનંદ, આનંદ અને આનંદનો ભોક્તા બનીશ.

## આત્મભાવના

હું જ્ઞાતા, દૃષ્ટા, અરૂપી, શુદ્ધ આત્મતત્ત્વ છું. સિદ્ધસ્વરૂપ, નિરંજન, નિરાકાર, જ્યોતિસ્વરૂપ છું. પુદ્ગલના રાગ, મોહ, મમતાના કારણે અનાદિકાળથી આ જીવની સાથે કર્મના કારણે જડનો સંયોગ ચાલ્યો આવે છે, નવા કર્મ જીવ કરતો રહે છે અને જુના

કર્મ જન્મ, જરા, મરણ અને વિવિધ જાતિના દુ:ખ ભોગવવાથી ખપે છે. આ દુ:ખથી છૂટવાની તમન્ના લાગી હોય અને આ ભવ, પરભવ, અંતે શાશ્વત સુખ પ્રાપ્ત કરવા ઇચ્છા જાગી હોય, તો આ કાર્ય કરવું પડશે.

(૧) <u>મહાપુરુષો ચેતનને આ પ્રમાણે જગાડે છે</u>:

'જ્ઞાન અનંત ભર્યો નિજગુણ, તે પુદ્ગલ આવરાયા જ,
અનંત શક્તિનો ધણી તે, ઈહાં ફકીર કરીયા જ' ...(૧)
પુદ્ગલમોહે પ્રસંગે ચેતન, ચાર ગતિ મેં ભટકે જ,
પુદ્ગલમોહ તજ શિવ જાતાં, સમયમાત્ર નહિ અટકે જ.(૨)
ગર્ભાદિક દુ:ખ વાર અનંતી, પુદ્ગલ સંગે પાયો જ,
પુદ્ગલ સંગ નિવાર પલક મેં, અજરામર કહેવાયે જ.(3)
જન્મજરા મરણાદિક ચેતન, નાનાવિધ દુ:ખ પાવે જ,
પુદ્ગલસંગ નિવાર વળ દિન, અજરામર હોય જાવે જ.(૪)

આ પદમાં કહ્યા મુજબ
હવે ચેતનને જગાડવું જ જોઇએ.
પહેલાં જડ - ચેતનનું ભેદજ્ઞાન કરીને
વીતરાગ પ્રભુની આજ્ઞા મુજબ શ્રદ્ધા કરવી પડશે.
ચેતન તો પોતાનું છે, તે જડના સંયોગાદિક
કર્મના કુચક્રે ભાડાના મકાનની માફક છે.

મિથ્યાત્વ અને અજ્ઞાનદશામાં પરવસ્તુમાં રાગ-દ્વેષ કરીને
વગર જરૂરે ઘણું દુઃખનો ભાર ભરાયો છે. હે આત્મન્!
હવે તું વિચાર કે એક પુદ્ગલે ય આત્માને જરૂરી
નથી કે કામમાં આવતો નથી, તો પછી પરવસ્તુમાં
રાગ-દ્વેષ, મમતાદિ છોડી દે. પુદ્ગલનો સંયોગ છે, ત્યાં
સુધી તેનું કાર્ય પુદ્ગલના કબજો પુદ્ગલ કરે છે.
(૨) હે આત્મન્! તું તો દુકાનનો માલિક છે, શેઠ છે,
તારી પેઢી ઉપર રહે છે, તો મન અને પાંચે ઇંદ્રિયો
આદિ સર્વ નોકરો ઉપર જાગ્રત બનીને કાબુ રાખ.
મોટા મુનિમ 'મનજી' છે, તેને ભલામણ કરી દે કે:
'જુઓ, મેં બેભાન અવસ્થામાં તમારા ભરોસે રહી તથા
તમારામાં શામિલ રહીને ઘણો જ માર ખાધો છે. હવે
મને પરમાત્માના વચન પર પૂરો વિશ્વાસ થયો છે.
શ્રી અરિહંત પરમાત્માના વચન ઉપરના વિશ્વાસથી
મને હવે ભાન થયું છે કે મનજી!
તમારો અને મારો સંયોગ તો થોડા જ સમયનો છે.
કાર્ય કરવામાં વીતરાગ પ્રભુની આજ્ઞા અનુસાર જ
તમારે વર્તન કરવું પડશે તથા જરૂરીયાત સિવાય
એક ડગલું ભરવામાં પણ હવે મારી સાથ નહિ મળે.'

(૩) સંસારના સર્વ જીવ મારા આત્મતુલ્ય છે, જેવું સુખ મને પ્રિય છે, તેવું જ સુખ સર્વ જીવો ચાહે છે.
મનને આધીન થવાથી સંસારના જીવોને
અધિક પીડાકારક થવાય છે, મારા આત્મહિત માટે તો
એક પણ જીવને દુઃખ ન દઈને સર્વ જીવોને
સુખી કરવાની ભાવનામાં રાત-દિવસ રહેવું જોઈએ.
(૪) સર્વ જીવોને સુખી કરવા માટે, સંવર-નિર્જરાના
કાર્યો કરવા માટે રાત-દિન પ્રયત્નશીલ રહેવું જોઈએ.
એ માટે શાસનના સર્વસ્વ માલિક
અરિહંત પરમાત્માની સેવા, ભક્તિ, પ્રાર્થના અને
શરણાગતિ એ જ એક ઉપાય છે. એમની અચિન્ત્ય
શક્તિ સર્વ મનોકામનાઓ પૂર્ણ કરવા સમર્થ છે.
મારી પોતાની શક્તિથી આ કાર્ય થઈ શકે તેમ નથી.
આજે હવે અટલ સંપૂર્ણ શ્રદ્ધા છે કે:
અરિહંત પરમાત્માની ભક્તિ અને આજ્ઞારાધનાના જ
પ્રતાપે પુદ્ગલનો રાગ નષ્ટ થઈ જશે અને
અનાદિકાળનો આ ભવરોગ અવશ્ય નાશ જ પામશે.
(૫) હું આત્મા - અનાદિકાળથી છું.
શરીર, મન અને ઇંદ્રિયોને મારાં માનીને અનાદિકાળથી

કર્મ સંયોગવશાત્ વિષયોમાં આસક્તિ કરવા દ્વારા
કષાય અને રાગ-દ્વેષવશ લોહચુંબકની માફક કર્મની
વર્ગણાઓને આત્મપ્રદેશોની સાથે એકઠી કરી,
જેના ફલસ્વરૂપ સંસારમાં પરિભ્રમણ ચાલુ જ રાખ્યું.
અનંતાનંત કાળ પર્યન્ત અવ્યવહાર રાશિમાં રહી
એક મુહૂર્તમાં ૬૫૫૩૬ વાર જન્મ-મરણના
દુઃખ ભોગવતાં - ભોગવતાં અકામ નિર્જરાની સાથે
સિદ્ધ પરમાત્માના ઉપકારથી વ્યવહાર રાશિમાં આવ્યો.
પછી અથડાતાં, કુટાતાં, વિવિધ પ્રકારનાં દુઃખો ભોગવતાં
સ્થાવરમાંથી ત્રસકાયમાં આવ્યો અને પાછો સ્થાવરમાં ગયો.
એ રીતે આવતાં - જતાં, આવતાં - જતાં કદાચ મારો
ભેટો અરિહંત પરમાત્મા સાથે થયો પણ હશે, ઉપદેશ
પણ મળ્યો હશે, કિન્તુ મારી - આત્માની પિછાન કરી નહિ.
આજ સુધી જડ-ચેતનનું ભેદજ્ઞાન થયું નહિ, તે કારણે
ભટકતાં ભટકતાં વર્તમાનકાળમાં આર્ય દેશ, મનુષ્યગતિ
ઉત્તમ કુળ, અરિહંત પરમાત્માનું શાસન, જૈનધર્મ તથા
દેવ અને ગુરુકૃપાથી સુદૃઢ રૂપે ઉત્તમોત્તમ એવો
આ મનુષ્યજન્મ મળ્યો. અરિહંત પરમાત્માના અનહદ
ઉપકારથી તારક તીર્થ મળ્યું, તેના પ્રભાવે જાગૃત દશા આવી,

આત્મભાન થવાથી જડ ચેતનના ભેદજ્ઞાનની ચોટ લાગી
અને એમ સમજમાં આવ્યું કે: હું ચેતન, અણાહારી,
અરૂપી, શાશ્વત, સિદ્ધની સમાન અનંત શક્તિવાળો,
આપ સ્વભાવમાં, જ્ઞાન - દર્શન - ચારિત્રમાં રહેનારો
પુદ્ગલની પાછળ પાગલ બનીને બહુ પછી સમજાયું કે:
'પુદ્ગલ તો સડણ, પડણ, વિધ્વંસન, ગલન સ્વભાવવાળું છે,
મારે તેની સાથે કોઈ લેવા - દેવા નહિ,
કર્મ સંબંધથી માત્ર સંયોગ સંબંધ છે'
એવી શ્રદ્ધા અરિહંત પરમાત્માના વચનબળે દૃઢ થઈ કે:
વિષયોમાં આસક્તિ કરવી, કષાયી બનવું, રાગી - દ્વેષી
બનવું નિરર્થક છે, પુદ્ગલનું કાર્ય પુદ્ગલ કરે જ છે,
આત્મા તો નિશ્ચયથી વીતરાગ છે.
વીતરાગની આજ્ઞા મુજબ સર્વ જીવોના
હિતચિંતન વડે આત્મા શાશ્વત સુખનો ભોક્તા છે,
કે જ્યાં શરીર નહિ, મન નહિ અને
શરીર - મન દ્વારા મળનારાં દુ:ખોનો લેશ પણ નહિ!
સર્વ જીવોને પોતાના આત્મા સમાન માની
સર્વને સુખી કરવાની ભાવના સફળ બનાવવા માટે
અરિહંત પરમાત્માની નિત્ય પ્રાર્થના કરવી,

જેથી જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ મળે અને
તે પછી કોઈ જીવને દુઃખ દેવાનું ન રહે તથા
'સર્વે જીવો સુખી થાય' એ ભાવના ફળવતી બને.

ત્રણ પ્રકારે અધિકારી : કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ.
શાક્ત પરિભાષામાં અનુક્રમે પશુ, વીર અને દિવ્ય.
સાંખ્ય પરિભાષામાં સાત્ત્વિક, રાજસિક અને તામસિક.

અધિકાર અનુસાર સિદ્ધિ એક જન્મમાં અથવા અનેક
જન્મો પછી થાય છે. સતત સત્સંગ, ભગવાનના
નામ, રૂપ, ગુણોનું વર્ણન જેમાં હોય, તેવા ગ્રન્થોનું
શ્રવણ, અધ્યયન તથા ઉપાસનાની આવશ્યકતા રહે છે.

## બાર ભાવના

(૧) અનિત્ય ભાવનામાં એમ વિચારવું કે:
જે આંખથી દેખાતી બધી જ વસ્તુઓ પુદ્ગલનો ખેલ છે.
શરીર, ધન, માલ, વૈભવ, વિલાસ અને તેનાં સઘળાં
સાધનો નાશવંત - સડણ, પડણ, ગલન સ્વભાવવાળા છે,
તેની સાથે આત્માને કોઈ લેવા - દેવા નથી.
કર્મસંયોગથી માત્ર થોડી મુદત માટે સાથે રહેનારાં છે,
માટે તેમાં આત્માએ જરા પણ
રાગ-દ્વેષ કરવા યોગ્ય નથી, વાજબી નથી.

(૨) અશરણ ભાવનામાં એમ વિચારવું કે:
આત્માના હિતમાં મદદગાર આધારે દેવ-ગુરુ-ધર્મ છે,
અરિહંતાદિ ચારનું શરણ છે, સંસારના સ્નેહી તો
પુદ્ગલભોગોમાં પાગલ બનાવી રાગની ભઠ્ઠીમાં ધક્કો મારવાનું
અને આત્મહિતમાં બેભાન બનાવવાનું કાર્ય કરનારા છે.

(૩) સંસાર ભાવનામાં એમ વિચારવું કે:
આ ચાર ગતિ રૂપ સંસારદાવાનલમાં
ભટકતાં જીવને કોઈ જગ્યાએ શાંતિ મળી નહિ,
રાગરૂપી અગ્નિની સર્વ જગ્યાએ જ્વાળા જલી રહી છે.
વિવેકી જીવ તો સંસારને ત્યાગ કરવાલાયક જ સમજે છે.

(૪) એકત્વ ભાવનામાં એમ વિચારવું કે:
આત્મા! તું એકલો આવ્યો છે, એકલો જ જવાનો છે.
તારું કોઈ નથી, તું કોઈનો નથી.
દુઃખનું મૂળ કર્મનો સંયોગ છે, પુદ્ગલને પોતાનું માની
હોંશે રાગ-દ્વેષ કરીને તું કર્મને બાંધે છે.

(૫) અન્યત્વ ભાવનામાં એમ વિચારવું કે:
આત્માના જ્ઞાનાદિ ગુણ સિવાય કોઈ વસ્તુ આત્માની નથી.
આજ સુધી બેભાનપણે મારું, મારું કરતો રહ્યો. હવે જાગ્રત
થઈ પોતાનો માલ સંભાળ. શરીરરૂપી ઝુંપડી ખાખ થવાની
હવે દેર નથી.

(૬) અશુચિ ભાવનામાં એમ વિચારવું કે:
આ શરીર અપવિત્ર પદાર્થોથી ભરેલું છે. પુરુષને નવ
અને સ્ત્રીને બાર દ્વાર વડે નિરંતર અશુચિ વહે છે.
સાત ધાતુનું - હાડ - માંસનું બનેલું પાંજરું છે,
એમાં રાગ કરવા જેવું શું છે?

(૭) આસ્રવ ભાવનામાં એમ વિચારવું કે:
મિથ્યાત્વાદિ પાંચ કારણોએ કર્મબંધ કરીને
જીવ દુઃખનો અનુભવ કરે છે, હવે તો જાગ્રત બનીને
આસ્રવને તાળું લગાવી દે, જેનાથી દુઃખનો પાર પામે.

(૮) સંવર ભાવનામાં એમ વિચારવું કે:
અનાદિકાળના દુઃખોનો અંત લાવવો હોય,
તો ૫૭ ભેદે સંવરનું સેવન કરવું જોઈએ.
આસ્રવોને રોકવા અને સંવરને સેવવા, તે જ હિતકર છે.
પરિષહ, યતિધર્મ, ભાવના, પ્રવચન માતા, ચારિત્રાદિના
આરાધન વડે મન - વચન - કાયાના યોગોને
પ્રભુની ભક્તિ અને આજ્ઞાપાલનમાં લગાડવા જોઈએ.

(૯) નિર્જરા ભાવનામાં એમ વિચારવું કે:
જડ - ચેતનના ભેદજ્ઞાનની સાથે આત્માને શુદ્ધ
બનાવવા માટે અનશનાદિ બાહ્યતપ અને શુભધ્યાનાદિ

અભ્યંતર તપ સમતા સહિત, ઇચ્છારોધપૂર્વક આચરવા,
તેથી નિર્જરારૂપી મહાન લાભ થાય છે.

(૧૦) લોકસ્વરૂપ ભાવનામાં એમ વિચારવું કે:

અનાદિકાળથી જન્મ - મરણ કરતાં
આ લોકમાં કોઈ જગ્યા એવી ખાલી રહી નથી.
આહારાદિ ભરપૂર કરવા છતાં તૃપ્તિ થઈ નહિ,
એક સંતોષને છોડી બીજે ક્યાંય સુખ નથી.

(૧૧) બોધિદુર્લભ ભાવનામાં એમ વિચારવું કે:

આ સંસારમાં પૌદ્ગલિક સુખ અને
મોટી મોટી પદવીઓ ભોગવી, પરન્તુ આખર તો
દુ:ખ જ તૈયાર થયું છે. એક જિનવચન ઉપરની ભક્તિ,
બહુમાન - સ્તુતિસહિત શ્રદ્ધા વડે જ આત્માનું હિત છે.

(૧૨) ધર્મભાવનામાં એમ વિચારવું કે:

કલ્પવૃક્ષ આદિ તો યાચના કરવાથી ફળ આપે છે,
જ્યારે વીતરાગ પ્રભુનો ધર્મ મન - વચન - કાયા વડે
કરવામાં આવે, તો તે આ ભવ, પરભવ, ભવોભવ
અને અંતમાં શાશ્વત સુખને દેવાવાળો છે.

Love for God is human and
Love of God is divine.

## દશવિધ યતિધર્મ

### (૧) પ્રથમ ઉત્તમ ક્ષમાધર્મ

ક્રોધાદિ કષાયોને ભગાડવામાં સમર્થ,
મોક્ષમાર્ગ બતાવવા ભોમિયાનું કાર્ય કરવામાં સમર્થ,
અપરાધીનું પણ મન - વચન - કાયા દ્વારા અહિત ન
કરતાં હિત કરવામાં સમર્થ, અદ્ભુત સહનશીલતાપૂર્વક
પ્રવૃત્તિ - નિવૃત્તિ કરવી, તે ઉત્તમ ક્ષમાધર્મ છે.

### (૨) બીજો નમ્રતાધર્મ

માન, મદ, ઘમંડનો નાશ કરવામાં સમર્થ,
જાતિ, કુલ, રૂપ, બલ, લાભ, જ્ઞાન, તપ, ઐશ્વર્ય - આઠ
મદ આત્માને ભૂલાવનાર છે, મોહરાજાના પ્રતિનિધિ છે,
તેના ઉપર જીત મેળવવાને સમર્થ એવો વિનયગુણ છે,
તે ગુણને હર વખત સાથે રાખી ગુણીજનોની નમ્રતા-
લઘુતાપૂર્વક સેવાભક્તિ કરવી, તે બીજો નમ્રતાધર્મ છે.

### (3) ત્રીજો સરળતાધર્મ

છળ, કપટ, દંભ દુર્ગુણ દ્વારા સંસારમાં અનાદિકાળથી
ભટકાવનારી માયાને જીતાવનાર સરળતા ગુણ જ છે.
રહેણી, કહેણી, કરણી સરળતાપૂર્વક એવું અંતર પવિત્ર
રાખવાથી એકાંત હિત થાય છે, તે સરળતા ધર્મ છે.

## (૪) ચોથો સંતોષધર્મ

લોભકષાય સંસારના કારણરૂપ સર્વ પાપોનું મૂળ છે, તેના ઉપર કાબુ મેળવી સંતોષપૂર્વક જીવન વિતાવવું.

## (૫) પાંચમો તપધર્મ

મન - ઇંદ્રિયો ઉપર કાબુ મેળવી સમતા સહિત અને ઇચ્છાનિરોધપૂર્વક કર્મક્ષય નિમિત્તે અનશનાદિ બાહ્ય + રટન - ધ્યાનાદિ અભ્યંતરતપને વીતરાગ ભગવંતોની આજ્ઞા મુજબ કરવો, તે તપધર્મ છે.

## (૬) છઠ્ઠો સંયમધર્મ

પ્રમાદમાં પડતાં આત્માને નિયમમાં રાખવા માટે ઇંદ્રિયો અને વિષયો - કષાયોને ત્યાગવા, મન - વચન તથા કાયાના યોગોને સંયમમાં રાખવા, તે સંયમધર્મ છે.

## (૭) સાતમો સત્યધર્મ

સર્વને પ્રિય, હિતકર, સત્ય અને મધુર વચનો અવસરોચિત રીતે બોલવાં, તે સત્યધર્મ છે.

## (૮) આઠમો શૌચધર્મ

મન - વચન - કાયાને પવિત્ર રાખવા તથા મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્ય - એ રીતે ચાર ભાવના સતત ભાવતાં રહેવું, તે શૌચધર્મ છે.

(૯) નવમો અપરિગ્રહ - આકિંચન્યધર્મ

મૂર્છા ઉત્પન્ન થાય, એવી કોઈપણ વસ્તુનો
સંગ્રહ ન કરવો, તે આકિંચન્યધર્મ છે.

(૧૦) દશમો બ્રહ્મચર્યધર્મ

વિવેકરહિત અને પશુ જેવી વૃત્તિનો ત્યાગ કરી,
શુદ્ધ શાશ્વત બ્રહ્મમાં કરવું તથા મૈથુન સંજ્ઞા ઉપર
વિજય મેળવી આત્મહિત કરવું, તે બ્રહ્મચર્યધર્મ છે.

ગૃહસ્થધર્મ

અઢારે પ્રકારના પાપકર્મને દુઃખદાયી માની
જાણતી કોશિષે તેનો ત્યાગ કરવામાં
પોતાની શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરવો અને
ન ચાલતાં પાપને કરવું પડે, તો પણ
તેને ન કરવા લાયક માનીને
દુઃખસહિત - કંપપૂર્વક પ્રવૃત્તિ કરવી,
તે જ સાચો ગૃહસ્થ ધર્મ કહેવાય છે.

સામાયિક - પૌષધ - ચારિત્રધર્મ

અઢારે પાપો ન કરવાના સંકલ્પ સાથે
અષ્ટપ્રવચનમાતાનું વિવેકપૂર્વક પાલન કરવું,
તે ગૃહસ્થને યોગ્ય એવો દેશવિરતિ - ચારિત્રધર્મ છે.

ભાદરવા સુદી ૬, સોમવાર, પુખરાજજી જાલોરવાળા

## અષ્ટપ્રવચનમાતાનું સ્વરૂપ

(૧) ઈર્યાસમિતિ : નીચી દૃષ્ટિએ ૩।। હાથ ભૂમિને જોઈએ. પોતાનાથી જીવોને કિલામણાં ન થાય, તેમ કાળજી રાખીએ.

(૨) ભાષાસમિતિ : સાવદ્ય ભાષા આદિ નહિ બોલતાં જયણાપૂર્વક જરૂરત મુજબ સ્વપર હિતવચન બોલીએ.

(૩) એષણાસમિતિ : આહાર - પાણી આદિ શુદ્ધ, પવિત્ર, જરૂર મુજબ ભાવને ઉપયોગપૂર્વક વાપરીએ અને અવિરતિપૂર્વકના ભાવેલા આહાર આદિ ન વાપરીએ.

(૪) આદાનભંડનિક્ષેપસમિતિ : કોઈપણ વસ્તુને લેતી - મૂકતી વખતે દૃષ્ટિ પ્રતિલેખનાપૂર્વક અને જયણાપૂર્વક જ સર્વ કાર્ય કરીએ.

(૫) પારિષ્ઠાપનિકાસમિતિ : પરઠવવા યોગ્ય સર્વ વસ્તુ ભાળ કોઈ જીવને ક્યારેય હરકત ન ઉપજાવે, તેમ રીતે શુદ્ધ ભૂમિ ઉપર જયણાથી પરઠવીએ.

(૬) મનોગુપ્તિ : મન ઉપર કાબુ મૂકવો, તે મનોગુપ્તિ. અશુભ વિચારોથી મનને હટાવી શુભ વિચારોમાં જોડવું, પ્રત્યેક ક્ષણે સ્વપર હિતકારી એવું ચિંતવન કરવું અને આત્મહિતનો સતત વિચાર કરતાં રહેવું.

(૭) વચનગુપ્તિ : અત્યંત મીઠાં અને સ્વપર હિતકારી
સત્ય વચનનો જરૂર પુરતા જયણા સહિત બોલીને
પ્રભુભક્તિમાં વિશેષ કરીને જોડવા, તે વચનગુપ્તિ છે.
(૮) કાયગુપ્તિ : આપણા શરીરને એકદમ જયણાપૂર્વક
આત્મહિતના કાર્યોમાં જોડી રાખવું, તે કાયગુપ્તિ છે.

## તીર્થ - તીર્થપતિ - તીર્થયાત્રાનું માહાત્મ્ય

(૧) જ્યાં તીર્થ છે, ત્યાં તીર્થપતિ પણ છે. તીર્થયાત્રામાં
તીર્થ અને તીર્થપતિનો અભેદભાવ અનુભવવા મળે છે.
(૨) સમ્યગ્દૃષ્ટિને એવી પ્રતીતિ અવશ્ય થાય છે કે:
'અરિહંત અને સિદ્ધ ભગવંતમાં
ક્ષાયિકસમ્યક્ત્વ રૂપે અનંત પ્રેમ રહેલો છે.'
(૩) પ્રભુનો અનંત પ્રેમ તેમના અનેક નામો વડે
અભિવ્યક્ત થાય, જેમકે : નિર્ગ્રન્થપરમબ્રહ્મહૃદયાય,
યોગીન્દ્રપ્રાણનાથાય, ત્રિભુવનભવ્યકુલનિત્યોત્સવાય,
જગદાનન્દાનન્દાય, વિશ્વરૂપાય, વિશ્વાત્મને,
સર્વદેવમયાય, સંસૃતિવિશ્વસખાહિતાય |
લોકોત્તમો નિષ્પ્રતિમસ્ત્વમેવ... વગેરે શક્રસ્તવના
શ્લોકો પરમાત્માના અનંત પ્રેમને વ્યક્ત કરે છે.
તે વડે અંતર્યામી સ્વામી સદા સમીપમાં જ રહે છે.

'ઉપાસના'નો સામાન્ય અર્થ છે કે:

ચિત્ત વડે ઇષ્ટદેવની પાસે જઈ તેમાં સ્થિતિ બાંધવી.

ઉપાસનાના મુખ્ય બે પ્રકાર: અહંગ્રહ અને પ્રતીક.

'અહંગ્રહ ઉપાસના' એટલે...

'પરમાત્મા હું જ છું' એ પ્રકારના આવેશવાળી ઉપાસના.

પ્રતિકોપાસનામાં કોઈપણ બાહ્ય આલંબનને પકડી તેમાં બ્રહ્મભાવના કરી ચિત્તને એકાગ્ર કરવાનું હોય છે.

ઉપાસનાના પરસ્પર સંબંધવાળા ત્રણ ભેદો:

કાયિક, વાચિક અને માનસિક.

પ્રભુ પ્રેમમય, દયામય, સ્નેહમય અને પતિતપાવન છે, ભક્તવત્સલ છે, કરુણામય, પ્રીતિમય અને પ્રેમમય છે.

લૌકિક અને લોકોત્તર કહેવત

લૌકિક કહેવત: જેની ચા બગડી, તેની સવાર બગડી, જેની દાળ બગડી, તેનો દહાડો બગડ્યો અને જેનું અથાણું બગડ્યું, તેનું વર્ષ બગડ્યું.

લોકોત્તર કહેવત: જેનું મન બગડ્યું, તેનો ભવ બગડ્યો અને જેનું મન સુધર્યું, તેનો ભવ સુધર્યો.

ભવ અને ભવની પરંપરા સુધારવા માટે મન-બુદ્ધિને સુધારવા સતત પ્રયત્ન કરવો જોઈએ.

સદ્બુદ્ધિ જ સદ્ગતિનું કારણ છે. સદ્બુદ્ધિ = સમકીત.
સમકીત = જ્ઞાન - ચારિત્રનું મૂળ. વિત્ત કરતાં ય વૃત્ત
કિંમતી. વિત્ત શરીર માટે છે - વૃત્ત આત્મા માટે છે.
वृत्तेन हि भवत्यार्यो न धनेन न विद्यया । અર્થાત્:
ચારિત્રથી જ આર્ય થાય, ધન કે વિદ્યા વડે નહિ.

જ્ઞાન = જીવાદિ તત્ત્વોનું જ્ઞાન.

કર્મ = આત્મોત્થાન માટે થતું શુભ કર્મ.

ઉપાસના = આત્માનું પરમાત્મા સાથે મિલન.

વિધિ, વિશ્વાસ અને શ્રદ્ધા - એ ત્રણ તેના ઉપાયો છે.

किमलभ्यं भगवति प्रसन्ने श्री निकेतने । અર્થાત્:
શ્રી - લક્ષ્મીના ઘર સમાન પ્રભુ પ્રસન્ન થયે શું ન મળે?

भक्तिविशेषादावर्जित ईश्वरस्त-
मनुगृह्णात्यभिध्यानमात्रेण । - योग. १/२३, व्यासभाष्य
અર્થાત્: ભક્તિવિશેષથી આકર્ષિત થયેલાં
ભગવાન ધ્યાનમાત્રથી ધ્યાન કરનારને કૃપા કરે છે.

ખરાબ કામ કરવામાં ભયને લઈ, લજ્જા અને શંકા થાય છે,
સારાં કામ કરવામાં નિર્ભયતા, નિઃશંકતા અને
જે આનંદ - ઉલ્લાસ અનુભવાય છે,
તેની પાછળ ઈશ્વરીય શક્તિ કાર્ય કરે છે.

योगांगानुष्ठानात् शुद्धिक्षये ज्ञानदीप्तिरविवेकख्यातिः ।
યોગાંગો પાળવાથી શુદ્ધિ - ક્ષયે જ્ઞાન પ્રગટે, તે અવિવેક ખ્યાતિ છે. ભક્તિનું પ્રદર્શન નમ્રતા અને તત્પરતાથી પ્રભુઆજ્ઞાનું પાલન છે. નામકીર્તન, ગુણવર્ણન, સેવન, પૂજન, ભજનાદિ તેના જ પર્યાય નામો છે.

'भञ्ज् आमर्दने ।' 'भृज् भर्जने ।' च ।

ભર્ગ = ભક્તિ કરનારના પાપોનું ભર્જન - વિનાશ કરે તે. સમ્યગ્દર્શન વડે બુદ્ધિ પોતે ઋતંભરા પ્રજ્ઞા બને છે.

રુદ્રવહ્નિના સુંદર વર્ણ કરતાં ધર્મરુદ્રવહ્નિનો અર્થાત્ જ્ઞાન - દર્શન - ચારિત્રનો વર્ણ સર્વોત્તમ છે. તપતેજ દ્વારા સાધક આત્મજ્યોતિને પ્રાપ્ત કરે છે.

देवो दानाद्वा दीपनाद्वा द्योतनाद्वा द्युस्थानो भवतीति वा ।

અર્થાત્: દાનથી કે ક્રીડાથી કે પ્રકાશવાથી અથવા સ્વર્ગમાં રહેતાં હોવાથી 'દેવ' કહેવાય. દેવના ત્રણ પ્રકાર છે: માતા - પિતા - ગુરુ, તેમની સેવા શ્રદ્ધા, પ્રેમથી કરવી. સૂર્ય - ચંદ્ર - અગ્નિ - વાયુ આદિ પણ દેવ છે અને વેદ મંત્રો એ પણ જ્ઞાન દેવ છે, કેમકે તે દ્વારા સર્વ વિદ્યાઓનો પ્રકાશ થાય છે અને ત્રીજા દેવ સર્વશક્તિમાન પરમાત્મા છે.

(१) रागोपहितध्यानं ।

<u>કોઈ વસ્તુમાં અનુરાગયુક્ત થવું, એનું નામ ધ્યાન છે.</u>

(२) तत्र प्रत्ययैकतानता ध्यानं । (३) ध्यानं निर्विषयं मनः ।
શૂન્ય અવસ્થામાં લૌકિક કે બાહ્ય વિષય હોતાં નથી,
કિન્તુ બ્રહ્મવિષય તો વિદ્યમાન રહે છે, કેમકે બ્રહ્મને દૂર
કરવા કોઈ સમર્થ નથી, તેથી અહીં નિર્વિષયનો અર્થ
સ્વવિષય અથવા બ્રહ્મવિષય કરવો.
બ્રહ્મ એક જ લક્ષ્ય છે, ધ્યેય છે, સાધ્ય છે, નિશાન છે.

(४) धियो यो नः प्रचोदयात् ।

'ધિ' શબ્દથી બુદ્ધિ - વચન - કર્મનું ગ્રહણ કરવાનું છે,
'પ્રચોદયાત્' ધર્મ - અર્થ - કામ - મોક્ષ તરફ પ્રેરણા કરે,
કિન્તુ બુરાં કામમાં કદાપિ પ્રેરણા ન કરે.

<u>ગાયત્રી મંત્રમાં સ્તુતિ - પ્રાર્થના - ઉપાસના</u>

સ્તુતિ દ્વારા ગુણપ્રાપ્તિ, ઈશ્વર પ્રતિ પ્રીતિ જાગે છે,
પ્રાર્થનાથી નિરભિમાનતા, ઉત્સાહ, સહાયતા પ્રાપ્ત થાય,
ઉપાસનાથી એકતા, પ્રભુમિલન - આત્મસાક્ષાત્કાર થાય છે.

(५) समाधिसिद्धिरीश्वरप्रणिधानात् । ઈશ્વરપ્રણિધાન
એટલે કે ભક્તિવિશેષ તથા પૂર્ણ સમર્પણનો ભાવ છે.
કર્મનું કર્તૃત્વ અને ફળનું ભોક્તૃત્વ છોડી દેવું.

પ્રભુ ક્લેશ, કર્મ, કર્મફલ, કર્મસંસ્કારથી પર છે, તેથી
ભક્ત પ્રભુ ભક્તિના ફલરૂપે ક્લેશકર્માદિથી મુક્ત બને છે.

## મંત્રજપના છ હેતુ

મનઃ પ્રહર્ષણં શૌચં મૌનં મંત્રાર્થચિન્તનમ્ ।
અવ્યગ્રત્વમનિર્વેદો જપસંપત્તિ હેતવઃ ॥૧॥

અર્થ: પ્રસન્ન મન, પવિત્રતા, મૌન, મંત્રાર્થ ચિન્તન,
ચિત્તની એકાગ્રતા અને અખેદ - એ જપના હેતુ છે.
મંત્રજપ વડે પ્રત્યાહાર, ધારણા, ધ્યાન સિદ્ધ થાય છે.

## 33 દેવ કઈ રીતે?

૮ વસુ, ૧૧ રુદ્ર, ૧૨ આદિત્ય, ઇંદ્ર અને પ્રજાપતિ.
પૃથ્વી - અંતરિક્ષ આદિ વસુ છે.
પ્રાણાપાનાદિ રુદ્ર છે, જેઓ સર્વના આયુષ્યને
ગ્રહણ કરતાં ચાલે છે, માટે ૧૨ આદિત્ય છે.
એ 33 દેવતાઓને વશમાં રાખવાવાળા
દેવના દેવ પરમાત્મદેવ છે, તે જ ઉપાસ્ય છે,
એ જ દેવ ભર્ગ, વરેણ્ય અને સવિતા છે.
દિવ્ય નેત્રોથી તત્સ્વરૂપનું ધ્યાન, તે 'ધિ' ઇત્યાદિ છે.
ધિમહિ = ધારણા કરીએ,
ધ્યાન કરીએ તથા ચિન્તન - નિદિધ્યાસન કરીએ.

નરસિંહ મહેતાનું પ્રભાતિયું છે કે:

'ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે...
ગિરિવરધારીને ઉપાડી, મટુકીમાં ઘાલી રે...!'

'મટુકીમાં નાંખીને હરિને વેચવા નીકળ્યાં'નો અર્થ:
સહસ્ત્રદળ કમળમાં વાસુદેવ ભગવાન મળ્યાં છે,
અહીં મહીનું તો માત્ર નામ છે.

આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ તો માત્ર એક
અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ મહીં નીકળે છે, એવા
સૂક્ષ્મ સ્વરૂપ - તેને સ્થૂળ કરીને ભક્તિ ગાઈ છે.

જ્યાંથી અમૃત ટપકે છે, ત્યાં સહસ્ત્રદળ કમળ છે,
એ મહીની મટુકી છે અને જે આદિ પુરુષ
તેમાં બિરાજમાન છે, તે ભગવંત વાસુદેવ છે.

સત્પુરુષની ચિત્તવૃત્તિરૂપી ગોપીને તેની પ્રાપ્તિ થતાં
તે ઉલ્લાસમાં આવી જઈ બીજા મુમુક્ષુ આત્મા પ્રતિ
'કોઈ માધવ લ્યો, હાં રે કોઈ માધવ લ્યો...'
એમ કહે છે અર્થાત્ તે વૃત્તિ કહે છે કે:
'આદિ પુરુષની આમને પ્રાપ્તિ થઈ અને
એ જ એકમાત્ર પ્રાપ્ત કરવાલાયક છે, બીજું કશું
પણ પ્રાપ્ત કરવા યોગ્ય નથી, માટે તમે પ્રાપ્ત કરો.'

ફરી ફરી ઉલ્લાસમાં આવવાનો કરે છે કે:
'તમે પુરાણ પુરુષને પ્રાપ્ત કરી.
તેને તમે જો સહજ પ્રેમથી ઇચ્છો,
તો આજે તમને તે આદિ પુરુષ આપી દઈએ?
જીવનમાં વિલસતી મૂળભૂત ચેતનાને પામવાને માટે
જ્ઞાન, કર્મ, ધ્યાન કે ભક્તિ -
કોઈપણ માર્ગે આગળ વધી શકાય છે. તેમાં પણ
ચેતના સાથે અનુસંધાન કરવા ભક્તિમાર્ગ સૌથી સુગમ છે.
નવધાભક્તિમાં આત્મસમર્પણ ભક્તિ સર્વથી શ્રેષ્ઠ છે.
કર્મ અને તેના ફળના સમર્પણ સાથે ક્ષણભર પણ
પરમાત્માનું વિસ્મરણ ન થવા દેવું અને
વિસ્મરણની ક્ષણો આવે તો અસહ્ય વિરહ અનુભવવો,
તીવ્ર બેચેની અનુભવવી, તે ભક્તિ છે.
આ જગતમાં જે કાંઈ છે, તે બ્રહ્મથી જ ભરપૂર છે.
બ્રહ્મ સિવાય અન્ય કશું જ નથી,
આવી પરાભક્તિનો અનુભવ લેવો, તે ભક્તિ છે.
સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ।
અહીં અનાત્માના ધર્મ - કર્મો છોડીને
ચૈતન્યસ્વરૂપને શરણે જવાનો પ્રબોધ છે.

## આત્માને આત્માની અનુભૂતિ ક્યારે થાય?

ચિત્તમાં ઉદ્ભવતાં વિજાતીય પ્રવાહોનો અવરોધ કરી
સજાતીય પ્રવાહો ચાલ્યાં કરે, ત્યારે આત્માનુભૂતિ થાય.

જીવ - શિવના અભેદનું ચિન્તન એ જ
ખરી તપ, એ જ ખરું ભજન, ભક્તિ અને ઉપાસના.

જેઓ પ્રભુભક્તિ કરે, તેને પ્રભુ સાત્ત્વિક બુદ્ધિ આપે
અને તે વડે સ્વસ્વરૂપને પમાય છે. સાચી ભક્તિમાં
પ્રભુને મનરૂપી પુષ્પ કે સુમન અર્પણ કરવાનું હોય છે.
ભક્તિની સુગંધ, જ્ઞાનનો રસ અને વિચારોનું સૌંદર્ય
જેમાં હોય, તે 'સુમન' કહેવાય છે.

નવધારૂપી ભક્તિથી પણ આત્મલાભ થાય છે.
કીર્તન, સ્મરણ, અર્ચન આદિ ભક્તિનાં બધા પ્રકારો
જો સાધક દ્વારા આદરપૂર્વક સેવવામાં આવે,
તો તે ભક્તને ભગવાન બનાવવા સમર્થ છે.

ભગવાનને પ્રણામ કરનારનો પુનર્જન્મ નથી.
શિવને સાચો પ્રણામ કરનાર શિવરૂપ બની જાય છે.

ભક્ત ભગવાન પાસે બે અપરાધોની ક્ષમા માગે છે:
એક અપરાધ જે પૂર્વજન્મમાં કર્યો છે અને
બીજો અપરાધ જે આ જન્મમાં હવે થવાનો છે.

## એ બે અપરાધ કર્યા ?

પ્રથમ અપરાધ એ કે પૂર્વ જન્મમાં પ્રણામ નહિ કર્યાં,
માટે જ આ જન્મ મળ્યો છે અને હવે આ જન્મમાં
પ્રણામ કરતાં જ શિવસ્વરૂપ થઈ ગયો,
અર્થાત્ જ્યોતિમાં જ્યોતિ ભળી ગઈ, તેથી
હવે પછી શરીર રહેશે નહિ અને પ્રણામ થશે નહિ.
આ ભાવનાથી કરેલ પ્રણામ એ જ સાચો પ્રણામ છે
અને તે અપુનર્જન્મનું કારણ છે.

નવધા ભક્તિનું પ્રથમ સોપાન શ્રવણ છે અને
તે સત્સંગ વડે જ સાધ્ય છે. વિવેક એ ગરૂડ છે.
સત્સંગ વિના વિવેક નહિ, વિવેક વિના ભક્તિ અને
ભક્તિ વિના મુક્તિ નહિ, મુક્તિ વિના સુખ નહિ.

## સાચું સુખ ઈશ્વરભક્તિમાં

પ્રત્યેક વ્યક્તિ સુખની શોધમાં સંલગ્ન છે.
તે સુખના ત્રણ પ્રકાર છે:
શારીરિક સુખ, માનસિક શાંતિ તથા આત્મિક આનંદ.
સાચું સુખ, સાચી શાંતિ અથવા સાચો આનંદ
આ સંસારની માયામાં નહિ,
કિન્તુ આત્મા અને ઈશ્વરના મિલનમાં છે.

પ્રભુ માયાધીશ છે અને જીવ માયાધીન છે,
એ દૃષ્ટિએ દાસ્યભક્તિ કર્તવ્ય છે.

જીવ શ્રેષ્ઠ છે, માયા કનિષ્ઠ છે. જીવ પ્રકાશક છે, માયા પ્રકાશ્ય છે. જીવ અધિષ્ઠાતા છે, માયા અધિષ્ઠેય છે. જીવ આનંદરૂપ છે, માયા દુઃખરૂપ છે. જીવ સબળ છે, માયા નિર્બળ છે. જીવ સ્વાધીન છે, માયા પરાધીન છે.

(૧) માયાધીન - કર્મદુર્બળયોગીના, બહિરાત્મભાવ.
(૨) માયાધીશ - કર્મયોગીના, અંતરાત્મભાવ.
(3) માયાતીત - જ્ઞાનયોગીના, પરમાત્મભાવ.

માયા દેખાવમાં મનોહર પણ તેનો અંત ઘોર દુઃખમય છે!
કહ્યું છે કે:

'માયા તો ઠગની ભઈ, ઠગત ફિરત સંસાર,
જિસ ઠગને યહ ઠગની ઠગી, ઉસ ઠગ કો નમસ્કાર.'

ધન - સંપત્તિ - શક્તિ અને વિદ્યા,
એ સર્વે જીવનના સાધન છે, ઉદ્દેશ નહીં.
જીવનનો ઉદ્દેશ તો તે છે કે જેથી
આત્માની તૃપ્તિ થાય અને સંતોષ મળે, ઉપરાંત
આત્મા સિવાય અન્ય કોઈ વસ્તુની ઇચ્છા ન રહે.
બધી વસ્તુનો ઉદ્દેશ સમજમાં આવે છે પણ...

જીવનનો ઉદ્દેશ શું છે, તેનો જ પત્તો જ નહિ,
એ જ સાધન છે, એ જ સાધનપણું મુખ્ય કારણ છે.
ઉપાસના માટે કર્મ અને કર્મ માટે જ્ઞાન આવશ્યક છે.
મનને સુમન બનાવવા માટેની આ પ્રક્રિયા છે.
જ્ઞાનની પ્રાપ્તિ કરી ઉત્તમ કર્મ અને ઉત્તમ કર્મ વડે
ઈશ્વરની ઉપાસના, એ માનવના જીવનનો ઉદ્દેશ છે.
માનવજીવન સાધન છે જ્ઞાન - કર્મ - ઉપાસના માટે
અને જ્ઞાન - કર્મ - ઉપાસના સાધન છે પ્રભુદર્શન માટે.
એ જ ઉદ્દેશ, એ જ લક્ષ્ય, એ જ માર્ગ ઉપર ચાલવું.

બ્રહ્મજ્ઞાન એટલે...

પ્રકૃતિની વાસ્તવિકતા સમજી એનાથી છૂટકારો પામવો.
ત્રણ પ્રકારની બુદ્ધિ : બુદ્ધિ, કુબુદ્ધિ અને સુબુદ્ધિ.
બુદ્ધિ સાત્વિક બને, ત્યારે મેધા અને
મેધા પણ શુદ્ધ બને, ત્યારે પ્રજ્ઞા, પ્રજ્ઞા પછી પ્રતિભા
અને છેલ્લે તે ઋતંભરા બને, ત્યારે કેવળ
ઋત એટલે સદા રહેવાવાળાં સત્યને જ સ્વીકારે છે.

ઈશ્વરની સાથે વરવું એટલે...

પોતાનો મત ઈશ્વરની તરફેણમાં આપવો અથવા
ઈશ્વરના મતને પોતાનો મત માનવો.

સંસારમાં આજુબાજુ પ્રકૃતિ છે,
બાજુબાજુ ઈશ્વર છે અને મધ્યમાં જ જીવાત્મા છે.
મળવું એટલે વરવું અને વરવું એટલે પસંદ કરવું.
પ્રકૃતિને વરવું તથા પસંદગી આપવી, તે પ્રેયમાર્ગ છે.
ઈશ્વરને વરવું અર્થાત્ ચાહવું, તે શ્રેયમાર્ગ છે.
પ્રકૃતિની પસંદગીનો અંત વિનાશ છે, જ્યારે
ઈશ્વરની પસંદગીનું પરિણામ અવિનાશ છે.
સુરાત્વમસિ શુષ્મિણી ।
પ્રભુનું નામ એ જ તીવ્ર સુરા છે.
પ્રભુ ! તારું નામ જ બળકારી તીવ્ર શરાબ છે.
એવમેવ સર્વેષાં વેદાનાં ઈશ્વરેતિ મુખ્યાર્થઃ । અર્થાત્:
આ શરીરથી પ્રભુ સાથે મિલન કઈ રીતે થાય,
એ વેદનો મુખ્ય અર્થ છે, સર્વથી મોટો ઉદ્દેશ્ય છે.
બીજાને જીવાડવા પોતાનો પ્રાણ આપે, તે દેવ છે,
પોતાને જીવાડવા પરના પ્રાણ સુદ્ધાં લે, તે અસુર છે.
શરીર એ આત્મા નથી.
શરીરની ભૂલ કરે, તે વિનાશની ભૂલ કરે છે.
આત્મા અજર, અમર, અભય છે, અવિનાશી છે.
તત્ત્વજ્ઞાન, મનોનાશ, વાસનાક્ષય - એ ત્રણ ઉપાય છે.

## ક્રાંતિ શું? પ્રકૃતિ શું?

પ્રકૃતિથી હઠી ક્રાંતિ તરફ કેવી રીતે જવું, એ તત્ત્વજ્ઞાન.
સંકલ્પ-વિકલ્પને ત્યાં જ સમાપ્ત કરવા, તે મનોનાશ.
એ જો મળે, ત્યારે વાસનાનો ક્ષય થાય છે.

'જિનકે કો હરિ નામ હૈ, દેવે કો કછુ દાન;
તારન કો હૈ નમ્રતા, ડૂબન કો અભિમાન.' ...(૨)

મનની ચંચળતા પાછળ એક મહાન રહસ્ય છે:
જ્યાં સુધી તેને સાચી જગ્યા મળતી નથી,
ત્યાં સુધી એ ઠરીને બેસતું નથી.
તેના માટે સાચી જગ્યા અરિહંતના ચરણકમળ જ છે.
એકવાર જિનના ચરણ મળી ગયાં, તો
મન પોતાની દોડાદોડી છોડી દેશે. અમૃતરસ ભરેલી
કટોરી મળી જતાં વળી ઝેર પીવા કોણ તૈયાર થશે?
જેનું મન પ્રભુના ચરણોમાં આળોટી રહ્યું છે,
તેને માટે તો સંસારના પદાર્થો વિષ સમાન લાગે છે.
તેને પુદ્ગલના સુખની ઇચ્છા રહેતી જ નથી, તેની
તૃષ્ણા પ્રજળી જાય છે, તેના કામ - ક્રોધ - લોભ -
મોહ - મદ - માન સૌની માયા ભાગી જાય છે.
દેવોના ભોગવિલાસ પણ તેને ફિક્કાં લાગે છે.

कार्यः संपदि नानन्दः, पूर्वपुण्यभिदे हि सा ।
नैवापदि विषादश्च, सा हि प्राक्पापपिष्टये ॥ (परिशिष्ट-१८)

પ્રકૃતિ સત્ છે, જડ - આત્મા સત્ ચિત્ છે અને
ઈશ્વર - પરમાત્મા સત્ ચિત્ ઉપરાંત આનંદ પણ છે.

મસ્તકમાં તર્ક અને જ્ઞાન - હૃદયમાં શ્રદ્ધા અને પ્યાર.
બંને મળીને બ્રહ્મસ્વરૂપ થાય છે, ત્યારે કાર્ય થાય છે.

सर्वचिन्तापरित्यागो निश्चिन्तो योग उच्यते ।

અર્થાત્ઃ સર્વ ચિન્તાઓના પરિત્યાગ સમાન
નિશ્ચિંત યોગ કહેવાય છે.

સાચો પ્રેમ જ્ઞાનનું રૂપ ધારણ કરે છે,
સાચું જ્ઞાન પ્રેમનું રૂપ ધારણ કરે છે.

પ્રેમ જ્ઞાનનો રસ છે, જ્ઞાન પ્રેમની જ્યોતિ છે.
ગાઢ પ્રેમ જ્ઞાનને - અગાધ જ્ઞાન પ્રેમને ઉત્પન્ન કરે છે.

મસ્તક આપવાથી પણ જો પ્રભુ પ્રેમ મળતો હોય,
તો તે ઘણો સસ્તો મળશે, એમ માનવું જોઈએ.

આત્મસમર્પણ વિના પ્રભુદર્શન અશક્ય છે.

જે છે - તે પ્રભુનું છે, પોતાનું કાંઈપણ છે નહિ.

સ્વાર્થમાં નહિ પણ સ્વાર્પણમાં સફળતા છે.

પ્યારમાં વ્યાપાર ન ચાલે.

ઈશ્વર વિશ્વરૂપ છે, માટે વિશ્વની સાથેનો પ્યાર એ
ઈશ્વરપ્યાર છે. સહુની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ છે.
આત્મસમર્પણની ભાવના વિના પ્રભુદર્શન અશક્ય છે,
આત્મસમર્પણની ભાવનાથી પ્રભુદર્શન અવશ્ય છે.
શરીર સાધન છે, મનવચનકાયનું ઐક્ય છે પ્રભુદર્શન.
આ શરીર સિવાય અન્ય કોઈપણ શરીરમાં તે અશક્ય.

'મન મથુરા દિલ દ્વારકા, કાશી કાયા જાન;
દશ દ્વારે કા દેહરાં, તામેં જ્યોતિ પહિચાન !'

પ્રભુદર્શન માટે આત્મસમર્પણ એ જ એક ઉપાય છે.
મનુષ્ય તેને જ જાણવો કે જે બીજાની હાનિ કે ગાળમાં
પોતાની હાનિ ને ગાળ જુએ. વિશ્વપ્રેમ માટે તન
અને સહુની સાથે નિષ્કામ સેવા પણ જોઈએ જ.

दानमेकं कलौ युगे ।

આય સમ વ્યય, અધિક આયમાં એક ભાગ દાન.
મનની શાંતિ માટે વ્યયને આવકથી ન્યૂન કરો.
આત્માની ઉન્નતિ માટે દુઃખીને દાન દેવા દ્વારા
અન્ય જીવોની નિષ્કામ સેવા કરો.

तपःस्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः । અર્થાત્:
તપ-સ્વાધ્યાય-ઈશ્વરપ્રણિધાન, આ ક્રિયાયોગ છે.

## તપ એટલે...

મનની શુદ્ધતા + ચિત્તની પ્રસન્નતા જે દ્વારા વધે તે.
કર્તવ્ય પણ તપ છે, સત્ય પણ તપ છે.
તે વડે મન, ચિત્ત તથા બુદ્ધિની મલિનતા દૂર થાય છે.

નાઽતપસ્વિનો યોગઃ સિદ્ધ્યતિ ।
ભવતાપેન તપ્તાનાં યોગઃ પરમૌષધમ્ ।

અર્થાત્: અતપસ્વીને યોગ સિદ્ધ થતો નથી.
સંસારના તાપથી તપેલાંને યોગ - એ પરમ ઔષધ છે.
તપ એટલે સહનશીલતા, વિઘ્નજય, દૃઢ ઇચ્છાશક્તિ.

## સ્વાધ્યાય એટલે...

સ્વઆત્માને જાણવો, ઓળખવો, સમજવો અને
તેવા ગ્રન્થો વાંચવા કે જે વડે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય.
પોતાની અંદર જોવું કે કેટલાં દોષ - કેટલાં ગુણ છે?
ગુણોને વધારવા - દોષોને ઘટાડવા, દૂર કરવા પ્રયત્નવું.
સૂક્ષ્મ શરીરનો સાક્ષાત્કાર કરવો, તે પણ સ્વાધ્યાય છે.
ઈશ્વરપ્રણિધાન, શરણાગતિ, ઉપાસના,
ભક્તિ અને દાસતા - એ સર્વે સમાર્થક છે.
સૂક્ષ્મ શરીર, કારણ શરીર, કર્મનું વિશિષ્ટ વિજ્ઞાન.
વિજ્ઞાન = અંધકારની ધૂળ. આત્મજ્ઞાન = પ્રકાશની ધૂળ.

## આત્મજ્ઞાન એ સુખ - શાંતિનો ઉપાય છે.

'મુક્તિ મુક્તિ માગું નહિ, ભક્તિદાન દે મોહે,
ઔર કોઈ જાચું નહીં, નિસ દિન જાચું તોહે ...(1)
જગ જૂઠું પ્યારાં માણસો, લોભી પ્યારાં દામ,
મા કો પ્યારાં બાળકો, ભક્ત પ્યારાં રામ ...(2)
ઔર કર્મ સબ કર્મ હૈ, ભક્તિ કર્મ નિષ્કર્મ;
કહે કબીર પુકાર કે, ભક્તિ કરો તજ ભર્મ'...(3)

ઈશ્વરમાં વિશિષ્ટ ભક્તિ થવાથી મનનું સમાધાન થાય છે,
તેથી સમાધિની સિદ્ધિ શીઘ્રપણે થાય છે.
બાહ્ય - અભ્યંતર તપ, સ્વાધ્યાય અને
આત્મસમર્પણ દ્વારા અંતરાત્મદૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

એ નિશ્ચય થવો જોઈએ કે:

માયાના આ સંસારમાં શાંતિ મળવાની નથી.
ક્રિયાયોગ એ માર્ગ છે, બાકીનું બધું ભટકવું છે.
સત્સંગ, સદ્વિચાર, સદ્આહાર, સદાચારનો સિલસિલો જરૂરી,
અન્યથા કામ, ક્રોધ, લોભ, મોહ, અહંના ચોરથી લુંટાશું!
સ્વાદ પકવાન્નમાં નહિ પ્રભુ ભજનમાં છે.
નિદ્રા નોકરીના ઈચ્છાથી નહિ, થાકના ઈચ્છાથી આવે છે.
જે દેખાય છે - તે પરિવર્તનશીલ છે, દેખનારો સ્થિર છે.

## સંત ઈજીપ્ટીયનને ચોકીદારે પૂછ્યું:

'તું કોણ છે? ક્યાં રહે છે?'

આ પ્રશ્નના ઉત્તરમાં એમણે કહ્યું કે:

'હું ગુલાબ છું, કબ્રસ્તાનમાં રહું છું.'

તેનો ખુલાસો કરતાં સંતે જણાવ્યું કે:

'ખુદાના ગુલાબ કોણ નહિ અને બધા જીવોનું અંતિમ નિવાસસ્થાન કબ્રસ્તાન સિવાય બીજું શું છે?' તેથી તેનો ઉત્તર સાચો છે, એમ બધાએ કબૂલ કર્યું.

## ભક્તિ અને મંત્ર શેના વિશિષ્ટ પ્રતીકો છે?

ભક્તિ અને મંત્ર પ્રભુને સ્પષ્ટ રીતે અનુભવવાનાં, તેને જોવાનાં, તેની સાથે વાતચીત કરવાનાં, તેમાં સમર્પિત થવાનાં વિશિષ્ટ પ્રતીકો છે. આ અનુભવ શરૂ થયાં પછી પ્રભુ સિવાય બીજે રસ બહુ પડતો નહિ, જીવન પ્રભુનિયંત્રિત - પ્રભુસંચાલિત થઈ જાય છે.

મંત્રો ઘણા છે,

દરેકનું પોતપોતાની રીતે સામર્થ્ય છે, એ દૃષ્ટિએ

'ॐ अर्हं' મંત્ર બહુ સમર્થ મંત્ર છે.

o

*Wisdom is the lamp of love,*
*And love is the oil of the lamp.*

| સ્વઘર | મિત્રઘર | શત્રુઘર |
|---|---|---|
| (૧) ઉપવાસ | - આયંબિલ | - વિગઈ |
| (૨) મોક્ષ (નિર્જરા) | - પુણ્ય (સંવર) | - પાપ (આસ્રવ) |
| (3) મોક્ષ | - દેવ/માનવ | - નારકી/તિર્યંચ |
| (કિનારો) | (નાવ) | (સાગર) |
| (૪) નિરંજન | - સજ્જન | - દુર્જન |
| (સિદ્ધશિલા) | (રત્નત્રયી) | (ચઉગતિ) |
| (૫) સત્ય | - રજ | - તમ |
| (નિર્વિષય) | (વિષય) | (કષાય) |
| (૬) આરોગ્ય | - ઔષધિ | - રોગ |
| (સૂર્યપ્રકાશ) | (દીપક) | (અંધકાર) |
| (અર્થ-કામપુરુષાર્થ) | (ધર્મપુરુષાર્થ) | (મોક્ષપુરુષાર્થ) |
| (૭) ઘર | - નગર | - અટવી |
| (દાન) | (ભોગ) | (નાશ) |
| (પુણ્ય ઉપાર્જન) | (પુણ્યનો ભોગવટો) | (પુણ્યનો વિનાશ) |
| (૮) ભોજન | - અમૃત | - વિષ |
| (સ્વાસ્થ્ય) | (પથ્ય) | (કુપથ્ય) |
| (૯) મંદિર | - ઉપાશ્રય | - નિજ ઘર |
| (સત્કાર) | (નમસ્કાર) | (અહંકાર) |

સ્વઘર : મિત્રઘર : શત્રુઘર

(૧૦) રાજા - મંત્રી - ચોર

(નિર્ભયસ્થાન) (બખ્તર) (શસ્ત્ર)

(સમાધિસુખ) (શાતાવેદનીય) (અશાતાવેદનીય)

(૧૧) પરમાત્મભાવ - અંતરાત્મભાવ - બહિરાત્મભાવ

(૧૨) સમાધિ - નવકાર - અહંકાર

(ઘરનું ઘર) (મિત્રનું ઘર) (શત્રુનું ઘર)

પ્રભુને કોણ પામી શકે ?

આત્માને જે ઓળખે, તે જ પ્રભુને પામે અને
જેણે આત્મા ચિન્તવ્યો છે, તે જ પ્રભુને પામી શકે છે.

આત્મતત્ત્વને જેણે ચિન્તવ્યું નહિ,
તેનો માનવ તરીકેનો જન્મ નિષ્ફળ ગયો છે.

વિચારમાં જ માત્ર નહિ, કિન્તુ સદાચારમાં પણ
જે અમલ વધેલો છે, તે જ અમૃતને પામે છે.

અહંકારને એમ ભ્રમ છે કે :
'હું ન હોઉં તો દુનિયા કેમ રીતે ચાલશે ?'
પરન્તુ વસ્તુસ્થિતિ એવી છે કે :
હું તો શું પણ આખી દુનિયા જ ન હોય તો,
તો પણ દુનિયાનું ચાલવાનું જ છે.

ક્રિયાથી કર્મ, પરિણામથી બંધ, ભાવનાથી મોક્ષ.

શ્રદ્ધા = આત્મા કર્મબદ્ધ છે.

વિશ્વાસ = પરમાત્મા કર્મમુક્ત છે.

કર્મના નિયમ ઉપરની અટલ શ્રદ્ધા
જીવને દુષ્કર્મ કરતાં રોકે તથા સત્કર્મ કરવા પ્રેરે છે.
ભક્તિ સર્વ દોષરહિત અને સર્વ સુકૃતના ભંડાર એવા
પરમેષ્ઠિ ભગવંતો ઉપર સદા વિશ્વાસ જન્માવે છે કે:
કર્મબદ્ધ આત્મા સ્વપ્રયત્ન કર્મમુક્ત ન થઈ શકે, પરંતુ
છૂટેલાં હોય, તેઓ જ બીજાને બંધનથી છોડાવી શકે.

<u>અજ્ઞાનપ્રદાન તથા જ્ઞાનપ્રદાનનું ફળ</u>

માનવ જન્મથી, ત્યારથી જ તેને
અજ્ઞાનનું પ્રદાન કરવામાં આવે છે. બાળાને 'ચંદ્ર'
'ચંદ્ર' કરે એટલે બાળો સમજે કે 'હું ચંદ્ર છું.' તે પછી
આનો દીકરો થાઉં, આનો ધણી થાઉં, આનો બાપ અને
આનો દાદો થાઉં આદિ અજ્ઞાનતાનું પ્રદાન થયાં જ કરે.
અજ્ઞાનપ્રદાનનું ફળ સંસાર - જ્ઞાનપ્રદાનનું ફળ મોક્ષ.

'હું કોણ છું ?' એનું જ્ઞાન થાય,
તો જ આત્યંતિક મુક્તિ થાય અને
સ્વરૂપનું જ્ઞાન કેવળ 'જ્ઞાનીપુરુષ' જ કરાવી શકે.

અનાત્મા પ્રત્યે જેટલી સસ્પૃહતા હશે,
તેટલી આત્મા પ્રત્યે નિઃસ્પૃહતા આવશે અને
અનાત્મા પ્રત્યે જેટલી નિઃસ્પૃહતા હશે,
તેટલી આત્મામાં સસ્પૃહતા આવશે.
સત્પુરુષમાં સસ્પૃહતા - નિઃસ્પૃહતા ઉભય હોય છે.
જે સાધક આત્મામાં સંપૂર્ણ સસ્પૃહ હોય,
તે સાધક અનાત્મામાં સંપૂર્ણ નિઃસ્પૃહ હોય.

જગત વૈરથી ભર્યું છે. વૈરબીજ શેમાં છે? આસક્તિમાં.
આસક્તિના બીજમાંથી વૈર જન્મે છે.

જે ઉપહાર emotion કરાવે, તે આસક્તિ છે.
તમારું ઘર એક બગીચો છે, તેમાં બાપ ગુલાબ છે,
મા ચંપો, દીકરી મોગરો તથા દીકરા ચમેલી વગેરે છે.
આ બગીચાને બગીચા સ્વરૂપે જોવાનું અને માણવાનું છે.
આજના મનુષ્યો અહંકારથી ચીકણાં થઈ જાય છે
અને પરસ્પર માથાકૂટ કરે છે, તેથી ઘર રૂપી બગીચાને
બદલે ખેતર બની જાય છે. બગીચાને સરસ ખીલવા દો.
દરેકની શક્તિઓ એની જરૂરતો બરાબર છે અને તે
કામની જ છે, માત્ર તેનો કામ લેતાં આવડવું જોઈએ.
સર્વેનું મૂળ કારણ/ઉત્પત્તિસ્થાન તો સર્વેશ્વર જ છે.

એ અનંત શક્તિ તરફ બેદરકાર બની
'પોતાનાં બળનો, બુદ્ધિનો કે ધનનો પોતે જ કર્તા છે'
એમ માનવું, એ જ અહંકાર - સ્વાર્થાંધતા - ગર્વ છે.
અહંકારથી આત્માનું તેજ ઝાંખું પડે છે.
અહંકાર નાબૂદ થાય, ત્યારે મુશ્કેલીઓ દૂર થાય છે, અસંતોષ ઓસરી જાય છે, પરમ સુખની પ્રાપ્તિ થાય છે.
જ્યારે તમે અહંકારમાં ડૂબેલાં રહો છો, ત્યારે જ તમને દુ:ખ - ગ્લાનિ તથા નિરાશા અનુભવવા પડે છે.
જ્ઞાન જ્યાં સુધી જીવનના વ્યવહારમાં ન આવે, ત્યાં સુધી નિરર્થક છે. એ માટે 'હું સર્વ જાણું છું'ની અહંકારવૃત્તિને નકારી દેવી પડશે અને સાચું સાચું પરમતત્ત્વ શોધવા, એના ઉપર મનન કરવા જ્ઞાનચક્ષુ ખોલવાં પડશે, ત્યારે જરૂર પરમ સુખની પ્રાપ્તિ થશે.

## અભિમાનના ત્રણ પ્રકાર

દેશાભિમાન, સ્વાભિમાન અને મિથ્યાભિમાન.
મિથ્યાભિમાન = કોઽન્યોઽસ્તિ સદૃશં મયા ।
તેને એવો વિશ્વાસ નથી કે : આપણા જગતનો કર્તા કોઈ ઈશ્વર છે અને તે સર્વ કર્મફળપ્રદાતા પણ છે.
ગર્વભંજન ભગવાનને ગર્વ તો ગમતો જ નથી.

આપણું પરમ કર્તવ્ય છે કે:

માન તજી પ્રકટ પ્રભુને વિષે દૃઢ પ્રીતિ કરવી. પ્રભુથી પોતાને વિજાતીય માની અહિત આ દેહને પોતાનું રૂપ માની પરમાત્માની ભક્તિ - ઉપાસના થઈ શકતી નથી. પોતાને દેહથી જુદો સદા આત્મા - બ્રહ્મરૂપ માની પ્રભુની ભક્તિ કરે નહિ, ત્યાં સુધી દેહાભિમાન સહિત 'દેહ હું છું' એવું અહંપણું કે અભિમાન ટળતું નથી અને ક્લેશથી મુક્ત થવાતું નથી.

અસ્મિતા એ પાંચ ક્લેશમાંનું એક ક્લેશ છે.

પરમાત્માને પામવાના બે માર્ગ: જ્ઞાન અને ભક્તિ.

તે બંનેમાં દેહાભિમાન અંતરાયરૂપ છે.

જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગનું પ્રથમ પગથિયું માનરહિત - ગર્વરહિત થવું, તે છે.

અને તેમ થયા પછી જ પ્રભુપરાયણતાની કેડી લાધે છે.

જ્ઞાન કે વૈરાગ્યનું માન પણ દેહાત્મબુદ્ધિ પેદા કરે છે.

o

પરાવાણી = God calling.

A sunshine of heart & song of soul.

Love & smile are everything.

એ બંનેને વિશાળ બનાવો.

अष्टादश पुराणेषु व्यासस्य वचनद्वयम् ।
परोपकारः पुण्याय, पापाय परपीडनम् ॥१॥

ઘોષણા સૂત્રને અંગ્રેજીમાં party motto કહેવાય છે.
અધ્યાત્મવાદનું ઘોષણા સૂત્ર છે To steer ઊર્ધ્વગતિ
અને ભૌતિકવાદનું સૂત્ર છે To drift અધોગતિ તણાવું.
એક છે સ્વૈચ્છિક નિયંત્રણ, બીજું છે સ્વચ્છંદ વિહાર.

પ્રજ્ઞા = creative understanding
પુરુષાર્થ = creative movement.

આત્મા પરમાત્માનો સાચો સંબંધ, તે ભક્તઅધ્યાત્મ છે.
અનિત્યનો વૈરાગ્ય અને નિત્યનો અનુરાગ.
અનિત્ય ભાવના વિવેક, વૈરાગ્ય, શમ, દમ, ઉપરતિ,
તિતિક્ષા, મુમુક્ષુતા અને આત્મસાક્ષાત્કાર પ્રકટાવે છે.
ભગવાન ઉપર વિશ્વાસ એટલે...
દુનિયા પર વિશ્વાસ - આત્મા પર - સત્ય પર વિશ્વાસ.
આત્મામાં જ રહેવું, તેનું નામ અધ્યાત્મ.
પ્રથમ બંધનકાળ, પછી વિરહકાળ, પછી મિલનકાળ.
વૈરાગ્ય વિના સર્વવિરતિ નહિ, મોક્ષ વિના મુક્તિ નહિ.
વૈરાગ્ય માટે મૃત્યુ સામે રહેવું જોઇએ અને
મોક્ષ માટે ભવભ્રમણનો વિચાર સતત રહેવો જોઇએ.

પ્રભુનો વિચાર પ્રભુનું સ્મરણ કરાવે છે, પ્રભુનું
સ્મરણ ભાવો પ્રત્યે મોક્ષ પ્રકટાવીને મુક્તિ આપે છે.

મૈત્રી એ જ પરમાર્થ મુક્તિ છે.

ધર્મનો સાચો અર્થ સદાચાર અને ઈશ્વરની આરાધના છે
અને અહિંસા કે કોઈથી વેર નહિ, તે જ સાચું અમૃત છે.

કર્મનો નિયમ અટલ - ધર્મનો નિયમ સદા વિદ્યમાન છે.

એને જાણનારને હતાશા કેવી?

ક્રોધને વશ થવામાં કઠોર થવું પડે છે.

જેના હૃદયમાં કોમળતા ભરેલી છે,
તેને ક્રોધવશ થવાની એક ક્ષણ પણ ગમતી નથી.

વિશ્વાસપાત્ર થવા માટે કર્તવ્યપરાયણ બનવું જોઈએ.

'ભાવના' એટલે વારંવાર ઘૂંટવું.

અનિત્ય ભાવના દૃઢ - કામના બંધનને તોડાવે છે,
વીર બનીને લડતાં શીખવે છે, ચિત્તનું સંતુલન ટકાવે છે.

'હું અનંતતાનો ઉપાસક છું,
નિત્યમાં વસનારો અમર યાત્રી છું.'

સત્ય કદી પણ હાનિકારક હોતું નથી.

સત્ય હંમેશાં વધુ ઊંચા સત્ય તરફ લઈ જાય છે.
ભ્રમ તૂટવા માટે સર્જાયા છે અને સત્ય જાગવા માટે.

## ધર્મ એટલે સ્વકર્તવ્ય.

તેનો નિશ્ચય શાસ્ત્ર, અનુભવીના શબ્દથી થવો જોઈએ,
તેનું ફળ સુખ - શાંતિ હોવું જોઈએ અને
તેનું સ્વરૂપ આત્મસમ પર આધારિત વર્તન હોવું જોઈએ.
કર્તવ્યકર્મનું જેને ભાન છે, તેની તૃષ્ણા મટી જ સમજો.
પ્રયત્નનો ધણી જીવ તથા ફળનો ધણી શિવ. જીવમાત્રની
સેવા તેની સાથે ઐક્ય અનુભવવાથી જ આવે અને
જ્યાં સુધી શૂન્ય ન થઈએ, ત્યાં સુધી ઐક્ય ન આવે.
શૂન્ય થવામાં જ આત્મદર્શન રહેલું છે.
નિર્વિચાર દશા એ જ નિર્વિકલ્પ દશા છે. આનંદ કે
સુખ બહાર નહિ પણ એ મનની આંતરિક અવસ્થા છે.
હવાની કોઈ અલાયદી ઓરડી હોતી નહિ પણ બધા જ
ઓરડામાં હવાની જેમ તમામ વ્યવહારમાં ધર્મ જોઈએ.
આપણો ધર્મ નામે સમતા - રોજ કેળવવાનો છે.
દુશ્મન પ્રત્યે નિખાલસનું નામ પ્રેમ છે,
સ્નેહી પ્રત્યે નિખાલસ તે પ્રેમ નહિ પણ સ્નેહ છે.
ક્રોધને જીતવાનું કામ જંગલમાં નહિ, નગરમાં થાય છે.
પોતાની અલ્પતાનું દર્શન કરવું એટલે...
પોતાનો મહાન થવાનો પ્રારંભ.

અજ્ઞાન વિષમતાનું જ પરિણામ છે, તે વસ્તુમાં નહિ, સ્વમાં ગણવી. જગ લેણદાર છે, આપણે તેના કરજદાર છીએ.

સાધુ = સાધનાવંત, સાવધાન સાધક, શાસ્ત્રજ્ઞાની, આશુતોષ.

જેનું ચારિત્ર્ય શુદ્ધ, તેના હાથનો સ્પર્શ પણ રોગહર.

ભગવાન બુદ્ધિમાં નહિ પણ હૃદયમાં હોય છે.

ભગવાન સ્વયં પ્રકાશ છે, તેથી તે મુક્ત છે.

નામની શક્તિ અનંત અને અચિન્ત્ય છે.

પ્રથમ તે વૈખરીરૂપે દેહદોષ ટાળી બાહ્યાંતર સાત્ત્વિક પરમાણુઓથી ભરી દે છે, પછી વિલોમગતિથી મધ્યમામાં જઈને અનાહત નાદનો આરંભ થાય છે. તે વખતે પ્રભુદર્શનની આકાંક્ષા ભક્તના મનમાં વધે છે.

પશ્યંતીમાં તે દર્શન પ્રાપ્ત થાય છે.

નામસાધના નાદરૂપમાં પરિવર્તિત થાય કે રૂપાભિવ્યક્તિ દ્વારા ભક્ત સાધનાના માર્ગે રસમાં પરિણમે છે.

'રામ કરતાં નામ મોટું છે' એનો અર્થ દેહ કરતાં દેહાતીત યા અનિર્વચનીય તત્ત્વ મોટું છે.

વદન્તિ તત્ત્વવિદસ્તત્ત્વં યજ્જ્ઞાનમદ્વયં ।
બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે ॥ અર્થાત્:
તત્ત્વજ્ઞાનીઓ જે જ્ઞાનને 'તત્ત્વ' કહે છે: બ્રહ્મ અને ભગવાન - પરમાત્મા આ શબ્દો પર્યાય છે.

## નાદના પ્રકાર કેટલા? સહસ્ત્ર કોટિ.

નાદ સૂક્ષ્મ થવાના આરંભ થવાની સાથે
પશ્યન્તી અવસ્થામાં જ્યોતિનો આવિર્ભાવ થાય છે.
દર્શનની ઇચ્છા અતિ પ્રબળ થાય, ત્યારે ભગવાન
દર્શન દે છે અર્થાત્ મંત્ર દેવતામાં લીન થઈ જાય છે.
દેવતામાં મંત્રનો લય થઈ જાય છે, સુષુમ્નાનું દ્વાર
ખુલી જાય છે અને જ્યારે નાદમય ૐકાર સુષુમ્નામાં
ક્રીડા કરવા લાગે છે, તે વખતે ભગવાન દર્શન દે છે.

પ્રથમ માનસક્રિયામાં, પછી બુદ્ધિના ક્રિયામાં.
એ દર્શનમાં વિરહ રહે છે.

નાદમય ૐકાર સુષુમ્નામાં લીલા કરવા લાગે, ત્યારે
નામરૂપ લીલાગૃહના દ્વારા આત્મા આનંદ પારાવારમાં
નિમગ્ન થઈ જઈને નિત્ય ચિન્મય ધામને પ્રાપ્ત કરે છે.

નામની ભક્તિ અનંત અને અચિન્ત્ય છે.

નાદ નાદબ્રહ્મરૂપે ઉદય પામ્યા પછી ચિંતા રહેતી નથી.
નાદપ્રાપ્ત માનવી યોગીપદવાચ્ય બને છે, એમાં મુખ્ય
કારણ પ્રભુની અહૈતુકી કૃપા છે. પ્રભુની લીલા ચિન્મય છે.
દેવતાની લીલાનો આશ્રય લે, તે દેવતાની કૃપા મેળવે.
લીલાના માધ્યમથી દેવતા ભક્તને આત્મસાત્ કરી લે છે.

## બંસીસ્વર અને નાદાત્મક ઓંકારનો ઘોષ

લીલાનું મનન કરતાં કરતાં પ્રભુ કૃપા કરી દર્શન દે છે,
બંસી વાગે છે, નાદાત્મક ઓંકારનો ઘોષ ચાલે છે અને
અંતમાં નિત્ય ચિન્મય લીલામાં મળી જાય છે.
નામ દ્વારા ભાવસાધનાનાં માર્ગમાં સદ્ગુરુપ્રાપ્તિ અને
મંત્રસાધનાનો અધિકાર પ્રાપ્ત થાય છે.
મંત્રસાધનાના ફળરૂપે દૈહિક ઉપાદાન શુદ્ધ થાય છે
અને મંત્રસિદ્ધિના પ્રભાવે ભાવદેહનો વિકાસ થાય છે.
ભાવસાધના એ એક પ્રકારનું ક્રન્દન છે,
પ્રેમસાધના એ મિલનનો ઉલ્લાસ છે.
એ જ સમરસતા યા રસાદ્વૈત છે, જેથી
અનંત લીલાનું સ્ફુરણ થાય છે, અનંત રૂપમાં એક જ
સત્તા વિકસિત થાય છે તથા અનંત કાળ પર્યંત
અનંત ભાવ પરિણામમાં જ આસ્વાદિત થાય છે.

### સહજાવસ્થા ઉત્પન્ન ક્યારે થાય ?

उत्पन्नशक्तिबोधस्य निःशेषसर्वकर्मणः ।
योगिनः सहजावस्था स्वयमेव प्रकाशते ॥

વાક્ વિલોમમાં જ્યારે મધ્યમામાં પહોંચે છે,
ત્યાં અનાહત નાદ અનુભૂત થાય છે.

## કુંડલિની જાગરણનું સાધન શું ?

કુંડલિની જાગરણથી જ્યારે નાદ અનુભૂત થાય છે,
તે વખતે સર્વ કર્મ સમાપ્ત થાય છે અને
સહજાવસ્થા આપોઆપ ઉત્પન્ન થાય છે.
કુંડલિની સમગ્ર બ્રહ્માંડનું સંચાલન કરતી મહાશક્તિ છે,
જે પ્રત્યેક પિંડ અને બ્રહ્મ-પરમાણુમાં વિચરે છે.
આ પિંડ = શરીરમાં મુખ્ય કાર્યકારિણી કુંડલિની શક્તિ.
તેની પ્રાપ્તિ માટે અન્ય કોઈ સ્થળે જવાની જરૂર નથી,
શરીર જ એની પ્રાપ્તિનું સાધન છે.
શરીરમાં જ શિવ - શક્તિની એકતા સાધવાની છે.
શરીર જ શક્તિનું વાહન હોવાથી અસત્નો ત્યાગ અને
સત્ - શોધનની સાધના એ મુખ્ય લક્ષ્ય બને છે.
આ સાધનામાં મન એ વિક્ષેપજનક છે, તેથી મન ઉપર
વિજય મેળવવા માટે ધ્યાન અને પ્રાણાયામ જરૂરી છે.
ધ્યાન અને પ્રાણાયામથી આત્મશોધન થાય છે તથા
આત્મશોધનને અંતે જે સચ્ચિદાનંદથી પરિપૂર્ણ સ્થિતિ,
તેને નાદ, જ્યોતિ, રસ, શબ્દ વગેરે શબ્દોથી સંબોધવામાં
આવે છે, તેને પરિણામે પ્રાપ્ત થતી સમાધિને કૈવલ્ય,
તુર્યાવસ્થા કે મહાશૂન્યના નામે ઓળખાવવામાં આવે છે.

## પિંડ એટલે સર્જાયેલો પદાર્થ.

નિરાકારમાંથી આકાર - સૂક્ષ્મમાંથી સ્થૂલ સર્જાય છે.
બ્રહ્માંડના આકારરૂપ થવા છતાં
શિવને પ્રકૃતિરૂપે અસ્તિત્વ ધરાવતાં માનવામાં આવ્યો છે.

## અલખ - નિરંજન - આદિશ.

આદિશ = તું બ્રહ્મસ્વરૂપ છો. કુલ = શક્તિનું મૂળ.
અકુલ = શિવ. શિવ - શક્તિનો સમન્વય તે કૌલજ્ઞાન.
જ્ઞાતા, જ્ઞેય તથા જ્ઞાન - ત્રિપુટીનો સમન્વય તે ત્રિપુરા.

## મુક્તિ કઈ રીતે સાધ્ય છે ?

પોતાની સમગ્ર શક્તિથી જીવ જ્યારે સ્થૂલ - સૂક્ષ્મ
આવરણો દૂર કરે છે, ત્યારે જીવ મુક્તિ પામે છે.
યથા પિંડે તથા બ્રહ્માંડે | બ્રહ્માંડમાં પિંડ વસે છે.
બ્રહ્માંડમાં જે હશે, તે પિંડમાં હશે જ અર્થાત
દેહમાં છે, તે બ્રહ્માંડનો જ અંશ છે.
બ્રહ્માંડથી પર હોય, તેવું દેહમાં કાંઈ છે જ નહિ.
બ્રહ્માંડમાં જે શક્તિ છે, તે દેહમાં પણ છે.
આ શક્તિ જ 'કુંડલિની' શબ્દથી ઓળખાય છે.
યોગસાધના વડે જ તે શક્તિનો વિકાસ થાય છે, તેથી
જ પરમપદનું જ્ઞાન અને પરમપદની પ્રાપ્તિ થાય છે.

'અનુભવ પચ્ચીસી'માં કહ્યું છે કે:

'મુખ્ય અનુયોગ ચાર મેં, દ્રવ્યાનુયોગ જિનનામ;
સદ્‌ગુરુની કૃપા થકી, સમજે આતમરામ.'

જિનેશ્વરીનું નામ એ ચાર અનુયોગોમાં મુખ્ય એવો
દ્રવ્યાનુયોગ છે, એમ સદ્‌ગુરુકૃપાથી આત્માને સમજાય છે.

નામનો સંબંધ દ્રવ્યની સાથે છે અને
દ્રવ્યનો સંબંધ ગુણ - પર્યાયની સાથે છે.

નામ વડે પ્રભુનું આત્મદ્રવ્ય સ્મરણપંથમાં આવે છે,
જે અનંત ગુણ - પર્યાયનું ધામ છે,
જે નિરાવરણ, નિષ્કલંક અને નિર્બાધ છે.

પ્રથમ પ્રભુના દ્રવ્ય-ગુણ-પર્યાયથી ઈશ્વરનું જ્ઞાન થાય
અને તે જ્ઞાન જ્યારે અસ્તિત્વમાં પરિણમે છે,
ત્યારે આત્મા જ પરમાત્મસ્વરૂપે અનુભવાય છે.

પ્રથમ ગુરુ, મંત્ર અને દેવનું ઐક્ય સમજાય છે,
પછી ગુરુ, દેવ અને આત્માનું ઐક્ય અનુભવાય,
અંતે આત્મા, મન અને પવનનું ઐક્ય સધાય છે,
ત્યારે જ્ઞાનાનંદમય નિજસ્વરૂપની અનુભૂતિ થાય છે.

(૧) જ્ઞાન સદ્‌બોધરૂપ છે. (૨) સમ્યગ્દર્શન સદ્‌વૃત્તિરૂપ છે.
(૩) ચારિત્ર સત્પ્રવૃત્તિરૂપ છે. (૪) તપ સમાપત્તિરૂપ છે.

## સ્વરૂપને ઓળખવાનું સાધન કયું?

ગુરૂના પ્રત્યેક પદમાં વેદ - પ્રત્યેક પગલામાં તીર્થ હોય છે. ગુરૂના સાન્નિધ્યથી ગુરૂ સહિત હોય છે અર્થાત્ ગુરૂમાં ગુરૂત્વનું સાન્નિધ્ય હોતું નથી. શિવ સાથે સામ્ય પ્રાપ્ત કરવાની સાધનાને સહજાવસ્થા પ્રાપ્તિ કહેવાય છે, સહજાવસ્થા એ ઘરના ઘરમાં જવાની ક્રિયા છે. ગુરૂમાં આત્મસમર્પણ કર્યા વિના સહજાવસ્થાની પ્રાપ્તિ શક્ય નથી. સ્વરૂપને ઓળખવાનું સાધન ગુરૂનો શબ્દ છે.

(૧) ભાવાર્થ - અવયવાર્થનું જ્ઞાન.
(૨) સંપ્રદાયાર્થ - ગુરૂપરંપરાગતનું જ્ઞાન.
(3) કૌલિકાર્થ - ગુરૂ - મંત્ર - દેવતૈક્ય.
(૪) નિગૂઢાર્થ - દેવ - ગુરૂ - આત્મૈક્ય.
(૫) રહસ્યાર્થ - આત્મા - મન - પવનૈક્ય.
(૬) મંત્રવિષુવ - મંત્ર - મન - પવનૈક્ય.
(૭) નાડીવિષુવ - નાદાનુસંધાન.
(૮) પ્રશાંતવિષુવ - નાદાન્તાનુસંધાન.
(૯) શક્તિવિષુવ - શક્તિ સમાનાનુસંધાન.
(૧૦) કાલવિષુવ - ઉન્મનાનુસંધાન.
(૧૧) તત્ત્વવિષુવ - આત્મ-પરમાત્મ સાક્ષાત્કાર.

## સાત વિષુવ વિષે...

(૧) બ્રહ્મવિષુવ = બ્રહ્મ - આત્મા - મનનો પરસ્પર યોગ.

(૨) મંત્રવિષુવ = અભિવ્યક્તમાન નાદને પોતાનું સ્વરૂપ સમજવું તે.

(૩) નાડીવિષુવ = મધ્યનાડીમાં નાદનો સ્પર્શ તે.

(૪) પ્રશાંતવિષુવ = નાદાન્ત પર્યન્ત અનુભૂતિ કરવી તે.

(૫) શક્તિવિષુવ = પાંચ શક્ત્યાદિ સમનાપર્યન્ત તે.

(૬) કાલવિષુવ = ઉન્મના પર્યન્ત અનુભૂતિ કરવી તે.

(૭) ઉન્મના બાદ તત્ત્વબોધ યા આત્મસાક્ષાત્કાર થાય છે.

## મંત્રના ૧૨ અવયવો

(૧) જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને બિન્દુનવક મળીને મંત્રના ૧૨ અવયવ થાય છે.

(૨) માત્રાદિ માત્રાતીતમાં જવાનું દ્વાર એ બિંદુ છે, ત્યાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એકાકાર થઈ જાય છે.

(૩) અર્ધમાત્રા આદિમાં પ્રતિફલિત ચૈતન્ય, તે મંત્ર છે. જે ચિત્ત તેનો આધાર છે, તેને પણ 'મંત્ર' કહે છે.

(૪) જપની સાથે મંત્રના અવયવ કમલમાં છ શૂન્ય, ૫ અવસ્થા અને ૭ વિષુવની ભાવના કરવાની હોય છે.

૭ વિષુવ અનુક્રમે બ્રહ્મ, મંત્ર, નાડી, નાદાન્ત, શક્તિ, કાલ અને તત્ત્વસ્વરૂપ છે.

(૫) ૧૨ અવયવમાં ત્રીજું, ૪થું, ૬ઠ્ઠું, ૯મું, ૧૦મું અને ૧૨મું અવયવ શૂન્યરૂપ છે. ૬ઠ્ઠું અનુત્તર મહાશૂન્ય છે.

(૬) નાદબ્રહ્મની સમાપ્તિ ઉન્મનામાં છે, પછી શબ્દબ્રહ્મ નહિ, કેમકે શબ્દબ્રહ્મ પોતે જ પરબ્રહ્મરૂપ બને છે.

(૭) ૫ જગત્પતિ = બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઈશ્વર, સદાશિવ. તેના ૫ કૃત્ય: સર્જન, પાલન, સંહાર, નિગ્રહ, અનુગ્રહ. ઈશ્વર નિગ્રહકારક છે, સદાશિવ અનુગ્રહકારક છે.

(૮) બે પ્રકારનું અસ્તિત્વ: સંકલ્પમાત્રથી નથી, ક્રમથી. ક્રમની અપેક્ષાએ અસ્તિત્વ કુલાલાદિનું છે અને સંકલ્પમાત્રથી અસ્તિત્વ બે પ્રકારનું છે: મનોવ્યાપારરૂપ અને સંનિધાનરૂપ. મનોવ્યાપારથી અસ્તિત્વ જીવનું નથી, સંનિધાનરૂપ માત્રથી અસ્તિત્વ શિવનું છે.

(૯) બ્રહ્મરંધ્રના મુખમાં નાદ છે.

બ્રહ્મરંધ્રમાં નાદાન્ત છે. બ્રહ્મરંધ્ર સુષુમ્ણાની ઉપર છે.

(૧૦) સ્વાત્મ ચૈતન્યની અભિવ્યક્તિ માટે નાદનો આવિર્ભાવ એ તુરીયનું સ્વરૂપ છે.

(૧૧) અર્ધચંદ્ર – રોધિની – નાદપર્યંત તુરીયની ભાવના છે. તુરીયાતીત પરમાનંદમય છે. (૧૨) બિંદુપર્યંત સુષુપ્તિ, નાદપર્યંત તુરીય, ઉન્મનાપર્યંત તુરીયાતીત અવસ્થા છે.

## મંત્રાર્થભાવન એટલે...

બાર અવયવ, છ શૂન્ય, પાંચ અવસ્થા,
સાત વિષુવ અને ત્રણ સ્તરની વિચારણા,
તેને જ અનુક્રમે ભાવાર્થાદિ કહેલ છે.

(૧) મંત્રનો અવયવાર્થ તે ભાવાર્થ.
(૨) મંત્રનો પરંપરાગત અર્થ તે સંપ્રદાયાર્થ.
(3) ગુરુ - મંત્ર - દેવતાનું ઐક્ય તે કૌલિકાર્થ.
(૪) દેવ - ગુરુ - આત્માનું ઐક્ય તે નિગર્ભાર્થ.
(૫) આત્મા - મન - પવનનું ઐક્ય તે રહસ્યાર્થ.
(૬) સચ્ચિદાનંદમય આત્માનું પ્રકટીકરણ તે તત્ત્વાર્થ.
(૭) આત્મા - મન - પવનનું ઐક્ય તે તત્ત્વવિષુવ.
(૮) મન - મંત્ર - પવનનું ઐક્ય તે મંત્રવિષુવ.
(૯) નાદનો સ્પર્શ તે નાડીવિષુવ.
(૧૦) નાદાન્ત તે પ્રશાંતવિષુવ.
(૧૧) સમના પર્યંત તે શક્તિવિષુવ અને
(૧૨) ઉન્મના પર્યંત તે કાલવિષુવ.
ત્યાર બાદ તત્ત્વ અને પરમતત્ત્વની ઉપલબ્ધિ થાય છે.

o

Awareness technique એટલે...
સાવધાનતાની તરકીબ.

## મંત્રજાપ કરતાં પૂર્વે ભાવના ભાવવી કે:

માતાની ગોદમાં બાળકની જેમ હું પ્રભુની ગોદમાં બેઠો છું.
મને તેમનું અસીમ વાત્સલ્ય પ્રાપ્ત થતું છે.
હું પૂર્ણ નિરાપદ છું, મારી અંદર સુખોની વર્ષા થાય છે.
હું આનંદથી ગદ્ગદિત થયો છું, તેમના પ્રકાશથી રોમરોમ
પુલકિત બન્યા છે તથા સૃષ્ટિના અનંત સૌંદર્યથી હું
મુગ્ધ બન્યો છું. ઉદય પામી રહેલો સૂર્ય, રંગબેરંગી ફૂલો,
કલકલ નાદ કરતી નદીઓ, ઊંચા પર્વતો, હિમાચ્છાદિત
શિખરો, ઝંકાર કરતાં ઝરણાં, ગાઢ જંગલો, ઊમટતાં
વાદળો, અનંત લહેરાતો સાગર, એની હું અનુભૂતિ કરું છું.
મારા જીવનનો દોર મેં પ્રભુના હાથમાં સોંપી દીધો છે.

## સાચો ચમત્કાર શ્રદ્ધાનો

ગમે તે મંત્રનું રટણ કરો, ગમે તે મંત્રનો જાપ કરો,
તેમાં હૃદયની ઊંડી શ્રદ્ધાનું સિંચન થવાથી જ મંત્ર ફળે છે.
સાચો ચમત્કાર શ્રદ્ધાનો છે, હૃદયની ઊંડી શ્રદ્ધા જ ફળે.
શ્રદ્ધા અને વિશ્વાસ નહિ કલ્પેલાં ચમત્કારો દેખાડે છે.
મંત્રના શબ્દો નહિ પણ તેના શબ્દોમાં ઊંડી શ્રદ્ધા જ
સર્વ દુઃખો દૂર કરી શકે, સર્વ સુખો મેળવી આપે છે.
શબ્દશક્તિ-બુદ્ધિશક્તિ બંને મળીને કાર્યસિદ્ધિ કરે છે.

## વિસ્મરણ - ચિન્તન - ધ્યાન શેનું કરવું?

સમોવસરણમાં સ્થિત વાયુકુમાર, મેઘકુમાર, ઋતુકુમાર,
વૈમાનિક, જ્યોતિષ, ભવનપતિદેવોનું વિસ્મરણ કરવું,
ત્રણ ગઢ, આઠ પ્રાતિહાર્ય, પ્રભુના આભામંડળ અને
સમવસરણની બાર પર્ષદાનું ચિન્તન કરવું તથા ધ્યાન
પ્રભુના રૂપ, બળ, ગુણ તથા વચનાતિશયાદિનું કરવું.
સાધનામાં આવશ્યક છે દેવ-ગુરુના સ્મરણ ઉપરાંત
સ્થિર આસન, પ્રાણાયામ, સ્વદોષગર્હા તથા ક્ષમાપનાદિ.

દેવ-ગુરુસ્મરણ તે પ્રથમ સોપાન છે,
બીજું સોપાન છે દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના.
સ્વાનુભવ થતાં સાધક જ્યારે અંતરમાં ઠરે છે,
ત્યારે નયપક્ષના વિકલ્પો છૂટી જાય છે,
તેનું જ નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન વાચક છે - ગુણને પચાવે છે,
સમ્યગ્જ્ઞાન પ્રકાશક છે - દ્રવ્યને પ્રકાશે છે અને
સમ્યક્ચારિત્ર દાહક છે - પર્યાયને નિર્મળ કરે છે.
જ્ઞાનના ત્રણ ગુણની જેમ ભાવથી વિશ્લેષણા છાપે છે,
દર્શનથી કષાયદાહ શમે છે, ચારિત્રથી કર્મમેલ કપાય છે.
એ ત્રણ મોક્ષમાર્ગ છે, તેમાં જ ધર્મભાવના સમાય છે.

## યોગ દ્વારા મગજ અને મજ્જાતંત્રની સક્રિયતામાં યોગ

યૌગિક અવસ્થાની વિશ્રાંતિ, ધ્યાન, મનનથી મગજમાં પેદા થતાં પરિવર્તનોની માનસિક પ્રવૃત્તિ તથા જ્ઞાનતંતુઓ ઉપર જ માત્ર નહિ, પરંતુ તેની આસપાસના હૃદય, ફેફસાં, પાચનતંત્ર અને શરીરમાંની રાસાયણિક પ્રક્રિયાને પણ લાભકારક અસર પહોંચે છે. ખાસ કરીને અંતઃસ્રાવી ગ્રંથિઓ પર તેની વિશિષ્ટ અસર થાય છે. માનસિક પ્રવૃત્તિના યાંત્રિક વ્યવહારનું મુખ્ય કેન્દ્ર એવું માનવમગજ એક વિજળી ઘર જેવું છે, જે જ્ઞાનતંતુની સમગ્ર પધ્ધતિ ઉપર ખાસ અસર કરે છે, તેથી જ્યારે કોઈ વ્યક્તિ ગમે તે સ્વરૂપ કે પ્રકારનો યોગ કરે છે, ત્યારે તેની સર્વ શારીરિક પ્રવૃત્તિઓ ઉપર જ્ઞાનતંતુઓની પ્રવૃત્તિ દ્વારા અસર પહોંચાડી શકે છે.

૦ પરમાત્મા સૌના રક્ષક - પ્રાણથી પણ અધિક પ્રિય છે, દુઃખોને દૂર કરનારા - સુખસ્વરૂપ - સૃષ્ટિ પેદા કરનારા તથા સૃષ્ટિ ચલાવનારા છે. દિવ્ય ગુણોથી યુક્ત એવા પરમાત્માનો આ પ્રકાશ જે આમને સર્વાધિક પ્રિય છે, તેનું ધ્યાન ધરવાની અમારી યોગ્યતાને તીવ્રતાથી પ્રેરિત કરો, અમારી બુદ્ધિને અસત કર્મોથી હટાવીને સન્માર્ગે વાળો.

- ગાયત્રી મંત્ર

## ક્ષમાપનાનું અમોઘ પર્વ - પર્યુષણ પર્વાધિરાજ

પર્યુષણ = પુણ્યના પોષણ - પાપના પ્રતિક્રમણનું પર્વ.
પર્યુષણ = દૈવીસંપત્તિસર્જન - આસુરીસંપત્તિનું વિસર્જન.
પર્યુષણ 'પર્વાધિરાજ' તરીકે અનોખી રીતે ઓળખાવાય છે.
પર્વને અંતે આવતાં સંવત્સરી દિને સૌ કોઈ એક-બીજાને ક્ષમા આપીને મૈત્રીની નવી ગાંઠ બાંધે છે એટલે એ ક્ષમાપનાનું પર્વ પણ કહેવાય છે. મિચ્છામિ દુક્કડં કરીને સૌ અંતઃકરણની ક્ષમા યાચીને મૈત્રીનું નવું વર્ષ શરૂ કરે છે. આમ ત્યાગ, સંયમ, દયા, પ્રાયશ્ચિત, પ્રતિક્રમણ, મૈત્રી, ક્ષમા, તપ અને સમતા, ભક્તિ, ભાવના દ્વારા તથા આત્મનિરીક્ષણ, આત્મસંશોધન દ્વારા આત્માનો પ્રકાશ પ્રાપ્ત કરી મુક્તિના પંથે વિચરવાનું આ અમોઘ પર્વ છે.

(૧) અભ્યુગમ - ઇચ્છામિ પડિક્કમિઉં.
(૨) નિમિત્ત - ઇરિયાવહીયાએ વિરાહણાએ.
(૩) હેતુ - ગમણાગમણે.
(૪) વિશેષ હેતુ - પાણક્કમણે, બીયક્કમણે.
(૫) સંગ્રહ - જે મે જીવા વિરાહિયા.
(૬) જીવ - એગિંદિયા. (૭) વિરાધના - અભિહયા.
(૮) પ્રતિક્રમણ - તસ્સ ઉત્તરી.

ભક્તિમાર્ગ પૂર્ણતાને આગળ કરે છે અને
જ્ઞાનમાર્ગ શૂન્યતાને આગળ કરે છે.
એકમાં દ્રવ્યનો વિચાર મુખ્ય છે, તો બીજામાં પર્યાયનો
મુખ્ય વિચાર છે અથવા એકમાં ચૈતન્યતત્ત્વની પ્રધાનતા
અને બીજામાં જડતત્ત્વની નિઃસારતા મુખ્ય છે.
જ્ઞાનમાર્ગ વૈરાગ્યપ્રધાન છે, ભક્તિમાર્ગ પ્રેમપ્રધાન છે.
જીવરાશિ પર પ્રેમ અને પુદ્ગલરાશિ ઉપર વિરક્તિ,
એ બંનેનું લક્ષ્ય સ્વરૂપરમણતા છે.
પૂર્ણ અને શૂન્ય બંને એક જ મુકામ ઉપર પહોંચે છે.
પ્રભુ સર્વજ્ઞ છે, કિન્તુ મહત્ત્વનો પ્રશ્ન એ છે કે
તેની સાથે જોડાણ કેમ સાધવું?
એકબાજુ પદાર્થોથી વિમુખ બનવું પડે છે, બીજીબાજુ
પ્રભુને સર્વત્ર અનુભવવાની દૃષ્ટિ ઉઘાડવી જરૂરી બને છે.

વિવિધ અનુષ્ઠાનનું પ્રણિધાન

શારીરિક દૃષ્ટિએ તમે રજ સમાન છો,
જ્યારે આત્મિક દૃષ્ટિએ તમે સમસ્ત વિશ્વ સમાન છો.
તમે અણુ છતાં મહાન છો - બિંદુવત્ છતાં સર્વમય છો.
દેહદૃષ્ટિએ નિર્બળ છતાં આત્મદૃષ્ટિએ મહાન - બળવાન છો.
તમે કેવળ મનુષ્ય નહિ પણ પરમાત્માના અંશ છો. તમે

દિવ્યતાના કિરણ - મહાનલની તેજસ્વી ચિનગારીઓ છો, જે સ્વઉદ્‌ભવસ્થાને ભળી જવા મથામણ કરી રહી છે. પરમેશ્વરની વિમુખતા એ જ અજંપાનું મૂળ છે, પછી એનું દેખાતું કારણ શારીરિક હો કે માનસિક અથવા આર્થિક, સામાજિક, રાજકીય, બૌદ્ધિક, દાર્શનિક અથવા મનોવૈજ્ઞાનિક, સાંપ્રદાયિક કે કોઈ, ગમે તે દેખાતું હોય, પણ એનું યથાર્થ કારણ સર્વશક્તિમાન તત્ત્વ અને જગના પરમ નિધાન એવા પરમાત્માથી વિમુખ દશા જ છે.

## સુખી થવું કેમ અઘરું છે ?

જ્યાં સુધી એ અમરતત્ત્વના દ્વાર ખુલ્લાં નહિ કરીએ, વ્યક્તિત્વના કોચલામાંથી નીકળી આધ્યાત્મિક પ્રકાશના કિરણ નહિ ઝીલીએ, ત્યાં સુધી આપણે સુખી પણ નહિ થઈ શકીએ અને આમ થવું સહેલું પણ નથી જ.

## અજંપો અને અશાંતિનો અંત ક્યારે ?

ગમે તેટલો અભ્યાસ - ગમે તેટલું ચિંતન કરવામાં આવે, કિન્તુ જ્યાં સુધી જાતને પરમાત્મતત્ત્વ સાથે એકરૂપ બનાવવાની કળા સિદ્ધ ન થાય, પોતાના વ્યક્તિત્વનો પ્રકૃતિના વ્યક્તિત્વ સાથે સમન્વય કરવાનું ન શીખાય, ત્યાં સુધી આ અજંપો અને અશાંતિનો અંત નથી.

જ્યાં સુધી સર્વ નિશ્ચય થાય નહિ કે:
જીવનનું ધ્યેય ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો એ જ છે,
ત્યાં સુધી સ્વાધ્યાય કે ધ્યાન, તપ કે જપ,
સત્સંગ કે સદ્ગ્રંથો બહુ ઉપયોગી થતાં નથી.
તે એકતાની અનુભૂતિ વિવિધ પ્રકારે થઈ શકે છે,
તેમાં મુખ્ય છે વિહિત અનુષ્ઠાનના પ્રણિધાન વડે થતું
ઈશ્વરનું સ્મરણ અને આત્મા - પરમાત્માની એકતા,
અર્થાત્ સંભેદપ્રણિધાન તથા અભેદપ્રણિધાન.
કંચન, કામિની, કાયા અને કુટુંબ -
એ ચાર પરનો અશુભ રાગ ટાળવા માટેના સાધનરૂપ
અનુક્રમે દાન, શીલ, તપ, ભાવરૂપ ૪ પ્રકારે ધર્મ છે.
દાનધર્મ વડે કંચનની મૂર્છા ઉતરે છે,
શીલધર્મ વડે કામિનીનો મોહ જીતાય છે,
તપધર્મ વડે કાયાની માયા ઓછી થાય છે અને
ભાવધર્મ વડે વિશ્વકુટુંબની ભાવના જાગે છે, તેથી એક
કુટુંબના સંકુચિત પ્રેમરૂપી મોહ - વાસના ઓછાં થાય છે.
ભાવધર્મ એટલે...
વિશ્વાત્મભાવ, ષડ્જીવનિકાયનો હિતપરિણામ અને
ચૈતન્યતત્ત્વ પ્રત્યે બહુમાન.

ભવનિર્વેદ એટલે...

કર્મજનિત પૌદ્ગલિક પદાર્થો પ્રત્યે મમતાનો અભાવ.

મોક્ષાભિલાષ એટલે...

જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ ચૈતન્યભાવ પ્રત્યે
અંતરંગ આદર અને ભક્તિનો અપ્રતિમ ભાવ.
ભવનિર્વેદમાં જડની આસક્તિને ટાળવાનો ભાવ અને
મોક્ષાભિલાષમાં ચૈતન્યતત્ત્વ પ્રત્યે આદરનો ભાવ રહેલો છે.
તેના સાધન હિંસાદિ આસ્રવોનો ત્યાગ અને
અહિંસાદિ સંવરોનું સેવન છે.
ધર્મપ્રેમ = આત્મપ્રેમ. અધર્મસેવન = અનાત્મનો આદર.

મનોનિગ્રહનાં સાધન

જપ, કીર્તન, પ્રાર્થના, ભક્તિ, ગુરુસેવા, સ્વાધ્યાયાદિ.
સત્સંગ અને સદ્ગ્રંથ વડે સત્તત્ત્વનું
શ્રવણ - મનન - ચિન્તન - નિદિધ્યાસનાદિ થાય છે.
સત્ના પ્રદેશ માટેની ટિકિટ એ સત્સંગ છે.
સત્સંગ વડે કાક કોયલ તથા બગલો હંસ બની જાય છે.
બધા સાધનાઓનું એકમાત્ર ફળ છે ભગવાનનો સાક્ષાત્કાર,
તેનાથી માયા મૂળમાંથી નાશ પામે છે અને
ભગવત્પ્રેમ નિત્ય વધતો જાય છે.

## જીવનમાં ત્રણ મિત્ર છે: ધન, શરીર-સ્વજન અને ધર્મ.

મરણ વખતે ધન અને શરીર પડ્યાં રહે છે,
સ્વજનો સ્મશાન સુધી આવે છે, પરન્તુ
ત્રીજો સાથે આવે છે, તે ધર્મમિત્ર જ સાચો મિત્ર છે.
શરીર નિત્યમિત્ર છે, સ્વજન પર્વમિત્ર છે અને ધર્મ એ
પ્રણામમિત્ર છે. અંતે પ્રણામમિત્ર જ સાચો મિત્ર છે, તેથી
તેને નિત્યમિત્ર બનાવવો જોઈએ.

દુનિયાની જીતનું મૂલ્ય અડધો પૈસો પણ નહિ, જ્યારે
સર્વસ્વ હારી જવામાં તો હરિ જેવો હીરો માણસના
હાથમાં આવે છે! પોતાની હાર અને હરિની જીતને
તો આપણા ગળાનો હાર કરીને રાખવો જોઈએ.

વળી તે ઉપરાંત...

યોગ - ઉપયોગ, ઉત્પાદનશક્તિ - નિમિત્તશક્તિ વગેરે જે જે અપેક્ષાઓ ધરમાન હોય, તે તે ધરાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ. પરમાત્મા - ઈશ્વરતત્ત્વ એટલું વિશાળ છે કે એમાં બધા સદ્ગુણો, વિશ્વની બધી જ ઐશ્વર્ય શક્તિઓ ધરાવાને એની ઉપાસના જીવનમાં બળ અને નિશ્ચિત નિર્ભયતા - નિશ્ચિંતતા આપે જ છે, વળી ક્રમે ક્રમે સ્વાભાવિક રીતે જ નિરાંતતા પ્રગટે છે.

## ઈશ્વરવિષયક શોધ એ જ સાચો માર્ગ

અંતર ભણી વળી પોતાની આસુર પ્રકૃતિ સાથે ઝઝૂમવું,
હરકોઈ કર્મક્રિયા સાથે પરમતત્ત્વનું
તાદાત્મ્ય સાધવાનો અભ્યાસ કરવો અને એ રીતે
પોતાના જીવનને પ્રભુમય બનાવવું, એ સાચો માર્ગ છે.

મનની શાંતિ માટે પ્રાર્થના - નામોચ્ચાર - સદ્વાંચન
ઉપરાંત બે ઘડી મૌન પણ અત્યંત સહાયક છે.

પ્રભુના નિરંતર રટણથી નિજ ચેતનામાંથી
ક્રમેક્રમે ઉત્થાન થાય છે અને તેને પરિણામે દૃષ્ટિની
વિશાળતા, આગળ પ્રગતિ માટે સૂઝ, ઉચ્ચતર બુદ્ધિ,
જ્ઞાન, કલ્પના અને વિચારશક્તિનો ઉદય થાય છે તથા
જડ - ચેતનસૃષ્ટિના પ્રિય - અપ્રિય સર્વ વ્યવહારોમાં
સમતા પ્રેરનારું ભગવદ્ દર્શન પ્રાપ્ત થાય છે.

આ જગતમાં ઈશ્વર સિવાય કોઈ જ મહાન નથી;
એનું સ્મરણ કરવું, એ જ
અંધકારમાંથી પ્રકાશ ભણી જવાનો ખાતરીવાળો માર્ગ છે.

જન એટલે માણસ.

જેણે રાગ અને દ્વેષ - બન્ને ઉપર વિજય મેળવ્યો છે,
તેને પોતાના ઇષ્ટદેવ માની જિનને પૂજે તે જૈન.

જગ કરતાં જૈનમાં જે માત્રા અધિક છે:
એક સ્વાર્થ *ઉપસર્જનની અને બીજી પરાર્થ વિસર્જનની
અથવા એક દાનની અને બીજી પૂજનની.
સંપત્તિમાં દાન એ ધર્મ છે તથા
વિપત્તિમાં ભગવદ્ સ્મરણ એ ધર્મ છે.
Cosmic obligation and self sacrifice
અનુક્રમે કૃતજ્ઞતા - પરોપકારગુણની જે માત્રાઓ છે.
શક્તિમાન દેશઆરાધક = પોતાના એક જીવનો આરાધક
બહુ અજ્ઞાનને કારણે અન્ય સર્વ જીવોનો વિરાધક.
જ્ઞાની દેશવિરાધક = જ્ઞાનના કારણે
સર્વ જીવોનો આરાધક તથા પ્રમાદ-કષાયાદિના કારણે
પોતાના જીવનો આંશિક વિરાધક. દાન તથા પૂજનની
સાથે જ્ઞાન મળે છે, ત્યારે મુક્તિમાર્ગ પૂર્ણ બને છે.
દાન વડે સજ્જનાત્માઓ, પૂજન વડે વિશુદ્ધાત્માઓ અને
જ્ઞાન વડે ભવ્યાત્માઓ થાય છે.
એક નેહાદાર એકસો દેહાદાર કરતાં બહુ બળવાન છે.
આત્મા નેહાદાર છે અને અનાત્મા દેહાદાર છે.
ઉપયોગ = જ્ઞાનલક્ષણ, ઉપગ્રહ = ગ્રહણલક્ષણ.
જ્ઞાનલક્ષણથી જીવ સ્વતંત્ર, ઉપગ્રહલક્ષણથી પરતંત્ર છે.

* સ્વાર્થને ગૌણ કરવાની

ગૌતમ ગણધરનું ધ્યાન વિશેષ ફળદાયી થવામાં કારણ
તેમાં પ્રભુના દાસના દાસ થવાનું રહસ્ય છે.
પ્રભુના ધ્યાન કરતાં પણ પ્રભુના દાસનું ધ્યાન
વિશેષ નમ્રતા અને વિનયનું સૂચક છે.
ક્રિયા એ મન - વચન - કાયાદિ યોગ છે,
ધર્મ આત્માદિ દ્રવ્ય છે. આત્મા એટલે સમ્યગ્દર્શન
તથા સમ્યગ્જ્ઞાનપૂર્વકની શ્રદ્ધા અને સમજણ.
શાન્તોદાત્તતા અને ધૈર્યૌદાર્ય - ગાંભીર્ય વગેરે
ગુણોનું અસ્તિત્વ સહજાત્મમગ્નતાના આધારે છે અને
તે અન્ય આવર્તોમાં નહિ પણ ચરમાવર્તમાં ઘટે છે.
સમ = વિશાળતા. સામ = પ્રેમાળતા. સમ્મ = પૂર્ણતા.

સમ = સમતા એટલે મમતાનો ત્યાગ,
ચિત્તને વિશાળ અને પ્રેમાળ બનાવવાનું કાર્ય.
સમાનતા એટલે વિશાળતા અથવા પ્રેમાળતા.
અસમાનનો અર્થ ઓછપતા કે સંકુચિતતા પણ થાય છે.
સત્ત્વગુણ એ પ્રકાશરૂપ છે, રજસ્ગુણ ગતિ-ક્રિયારૂપ
અને તમસ્ગુણ એ અજ્ઞાન, જડતા, અંધકારરૂપ છે.
સંસાર અભેદમય છે, તેથી વ્યષ્ટિ અને
સમષ્ટિ વચ્ચે સતત વિનિમય ચાલ્યાં જ કરે છે.

જડવિજ્ઞાન - મનોવિજ્ઞાન તથા આત્મવિજ્ઞાન

જડવિજ્ઞાન શત્રુ - મિત્ર ઉપર સમભાવ લાવે છે,
મનોવિજ્ઞાન સુખ-દુઃખ ઉપર સમભાવ લાવે છે તથા
આત્મવિજ્ઞાન ભાવ અને ક્રિયા -
બન્ને ઉપર સમાન આદરભાવ પ્રકટાવે છે.
જડવિજ્ઞાનની પ્રથમ સમતા મધુર પરિણામવાળી છે,
મનોવિજ્ઞાનની બીજી સમતા ત્રાજવાતુલ્ય પરિણામવાળી
અને આત્મવિજ્ઞાનની ત્રીજી સમતા
પરમ - પરિપૂર્ણ મધુરતમ પરિણામવાળી છે.
જડવિજ્ઞાનમાં જાતિગત એકતાની અનુભૂતિ છે,
મનોવિજ્ઞાનમાં ગુણગત એકતાની અનુભૂતિ છે અને
આત્મવિજ્ઞાનમાં પર્યાયગત તુલ્યતાની અનુભૂતિ છે.
સમતા સામાન્યના બોધથી ઉત્પન્ન થાય છે, સામાન્યને
ભૂલીને કેવળ વિશેષ પર જોર દેવાથી વિષમતા સર્જાય છે.
સમતા સર્વસંગ્રાહી છે, વિષમતા વ્યક્તિસ્પર્શી છે.
વિશેષનો બોધ પ્રવૃત્તિમાં શુદ્ધિ લાવનારો છે તથા
સામાન્યનો બોધ વૃત્તિનો વિશોધક છે.

o સાધનાનું ફળ સાધના જ છે,
સિદ્ધિ એ પ્રદર્શન છે, ફળ નહિ.

નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરી જ, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશે જ, ભવસમુદ્રનો પાર... (૨)

વ્યવહારની શુદ્ધિ માટે પર્યાયદૃષ્ટિ ઉપકારક છે,
નિશ્ચયની શુદ્ધિ માટે દ્રવ્યદૃષ્ટિ ઉપકારક છે.

પુણ્ય એ પ્રકાશ છે - પાપ એ અંધકાર છે.
વિશ્વમાં બંને છે, પરંતુ બંનેનું પરિણામ ભિન્ન છે. જેના
હૃદયમાં પુણ્યરૂપી ઝળહળતો સૂર્યપ્રકાશ વિદ્યમાન છે,
તેનો પાપરૂપી અંધકાર વિલય પામી જાય છે.

સાચા અર્થમાં સુકૃતાનુમોદના ત્યાં સુધી શક્ય નથી કે
જ્યાં સુધી સ્વદોષની અગર્હા - પક્ષપાત - અનુમોદના છે.
સુકૃતાનુમોદનાનો અર્થ જ એ છે કે
દુષ્કૃતાનુમોદનામાંથી છૂટકારો મેળવવો.

અનાદિકાળથી આપણા જીવમાં બે મુખ્ય દોષ છે:
સુકૃતની ઉપેક્ષા અને દુષ્કૃતનો પક્ષપાત.
એ બે દોષમાંથી મુક્ત થવા માટે જ દુષ્કૃતગર્હા અને
સુકૃતાનુમોદના પુનઃ પુનઃ કર્તવ્ય છે. ત્રીજો દોષ છે:
અશરણનું શરણ અને શરણનું અશરણ.
જે વસ્તુ પોતાને ખાડામાં ઉતારનારી છે, તે સ્વમતિનું
ગ્રહણ અને શરણ જીવને અતિશય પ્રિય છે અને

જે વસ્તુ જીવને ખાડામાંથી ઉગારનાર છે,
તે ધર્મનું શરણું જીવ ગ્રહણ કરતો નથી.
ધર્મ બે પ્રકારનો છે : શ્રુતધર્મ અને ચારિત્રધર્મ.
શ્રુતધર્મ જિનવચની રૂપ છે તથા
ચારિત્રધર્મ તદનુસાર આચરણ રૂપ છે.
જિનવચનોને અનુસરતું આચરણ અને એને કરનાર,
જેણે સિદ્ધપદ પામનાર અને એવું માર્ગદર્શન આપનારનું
શરણું જીવે ગ્રહણ કર્યું નથી અને તેથી વિપરીત
જેઓનું સ્થાન અસત્ય અને આચરણ અશુદ્ધ છે,
તેઓની મતિ અને ગતિનું શરણું જીવ તુરત ગ્રહે છે,
તે કારણે જ તે આપત્તિ ઉપર આપત્તિ ભોગવે છે.
તેમાંથી ઉગારી લેનાર અરિહંતાદિ ચારનું શરણું છે,
તેને જ નિરન્તર સ્વહૃદયમાં ગ્રહીને તદનુરૂપ જીવન
જીવવા પ્રયત્ન કરનાર જ મોક્ષમાર્ગનો આરાધક બને છે
અને સ્વપરને માટે ઉપકારક થઈ
સાદિ - અનંતકાળ માટે શાશ્વત સુખનો ભોક્તા બને છે.

'મુક્તિ' એટલે શું ?

અવિદ્યા અને અજ્ઞાનથી છૂટવું, તેનું જ નામ 'મુક્તિ' છે
અને તેની પ્રાપ્તિનો ઉપાય આત્મજ્ઞાન છે.

યજુર્વેદ અ૦ ૩૧૧૮માં કહ્યું છે: તમેવ વિદિત્વાઽતિમૃત્યુમેતિ
નાઽન્યઃ પન્થાઃ વિદ્યતેઽયનાય । અર્થાત્:

તે એક સર્વસાક્ષી પરમાત્માને જાણીને જન્મ અને મરણથી છૂટી શકાય, બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી.

પ્રભુ પાસે સંસાર નહીં, પ્રભુની પ્રભુતા માંગવાની છે.

આપણે પ્રભુને સંસારમાં લાવવાના છે, કિન્તુ
સંસારને પ્રભુ પાસે લઈ જવાનો નથી.
પ્રભુની પ્રભુતા સાથે સંબંધ જોડવા માટે
સંસારની સાથેનો સંબંધ તોડવાનો છે,
તો જ પ્રભુની પ્રભુતા સાથે સંબંધ જોડાય છે.

વિચારનું ક્રિયાપદ તે આચરણ,
વિચારોનું પૂર્ણવિરામ તે આચરણ.

આચાર વિનાના શબ્દો તે વિચારનો વ્યભિચાર છે.
શબ્દોને તો બી પેઠે વેરવા જોઈએ.

બી ગમે તેવડું નાનું ભલે હોય પણ એક વાર એને ભાવતી ભોંય મળી ગઈ કે તરત એ પોતાનું જોર પકડશે. શબ્દથી વિચાર, વિચારથી વિવેક, વિવેકથી વર્તન અને વર્તનથી ધ્યાન સુધરે છે. સત્પુરુષો શબ્દો દ્વારા વિચાર આપે છે અને સારાસારના વિચાર વડે વિવેક જાગે છે.

## મોક્ષમાર્ગનો પ્રારંભ અને છેવટ = વિચાર.

વિવેક વડે સારનું ગ્રહણ - અસારનો ત્યાગ થાય તથા
ત્યાર બાદ તત્ત્વજ્ઞાન દ્વારા આર્ત - રૌદ્રધ્યાનનો ત્યાગ
અને ધર્મધ્યાનનું સેવન થાય છે, જે વડે
સકલ કર્મનિર્જરાનો લાભ થાય છે.

મોક્ષમાર્ગનો પ્રારંભ તત્ત્વના વિચારથી થાય છે અને તેનું છેવટ પણ તત્ત્વજ્ઞાન વડે થતું ઉજ્જ્વળ ધ્યાન છે. એ બધાનું મૂળ શબ્દમાં - વર્ણાવલિમાં રહેલું છે, તેથી મોક્ષમાર્ગમાં સૌથી પહેલાં વર્ણાવલિ - દ્રવ્યશ્રુત પણ મૂળનિમિત્ત બને છે. દ્રવ્યશ્રુત દ્વારા જ ભાવશ્રુતની પ્રાપ્તિ થાય છે અને એ ભાવશ્રુત જ વિવેક, વૈરાગ્ય, સદાચાર, સદ્વર્તન દ્વારા શુભ ધ્યાનનું કારણ બનીને કેવળજ્ઞાન પમાડે છે. કેવળજ્ઞાનને આવરણ કરનાર કર્મ મોહનીય છે, જેનો ક્ષય અસત્પ્રવર્તનના ત્યાગ અને સત્પ્રવર્તનના સેવનપૂર્વક થતાં પરમાત્મસ્વરૂપના ધ્યાનથી થાય છે. એ ધ્યાન કરવાનું સામર્થ્ય વિનય ગુણાનુરાગ વડે પ્રાપ્ત થાય, જે વિચાર વડે પ્રાપ્ત થાય,
તેથી સદ્વિચાર અને તેનું મૂળ - અક્ષર
દ્રવ્યશ્રુત તથા ભાવશ્રુત અથવા અર્હં મંત્રનું ધ્યાન છે.

વિચાર આચારમાં આવે, ત્યારે જીવન સુવાસિત બને.
ફૂલની ખરી શોભા રંગથી નહિ પણ સુવાસથી છે, તેમ
જીવનની શોભા તથા સુવાસ માત્ર વિચારથી નહિ,
પરન્તુ વિચાર મુજબના નિરંતર આચારથી છે.

વસ્તુને જાણવાનું - ઓળખવાનું કે બોલવાનું મહત્ત્વ નથી
પણ સ્વયં તેવા બનવાનું મહત્ત્વ છે.

ભાવ વિનાના દાનાદિ જેમ નિષ્ફળ છે, તેમ
દાનાદિ વિનાનો કોરો ભાવ પણ નકામો છે.

દાન - શીલ - તપ પછી ધર્મનો ચોથો પાયો ભાવ છે.
ભાવ એટલે ભવથી છૂટવાની ઇચ્છા.

ગમે તેવો અભણ કે અજ્ઞાની ખેડૂત પણ
પોતાના ખેતરને ખેડવામાં, બી વાવવામાં અને બાદમાં
અનાજ ઉગાડવામાં કેટકેટલી તકેદારી રાખે છે, તેમ
જીવનખેતરમાં વાવવા માટે બીજરૂપે
દાન - શીલ - તપ - ભાવ છે.

જીવન ખેતર છે, માનવ ખેડૂ છે, પર્યુષણ એ વરસાદ છે
અને ચાતુર્માસનો કાળ એ વાવણીના દિવસો છે.
અવસરે જો જીવનખેતરમાં વાવવા જેવું ન વાવશો,
પછી ધાન્ય ન ઊગે, તો દોષ કોનો? ખેતરનો કે ખેડૂનો?

## કષાયોથી છૂટવા કેવા વિચારો કરવા ?

'હું કદી ક્રોધ નહિ કરું' એ વિચારથી ક્રોધ નહિ છૂટે,
'હું કદી લોભ નહિ કરું - મોહ નહિ કરું'
એના સ્થાને એવા વિચાર વધુ યોગ્ય છે કે:
'હું સર્વ ઉપર પ્રેમ કરીશ, દાની બનીશ,
સંતોષવૃત્તિ ધારણ કરીશ, હંમેશા નમ્ર બનીને જ રહીશ.'
ક્રોધકષાયથી પાપ ઉદ્દભવે છે અને
અભિમાનથી વિનાશ સર્જાય છે.

સાચા દાતારને શ્રીમંત પણ જ્યારે દુઃખી લાગે, શીલવાનને દેહના ભોગો પણ રોગ લાગે, તપસ્વીને મિષ્ટાન્નના ભોજન પણ કષ્ટદાયી લાગે, ત્યારે ભવના ખેદપૂર્વક દેનારા તે દાન આદિ સાચા ભાવપૂર્વક થાય.
સમ્યગ્દૃષ્ટિ જીવ સુખમાં ઉદાર - દુઃખમાં સંતોષી બને.
શ્રીમંત હોય તો દાતાર - ગરીબ હોય તો સંતોષી બને.

જ્યાં બ્રહ્મચર્ય, જિનભક્તિ, કષાયનો રોધ અને સાનુબંધ જિનાજ્ઞાનું પાલન હોય, ત્યાં તે તપ શુદ્ધ છે.

ગૃહસ્થો માટે આ જ મુખ્ય ધર્મ છે કે:
ખોટું ઓછું કરવું, પાપ ઓછા કરવા. જ્ઞાનાભ્યાસ, યોગ, ધ્યાન - એ તો બહુ જ આગળની વસ્તુ છે.

પરવૈરાગ્ય વિના બ્રહ્માભ્યાસ થતો નથી.
યોગ અને ધ્યાનની ઊંચી ભૂમિકા પ્રાપ્ત કરવા માટે
શરીર અને મન સુયોગ્ય હોવા જોઈએ.
ધ્યાન = ક્રિયામાં એકાગ્રતા. જ્ઞાન = શાસ્ત્રમાં એકાગ્રતા.
જ્ઞાનથી બોધ અને ધ્યાનથી અનુભૂતિ થાય છે.
પહેલાં સદાચાર, નામસ્મરણ, ભજન,
કીર્તન, ભક્તિ અને દયા - એ ઉચિત ક્રિયા છે.
મલિન મનમાં બ્રહ્માકાર વૃત્તિનો રંગ ચડે નહિ.
મનને સ્વચ્છ કરવાનું શ્રેષ્ઠ સાધન ભક્તિ - સત્કર્મ છે.
સદ્વૃત્તિ અને સત્પ્રવૃત્તિને સતેજ રાખવાં જોઈએ. તેમાં
ભક્તિરૂપી જળ ઉમેરાય, ત્યારે ચિત્ત વધુ ચોખ્ખું અને
કૂણું બને છે. આવા સ્વચ્છ અને કોમળ ચિત્તભૂમિમાં
બ્રહ્મજ્ઞાન અનાયાસે જ ઉગી નીકળે છે.
પ્રભુ મળે - અહંકાર ગળે, ત્યારે જીવનમાં મહાનંદ પ્રગટે.
એ આનંદ જ ધરતીનો મહારસ છે.
વિચારોના સાથે તત્ત્વ સમજવા પૂરતો સંબંધ અવશ્યપણે
હોવો જોઈએ, કિન્તુ પોતાના આગ્રહની પુષ્ટિ માટે નહિ.
મહાવ્રતોની પ્રતિજ્ઞા જ મનુષ્યને શીલનિષ્ઠ બનાવે છે.
સત્ય અને શીલ વડે જ જિનશાસન જયવંત છે.

પરિણામના સ્વભાવ અનુસાર મનુષ્યના ચાર પ્રકાર:

પામર, વિષયી, મુમુક્ષુ અને મુક્ત.

Imp મોહ - ક્ષોભરહિત આત્મપરિણામ અથવા
સ્વશુદ્ધાત્માનુભૂત આત્મપરિણામ શુદ્ધ ધર્મનું લક્ષણ છે,
તેને શુદ્ધાત્મ પરિણતિરૂપ ધર્મ પણ કહે છે.

મનનું નિસ્તરંગ થવું, તે મોહરહિતતા છે અને
કાયાનું નિષ્પંદ થવું, તે ક્ષોભરહિતતા છે.

ભાષ્ય જપ કાયાને નિઃસ્પન્દ બનાવે છે અને
માનસ જપ મનને નિસ્તરંગ બનાવે છે અથવા
અજાપ બનતાં પશ્યંતી વડે મન નિસ્તરંગ બને છે,
પરાવાણી વડે કાયા નિઃસ્પન્દ બને છે. આત્મવસ્તુનો
સહજ સ્વભાવ છે: નિસ્તરંગતા અને નિઃસ્પન્દતા.

જ્ઞાન - દર્શન વડે મન નિર્વિકલ્પ બને છે તથા
ચારિત્ર વડે કાયાની સ્થિરતા થાય છે.

ક્ષાન્ત્યાદિ ચાર મનને નિસ્તરંગ બનાવે છે અને
અહિંસાદિ પાંચ કાયાને સ્થિર કરે છે.

વિવિધ તપધર્મ વડે અનુક્રમે કાયા અને મન - ઉભય
નિષ્પંદ - નિસ્તરંગ થાય છે. દાન અને શીલ વડે કાયા
અને તપ તથા ભાવધર્મ વડે મન વિશુદ્ધ બને છે.

ધર્મનું પ્રધાન અંગ છે નિસ્તરંગ મનવાળા અને નિઃસ્પંદ કાયાવાળા પરમર્ષિઓને નમસ્કાર. એ દ્વારા તેમનો અનુગ્રહ પ્રાપ્ત થાય અને તેથી ધર્મની સિદ્ધિ થાય છે.

બે પ્રકારની વૃત્તિ: મન દ્વારા ચિત્તસ્વરૂપ અને શરીર દ્વારા સ્પંદરૂપ. એક મોહરૂપ અને બીજું ક્ષોભરૂપ. એ બંને રહિત આત્મપરિણામ - એ જ શુદ્ધ ધર્મ છે.

દાસોઽહં પ્રીતિ - ભક્તિરૂપ છે, સોઽહં એ વચનરૂપ છે અને ૐ એ અસંગ સ્વરૂપ છે. પ્રેમમાં ત્યાગ રહેલ છે.

પ્રેમ એટલે પવિત્રતા - પવિત્રતા એટલે પરમેશ્વર.

પ્રેમ અહંતા - મમતાના વિસર્જનરૂપ છે અને સમતાના સર્જનરૂપ છે, તેથી તે પવિત્રતમ પરમેશ્વરસ્વરૂપ છે.

(૧) ધર્મ દાનાદિ તથા જ્ઞાનાદિ ૪ + ક્ષાન્ત્યાદિ ૧૦ પ્રકારે છે.

(૨) ધર્મ શુભાત્મપરિણામરૂપ છે, વસ્તુસ્વભાવરૂપ છે, મોહ - ક્ષોભરહિત આત્મપરિણામરૂપ છે.

(૩) દાનાદિ પ્રવૃત્તિધર્મ વડે ૪ સંજ્ઞાઓ જીતાય, ક્ષાન્ત્યાદિ નિવૃત્તિધર્મ વડે ચાર કષાયો જીતાય અને જ્ઞાનાદિ આત્મગુણ વડે અનાત્મભાવ ઉપર વિજય પ્રાપ્ત થાય છે.

(૪) અહિંસામાં દાનાદિ ધર્મો, સંયમમાં ક્ષાન્ત્યાદિ ધર્મો અને તપમાં જ્ઞાનાદિ ધર્મો સમાઈ જાય છે.

આપણો મુખ્ય પુરૂષાર્થ શું હોવો જોઈએ?

(૧) 'ન નિષિદ્ધમનુમતમ્ ।'

પાપનો નિષેધ ન કરી અને કર્મ બંધાયાં.

પાપનો નિષેધ કરી અને કર્મબંધથી બચ્યો.

(૨) 'નાનુમતં નિષિદ્ધં ।'

સુકૃતનું અનુમોદન કરી તો ઉદ્ધાર અને

સુકૃતનું અનુમોદન ન કરી તો વિનાશ.

(3) પુણ્યની પૂજા કરી તો ઊર્ધ્વગતિ અને પૂજા ન કરી તો અધોગતિ. પુણ્યપૂજાનો વ્યતિક્રમ મહાદોષ છે. દુષ્કૃતમાત્ર ગર્હણીય છે - સુકૃતમાત્ર અનુમોદનીય છે. પુણ્યનું પુણ્યત્વ પ્રશંસનીય - માધ્યસ્થ્ય નિંદનીય છે.

અનાદિ ભવભ્રમણનું મૂળ

પુણ્યતત્ત્વ પ્રત્યે માધ્યસ્થ્ય છે,

સુકૃતમાત્ર પ્રત્યે ગર્હાનો પરિણામ છે અને

દુષ્કૃતમાત્ર પ્રત્યે અનુમોદનાનો પરિણામ છે.

મુક્તિ, મુક્તિમાર્ગ, મુક્તિમાર્ગ પ્રસ્થિત પ્રત્યે ઔદાસીન્ય, ભવ, ભવમાર્ગ, ભવમાર્ગસ્થિત સહકારિતા, સહાયકતા અને સાધકતા એ ભવનું મૂળ - ભવજનક છે.

તેને ટાળવું એ પુરૂષાર્થ મુખ્ય બનવો જોઈએ.

અહિંસાના બે રૂપ છે: એક સંયમ અને બીજું તપ.

સંયમ એ સંકોચ - સંવર રૂપ છે અને
તપ એ વિકાસ - નિર્જરારૂપ છે.

વૈરાગ્ય - ઉપશમ વડે વિષય - કષાયને જીતી શકાય.
દોષદર્શનથી વૈરાગ્ય અને ગુણદર્શનથી ઉપશમ મળે છે.
એક જીવનમાં ૯ પ્રકારના પુણ્યનું પોષણ અને
૧૮ પ્રકારના પાપનું શોષણ કરવાનું છે.

સર્વોત્તમ મંગલ અને શરણ્ય એવા
પ્રભુ શું શું આપે છે?

પ્રભુ નામાદિ દ્વારા આલંબન આપે છે,
ઉપદેશાદિ દ્વારા તીર્થને આપે છે અને
સાધના તથા સિદ્ધિ દ્વારા આદર્શ આપે છે.
આદર્શ, ઉપદેશ અને આલંબન દ્વારા
શુક્લ ધ્યાન અને સદ્ગતિને આપે છે.
એ વસ્તુઓને આપવાની શક્તિ માત્ર પ્રભુમાં જ છે,
તેથી તેઓ સર્વોત્તમ મંગલ અને શરણ્ય છે.

જિનવચનનો સાર પુદ્ગલ પ્રતિ માધ્યસ્થ્ય અને
જીવ પ્રતિ મૈત્રીભાવ પેદા કરવો તે છે.
એનું જ નામ સામાયિક સમતા છે.

કર્મમાર્ગ પ્રવૃત્તિપરાયણ છે, જ્ઞાનમાર્ગ આત્મપરાયણ છે
તથા ભક્તિમાર્ગ પ્રભુપરાયણ છે.

ભક્તિ બે પ્રકારની : મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિ.
મર્યાદાભક્તિમાં વ્યવહારની પ્રધાનતા છે,
પુષ્ટિભક્તિમાં નિશ્ચયની પ્રધાનતા છે.

વ્યવહાર પરસન્મુખ છે, નિશ્ચય સ્વસન્મુખ છે.
બંનેનો આદર્શ આત્મહનન નહિ, આત્મવાન બનવાનો છે.

ધર્મનો પ્રારંભ દર્શન, પ્રણિપાત અને અવબોધ છે.
મધ્યમાં મનન, જ્ઞાન તથા પરિશ્રમ છે અને
અંતમાં નિદિધ્યાસન, સેવન, આત્મસાત્ છે.

અહિંસા એ પરોપતાપનું વર્જન છે.

નિર્ભ્રાન્ત સત્ય ના ઉપલબ્ધિ એ લક્ષ્ય છે.

મૃત્યુ એટલે કાયાનો નાશ નહિ પણ પરિવર્તન છે,
કલેવર પણ ભસ્મરૂપે રહે જ છે, કાંઈક તો રહે જ છે.
સંસાર બદલાય છે પણ કાયમ માટે નાશ પામતો નથી.
માનવ જો પરમાત્માનું શરણું લે, તો તેના જીવનમાં
વિષાદને બદલે પ્રસાદ - પ્રસન્નતા મળે છે. કોઈ અકળ
ચેતના છે કે જે અવસ્થાઓથી પર છે, એ તત્ત્વને
જાણવું જોઈએ. એ જાણી, તે જ વેદવિદ્ - તત્ત્વજ્ઞ છે.

## મનની ત્રણ અવસ્થાઓ

જાગ્રત - વિશ્વ - વિરાટ - સમષ્ટિઅભિમાની.
સ્વપ્ન - તૈજસ - હિરણ્યગર્ભ - સમષ્ટિઅભિમાની.
સુષુપ્તિ - પ્રાજ્ઞ - ઈશ્વર - સમષ્ટિઅભિમાની.

## ૧૦ પ્રકારના યમ

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, દયા,
ક્ષમા, આર્જવ, ધૈર્ય, મિતાહાર અને શૌચ.

## ૧૦ પ્રકારના નિયમ

તપ, સંતોષ, આસ્તિક્ય, દાન, દેવપૂજન,
સિદ્ધાંતશ્રવણ, હ્રી, મતિ, જપ અને વ્રત.

## એકાક્ષર બ્રહ્મ ૐકારનું ધ્યાન

અકાર ગાયત્રી, ઉકાર સાવિત્રી અને મકાર સરસ્વતી, એ ત્રણેની સંધિ તે ૐકાર એકાક્ષર બ્રહ્મને સર્વેનું કારણ પરમ જ્યોતિસ્વરૂપ ધ્યાવવો.
અકાર વડે પૂરક, ઉકાર વડે કુંભક, મકાર વડે રેચક - એમ અનુક્રમે ૧૬ - ૬૪ - ૩૨ માત્રાઓ વડે કરવો.
સિંહ, વ્યાઘ્ર અને હાથીની જેમ વાયુ ધીમે ધીમે વશ થાય છે. વાયુ જ્યારે મધ્યમાં સંચાર કરે, ત્યારે મનની સ્થિરતા થાય છે અને તે જ મનોન્મની અવસ્થા છે.

## શાંભવી મુદ્રા તથા ખેચરી મુદ્રા

લક્ષ્ય અંદર હોય અને બહારની દૃષ્ટિ જ્યારે
નિમેષોન્મેષવર્જિત હોય, તે શાંભવી મુદ્રાને
સર્વ તંત્રશાસ્ત્રોમાં ગુપ્ત રહસ્યરૂપ ગણી છે.
લક્ષ્ય અંદર હોવાથી ચિત્ત અને વાયુ વિલીન થાય છે
તથા નિશ્ચલ કીકીવાળી દૃષ્ટિ હોવાથી બહાર અથવા
નીચે જોતો હોય, તો પણ બાહ્ય કાંઈ જોતો નથી.
આ ખેચરી મુદ્રા પણ કઠિનતમ છે.
તે કુંભક લક્ષ્યમાં જ ઓડ્ડીયાન અને મંગળકારક મુદ્રામાં
શૂન્ય - અશૂન્ય વિનાનું તત્ત્વ પરમપદ રૂપે પ્રકાશે છે.

ચિત્તનાશના બે માર્ગ છે: જ્ઞાન અને યોગ.

જ્ઞાન = વસ્તુતત્ત્વને યથાર્થ જાણવું.
યોગ = ચિત્તની વૃત્તિઓને રોકવી.
મન વશ થવાથી ચંચળતા નાશ પામે છે અને
શાંત ચિત્ત વડે સંસારનો નાશ થાય છે.
ચિત્તશાંતિ મેળવવી હોય, તો જ્ઞાનને મદદગાર બનો.
પ્રભુને નીરખવા હોય, તો જ્ઞાનાત્માના મિત્ર બનો.
ભિખારીઓને ભલે દૂર કરવામાં આવે, પરન્તુ ખરી
જરૂર તો દિલના જ ભિખારીઓને દૂર કરવાની છે.

## યોગના ૯ પડાવ

પ્રાણાયામ = ૧૬ માત્રાનો પૂરક, ૬૪ માત્રાનો કુંભક
અને ૩૨ માત્રાનો રેચક શ્વાસોચ્છ્વાસ.

પ્રત્યાહાર = ઇંદ્રિયોના વિષયોમાંથી મનને પાછું ખેંચવું.

ધારણા = મનને પાછું ખેંચીને ચૈતન્યમાં સ્થિર કરવું.

ધ્યાન = 'બધા શરીરોમાં એક માત્ર ચૈતન્ય છે' એવું
એકતાનપણું તે ધ્યાન છે.

નિર્વિકલ્પ સમાધિ = ધ્યાન પણ ભૂલાઈ જાય, તે અવસ્થા.

નિશ્ચળતા તે પ્રદક્ષિણા - સોઽહંભાવ તે નમસ્કાર છે.
મૌન એ સ્તુતિ તથા સર્વ પ્રકારે સંતોષ એ વિસર્જન છે.
જીવનનું ધ્યેય ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો, તે જ છે.

શારીરિક દૃષ્ટિએ માનવ રાખ સમાન છે અને
આત્મિક દૃષ્ટિએ તે પરમાત્મ સમાન છે.

દર્શનનો આધાર દૃશ્ય ઉપર નહિ પણ દૃષ્ટિ ઉપર છે.
જ્ઞાનનો આધાર જ્ઞેય ઉપર નહિ પણ જ્ઞાતા ઉપર છે.
ધ્યાનનો આધાર ધ્યેય ઉપર નહિ પણ ધ્યાતા ઉપર છે.
વિશ્વચેતનાવાળા મન સાથે જો આપણું અસ્તિત્વ સંધાય,
તો આપણા મોટા ભાગના પ્રશ્નો સરળ રીતે ઉકલી જાય.
સ્વધર્મે નિધનં શ્રેયઃ | સ્વાત્મધર્મ માટે મરવું એ શ્રેયસ્કર.

## ચૈતન્યની અનુભૂતિ શેનાથી થાય?

પાંચ ઈંદ્રિય, ત્રણ બળ અને શ્વાસોચ્છ્વાસાદિ પ્રાણોની
હીનાધિક સત્તાથી જીવમાં રહેલ ચૈતન્યની અનુભૂતિ થાય.
તદુપરાંત જીવમાં કર્તૃત્વ અને ભોક્તૃત્વ શક્તિ
સ્વયં અમૂર્ત અને સ્વશરીરવ્યાપી હોય છે.
નિગોદના જીવો સદાકાળ મૂર્છિત, સંસારી જીવો
અર્ધમૂર્છિત અને મોક્ષના જીવો અમૂર્છિત હોય છે.
નિગોદ અને મોક્ષ - એ બે અંતિમ વચ્ચે
સંસાર છે અને પુરુષાર્થ કરવાનું ક્ષેત્ર છે.

## 'અનંત' એટલે કેટલી સંખ્યા?

અનંત એક એવી સંખ્યા છે કે તેમાં ગમે તેટલાં
આંકડા કાઢો કે નાંખો તો ય કોઈ કમી - વૃદ્ધિ થતી નથી.

ૐ પૂર્ણમિદં પૂર્ણમદઃ પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥૧॥

દ્રવ્યમાં ગુણ અને પર્યાય - બે વિશેષતાઓ હોય છે.
ગુણ સહભાવાવર્તિ છે, પર્યાય ક્રમભાવાવર્તિ છે.
પર્યાય નિરન્તર બદલાય છે, દ્રવ્ય સ્થિર રહે છે.
કર્મોને આવવાના દ્વારોનું નામ આસ્રવ છે.
જીવની યોગશક્તિ દ્વારા તે કાર્ય થાય છે.

યોગ દ્વારા પ્રદેશબંધ - કષાય દ્વારા રસબંધ થાય છે.
દર્શનાવરણીય કર્મ સ્વાનુભૂતિમાં પ્રતિબંધક છે અને
દર્શનમોહનીય કર્મ સર્વાનુભૂતિમાં પ્રતિબન્ધક છે.

પ્રત્યેક જીવદ્રવ્ય સ્વતંત્ર છે.

જીવ પોતાની ઇચ્છાથી જ બંધ અને મોક્ષ મેળવે છે.
સુખ - દુઃખ બંને અપેક્ષાએથી બંધનના કારણ છે.
એક રતિમોહનીય અને બીજાં અરતિમોહનીય કર્મના
ઉદય દ્વારા જીવને કર્મબંધ કરાવે છે.

જીવનું મુખ્ય લક્ષણ ઉપયોગ = દર્શન અને જ્ઞાન છે.

દર્શન એટલે...

પ્રત્યેક જીવમાં પોતાની સત્તાના અનુભવની શક્તિ.
જ્ઞાન = બાહ્ય પદાર્થને જાણવા - સમજવાની શક્તિ.
સમ્યગ્દર્શન = આત્મા અને શરીરની ભિન્નતાનો અનુભવ.
સમ્યગ્દર્શન = તત્ત્વમીમાંસા, સમ્યગ્જ્ઞાન = જ્ઞાનમીમાંસા,
સમ્યક્ચારિત્ર = આચારસંહિતા.

આત્મજ્ઞાન અહિંસા, આત્મઅજ્ઞાન હિંસા (નિશ્ચયનય).
દર્શનગુણનું ક્ષેત્ર અંતરંગ - જ્ઞાનગુણનું ક્ષેત્ર બહિરંગ.
દર્શનગુણ વડે આત્મસત્તાનું ભાન થાય છે અને
જ્ઞાનગુણ વડે બાહ્ય પદાર્થનો બોધ થાય છે.

અહિંસા, સંયમ અને તપધર્મની સાધના એટલે અનુક્રમે
અહિંસક વૃત્તિ, વૈરાગ્ય યા અનાસક્તિ, એકાગ્ર સાધના.
વસ્તુ અનંત ધર્મવાળી છે, તેનું જ્ઞાન અને કથન કોઈ
એક ધર્મ દ્વારા જ થઈ શકે છે,
તેથી પ્રત્યેક જ્ઞાન અને શબ્દ સાપેક્ષ કે વિકલ્પ છે.
વસ્તુમાં અનેક ધર્મ છે, માટે એકાંતવાદ અને
એને અભિવ્યક્ત કરવાની શૈલીનું નામ સ્યાદ્વાદ છે.
એકાંત વિગ્રહ છે, અનેકાંત સંધિ છે.
જ્ઞાનને અનુરૂપ આચરણ એ ચારિત્ર છે.
આચરણ હંમેશાં જ્ઞાનની સાર્થક કરવાનું હોય છે.
આચરણ કોઈ એકલા વ્યક્તિનું હોતું નથી. એકલાં જે
જ્ઞાન પ્રાપ્ત થયું, તેનું પોતાના આચરણ દ્વારા
સમાજને લાભ પહોંચાડવાનું કાર્ય ચારિત્ર વડે થાય છે.
પાંચ મહાવ્રતોનું પાલન વેર - વિરોધને શમાવે છે તથા
પરસ્પર પ્રીતિ અને વિશ્વાસને વધારે છે,
એ રીતે તે સમાજકલ્યાણમાં સહાયક બને છે.
સ્વ-પર ભેદ મટી જાય, તે ભાવઅહિંસા છે.
સમસ્ત પ્રાણીજગત પોતાના આત્માનો જ વિસ્તાર છે.
'एगो आया ।' પોતે પોતાની હિંસા કેવી રીતે કરી શકે?
જેને તું હણે છે, તે તું જ છે.

આત્મજ્ઞાનના વિકાસનું ફળ જ અહિંસાદિ પાંચ વ્રતો છે.

તત્ત્વથી ચૌર્ય વ્રત એટલે બીજાની વસ્તુને
પોતાની માની લેવી અને વાસ્તવિક અચૌર્ય વ્રત એટલે
શરીર ઉપરથી પણ પોતાપણું સ્વામિત્વ હટાવી લેવું તે.

બ્રહ્મચર્ય = બ્રહ્મ - પરમાત્મા સમાન આચરણ. પરમાત્મા
પૂર્ણ છે, તેમ પૂર્ણતામાં રમણતા તે તાત્ત્વિક બ્રહ્મચર્ય છે.

અપરિગ્રહી આનંદને પ્રાપ્ત કરે છે.

પ્રત્યેકમાં સ્વસમાન આત્મતત્ત્વને જોવારૂપ સમત્વનો
વિકાસ એ જ પાંચ વ્રતોના પાલનનો મૂળાધાર છે.

સમય = આત્મા, સામાયિક = આત્મામાં રહેવું,
કેવળ અસ્તિત્વનો બોધ, હું અને મારાપણાંનો અભાવ.

સંલેખના = જીવિતૈષણાનો ત્યાગ,
જીવન-મરણમાં સમભાવ, હું અને મારાપણાંનું વિસર્જન.

'મોક્ષ' એ શુદ્ધ આત્મસ્વરૂપનું નામ છે.

'મોક્ષમાર્ગ' એટલે આત્માનુરાગી બનવાનો માર્ગ.

અપરિગ્રહી અને નિરહંકારી તે 'મુનિ' અર્થાત્
આત્માથી અતિરિક્ત કોઈ વસ્તુનું સ્વામિત્વ ન રહેવું.

અનુપ્રેક્ષા = તત્ત્વજ્ઞાનનું પુનઃ પુનઃ અન્વેષણ, તેમાં રહેલ
આત્મમાર્ગની દુર્લભતા, ધર્મ-લોકસ્વરૂપનું ચિંતન-દર્શન.
અનુપ્રેક્ષાથી ધાર્મિક પ્રવૃત્તિમાં દૃઢતા - સ્થિરતા આવે છે.

'વત્થુ સહાવો ધમ્મો ।' ધર્મ એટલે સ્વભાવ.

આત્માના સ્વરૂપમાં સહાયક બને, તે ઉત્તમ ધર્મ.

ધર્મ એટલે (૧) અહિંસા (૨) સંયમ અને (3) તપ.

અહિંસાનો અર્થ નિરહંકારિતા,
સંયમનો અર્થ શ્રેષ્ઠતરની પ્રાપ્તિ અને
તપનો અર્થ ભેદવિજ્ઞાન - તત્ત્વજ્ઞાનની અનુભૂતિ.

અહિંસા - સંયમ - તપધર્મની ઉત્પત્તિનું મૂળ શું?

(૧) અહિંસાધર્મનું ઉત્પાદક છે ઉપયોગ અને ઉપગ્રહ, સ્વરૂપ અંતરંગ તથા બહિરંગ લક્ષણનું ચિન્તન.

(૨) સંયમધર્મની ઉત્પત્તિનું મૂળ છે દ્રવ્ય - ગુણ - પર્યાયથી આત્મતત્ત્વનું ચિન્તન.

(3) તપધર્મની ઉત્પત્તિનું મૂળ છે ધ્યેયભૂત વસ્તુને માધ્યમ બનાવી આત્માનું ધ્યાન કરવું, તે ધ્યાનતપ છે. તપ દ્વારા આહારના ત્યાગની સાથે આત્માને ગ્રહણ કરવાની - પકડવાની ક્રિયા વિહિત છે.

આત્માના 3 ધર્મ: બહિરાત્મતા, અંતરાત્મતા, પરમાત્મતા.

આત્મસ્વભાવ પરમ મંગળ - સર્વ લોકમાં ઉત્તમ - પરમ શરણભૂત - પરમ કલ્યાણકારી - સર્વ સુખકારી - સ્વતંત્રતાનું દ્વાર અને પરતન્ત્રતાનો છેદ છે.

'ધ્યાન'નો પર્યાય શબ્દ આત્મરમણ છે.

તે માટે બે સાધન છે: પ્રતિક્રમણ અને સામાયિક.
પ્રતિક્રમણમાં બાહ્યથી પાછા ફરવાનું છે તથા
સામાયિકમાં પોતાના અંતરમાં લીન થવાનું છે.
મહાત્માઓની ચિંતવના, નિસ્તરંગ મહોદધિવત્,
નિર્વાતસ્થાન પ્રદીપ તથા નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ.

(૧) જ્યાં ઉપયોગ, ત્યાં ઉપગ્રહ હોય જ.
વસ્તુનો એ સ્વભાવ છે.
ઉપગ્રહ = હિતાહિતમાં નિમિત્તભૂતતા તથા
પ્રત્યેક જીવમાં રહેલ અનુગ્રહ - નિગ્રહશક્તિ.
કર્મના ઉદય વખતે જીવની માયાધીનતા, કર્મબંધ વખતે
માયાધીશતા અને ક્ષય વખતે માયાતીતતા પ્રગટ થાય છે.

જાણવામાં બે વસ્તુનું મહત્ત્વ છે:
જ્ઞેય અને જ્ઞાતા, એમાં જ્ઞેયને જાણવું તે વિજ્ઞાન તથા
જ્ઞાતાને જાણવું તે ધર્મ.
જ્ઞાતાને જાણનારો જ સમ્યગ્જ્ઞાની છે.
પોતાની અનુપસ્થિતિને તોડવાનું નામ સ્વાધ્યાય છે.
જે કરો, તે જાગૃત ઉપયોગપૂર્વક કરો. 'હું આત્મા છું',
એવા જાગૃતિપૂર્વક જે કાંઈ થશે, તે ભૂલ વિનાનું હશે.

## એ જ પરમ રહસ્ય

પુત્રે માતા - પિતાદિ ગુરુવર્ગની આજ્ઞામાં રહેવાનું છે, સ્ત્રીએ માતા - પિતા - પતિ - પુત્ર આદિની યથાયોગ્ય આજ્ઞામાં રહેવાનું છે, કુટુંબે મુખીની, મુખીએ શેઠની, શેઠે મહાજનની, મહાજને રાજાદિકની, રાજાદિકે ચક્રવર્તી આદિની, ચક્રવર્તીએ ધર્મ - નીતિ અને પરમાત્માની ઉગ્ર, અનિવાર્ય અને એકાંત આજ્ઞામાં જ રહેવાનું છે.

દેવોએ ઇંદ્રાદિકની, ઇંદ્રાદિકે પણ ઈશ્વરની અને ઈશ્વરે પરમેશ્વરની આજ્ઞામાં રહેવાનું છે. પરાધીનતા દુઃખદાયક પણ નથી અને સુખદાયક પણ નથી છે.

વિશ્વમાં જે મત્સ્યગલાગલન્યાય પ્રવર્તે છે, તેનો યોગ્યની આજ્ઞાને પરતંત્ર રહેવાથી રોકી શકાય અને દેહાદિ પરપદાર્થો પ્રત્યેના મોહને પરાધીન ન રહેવાથી જ આત્મસામ્રાજ્ય પ્રાપ્ત કરી શકાય - નિષ્કર્ષ એ છે કે: વિવેકને આધીન રહેવું - અવિવેકને આધીન ન થવું. <u>જીવનને અંતે શરીર - ઇન્દ્રિય - મન - સ્વબુદ્ધિ આદિ સર્વની આધીનતામાંથી છૂટવું, એ જ પરમ રહસ્ય છે.</u> આથી સ્વતંત્રતા જ ઈશ્વરપદ અપાવે, તે સ્વતંત્રતા મેળવવા માટે ગુરુજનની પરાધીનતા જ કારણરૂપ છે.

જે પરાધીનતા સ્વાધીનતાનું કારણ બને,
તે ખરેખર તો પરાધીનતા નહિ પણ સ્વાધીનતા જ છે.
જે સ્વાધીનતા પરાધીનતામાં પરિણમે,
તે ખરેખર તો સ્વાધીનતા નહિ પણ પરાધીનતા જ છે.
જેમ પિતા થવા ઇચ્છનારે પુત્ર થવું જોઈએ અને
ગુરુ થવા ઇચ્છનારે શિષ્ય થવું જ જોઈએ,
તેમ સ્વતંત્ર થવા ઇચ્છનારે પરતંત્ર થવું જ જોઈએ,
આ કારણે શાસ્ત્રકારોએ આજ્ઞાપ્રધાન જ ધર્મ કહ્યો છે.
'ધમ્મો આણાએ પડિબદ્ધો ।'
તેજોલેશ્યા અહિં આત્મિક સુખનો લાભ
ગુરુઆજ્ઞાએ વર્તતા સાધુને જ મળે છે. તે સાધુ જ
પ્રતિસ્રોતગામી અને અનુસ્રોતનિવૃત્ત બની શકે છે.
વસ્તુ કરતાં વિચાર વધે છે અને
બહિષ્કરણ કરતાં અંતઃકરણ વધે છે.

<u>જિનવાણીના ચાર પ્રકાર</u>

[૧]ચિદ્રૂપાદ્યા [૨]પરાઽર્હ્યા દૈવ્ક પશ્યન્તી [૩]પ્રતિમાગિરા ।
મધ્યમા [૪]વૈખરી શબ્દાઽર્હદ્વાણી તામુપાસ્મહે ॥ અહિં:
ચિદ્રૂપ પરા, અર્હદ્, પશ્યંતી, પ્રતિમા મધ્યમા અને શબ્દ
વૈખરી - આ ૪ સ્વરૂપવાળી અરિહંત પરમાત્માની વાણી છે.
તેની ઉપાસના કરીએ છીએ.

# ધર્મના મહત્વનાં ૪ અંગો

ધ્યાન, પ્રાર્થના, ઈંદ્રિયનિગ્રહ, સદાચારી જીવન.

ધર્મ એ આત્માની નિર્મળ પરિણતિ છે.
ધર્મ એ આત્મા માટેનો પૌષ્ટિક ખોરાક છે,
ધર્મ એ મન અને ઈંદ્રિયો ઉપર નિગ્રહ રખાવે છે.
ધર્મહીન આત્માની તો પાંચે ઈંદ્રિયો તોફાન મચાવે છે
અને તેનું મન દુર્બુદ્ધિની ખાણ બને છે.
જપ - સ્વાધ્યાય - ધ્યાન - સદ્‌વ્યવહારરહિત જે દિવસ જાય,
તે વંધ્ય - નિરર્થક - નિષ્ફળ તથા નુકસાનકારક છે.
કામનાઓ અને વાસનાઓ જ સાચી દરિદ્રતા છે,
જે મનુષ્ય પરમાત્માનું ધ્યાન ધરતો રહે,
એ વિશ્વનો સૌથી તવંગર મનુષ્ય છે.
કોઈપણ સાધનાનો સર્વસામાન્ય હેતુ છે...
પોતાની અહંતા - મમતાથી છૂટવું.

સત્પુરુષોની શુભ ભાવનાઓ અમૃત

વિશ્વસ્થિતિમાં ગુન્હા કરતાં સજા અતિ અલ્પ મળે છે
અને યોગ્યતા કરતાં માન - સત્કાર અધિક મળે છે,
તેની પાછળ એક જ સમાધાન કે:
સત્પુરુષોની શુભ ભાવનાઓને કારણ માનવું.

તા. ૨૬-૬-૯૬, ટીન્ડ (તાલુકા - ચીખલી), દક્ષિણ ગુજરાત

(૧) પુદ્ગલથી આત્માનો નિતાન્ત ભેદ છે.

(૨) સર્વ પ્રયત્નો એ સમજવા માટે જ કર્તવ્ય છે.

(૩) અંદર-બહાર સર્વત્ર વ્યાપી રહેલ આત્મદેવ એક જ અદ્વિતીય દેવ છે, તેને નમસ્કાર એ પોતાને પોતે નમસ્કાર કરે છે, તેને જ અભેદ નમસ્કાર કહ્યો છે.

(૪) મૌન વચનનું અને ધ્યાન આત્માનું -
એ બે મળીને મોક્ષનો રાજમાર્ગ બને છે.
બાકી બધા માર્ગો એ માર્ગે મળીને મોક્ષે લઈ જાય છે.
મૌન અને ધ્યાનમાં રત્નત્રયની એકતા છે.

(૫) આત્માનુભૂતિ એક જ સર્વથી શ્રેષ્ઠ વસ્તુ છે અને
સર્વે પ્રયત્નોથી તે પ્રાપ્તવ્ય છે.

(૬) પ્રથમ ભેદવિજ્ઞાન, પછી અભેદવિજ્ઞાન.
જાતિગત અભેદ પછી દ્રવ્યગત અભેદ અને
અંતે પિંડ - બ્રહ્માંડની અભેદ એકતાની અનુભૂતિ.

(૭) જડથી ભેદ - ચૈતન્યથી અભેદ,
પર્યાયથી ભેદ - દ્રવ્યથી અભેદ, પદાર્થથી ભેદ - સત્તાથી અભેદ.

(૮) ભેદજ્ઞાન માટે સૂત્ર છે: ઉપયોગો લક્ષણમ્ ।
અભેદવિજ્ઞાન માટે સૂત્ર છે: ઉપગ્રહો લક્ષણમ્ ।

દ્રવ્ય - ગુણ - પર્યાયનો ભેદાભેદ માટે સૂત્ર છે:
ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્ | દલતમા પરમાત્મા એવ જીવાત્મા |
પિંડ નહીં, બ્રહ્માંડની એકતા માટે સૂત્ર છે:
ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ | તદ્ભાવાવ્યયં નિત્યં |

પ્રભુ વીરના ૧૧ ગણધરોના સંદેહ

(૧) ઇન્દ્રભૂતિ - આયુ ૯૨ વર્ષ - જીવનો સંદેહ.
(૨) અગ્નિભૂતિ - આયુ ૭૪ - કર્મનો સંદેહ.
(3) વાયુભૂતિ - આયુ ૭૦ - જીવ, શરીર એક કે જુદા ?
(૪) વ્યક્ત - આયુ ૮૦ - પાંચ ભૂતોનું અસ્તિત્વ છે ?
(૫) સુધર્મા - આયુ ૧૦૦ - આ ભવ અને આવતા ભવનું સાદૃશ્ય.
(૬) મંડિત - આયુ ૮૦ વર્ષ - બંધ નહીં, મોક્ષનું અસ્તિત્વ.
(૭) મૌર્ય - આયુ ૯૫ વર્ષ - દેવોના અસ્તિત્વનો સંદેહ.
(૮) અકંપિત - આયુ ૭૮ વર્ષ - નારકીનું અસ્તિત્વ છે ?
(૯) અચલભ્રાતા - આયુ ૭૨ - પુણ્યપાપનું અસ્તિત્વ છે ?
(૧૦) મેતાર્ય - આયુ ૬૨ વર્ષ - પરલોકનું અસ્તિત્વ છે ?
(૧૧) પ્રભાસ - આયુ ૪૦ વર્ષ - મોક્ષનું અસ્તિત્વ છે કે ?

સત્યની વ્યાખ્યા નથી. વ્યાખ્યાનો આધાર જ સત્ય છે.

o

અદ્વૈતભાવનામૈક્યં અગમ્યં દ્વૈતભાવનમ્ |
ગુરુશાસ્ત્રોક્તભાવેન નિશ્ચયમૈક્યં વિધીયતે ||(પરિશિષ્ટ-૧૯)

ત્રણ દોષનો પ્રતિકાર શેનાથી થાય ?

(૧) મળદોષનો પ્રતિકાર : આત્મૌપમ્યભાવ - ધારણા.
(૨) વિક્ષેપદોષનો પ્રતિકાર : એકાગ્રચિંતાનિરોધ - ધ્યાન.
(3) આવરણદોષનો પરિહાર : નિર્વિકલ્પચિન્માત્ર - સમાધિ.

ચૈતન્ય પરમાત્મા ઉપર ધારણા કરવી.
ગુણપર્યયવદ્ દ્રવ્ય ઉપર ધ્યાન કરવું.
મહાસત્તા સામાન્યમાં લીનતા - સમાધિ અનુભવવી.

(1) ચૈતન્ય પરમાત્માથી એક (2) દ્રવ્યસામાન્યથી એક
(3) મહાસામાન્યથી એક (4) જ્ઞાનાદ્વૈત નયથી એક
(5) 'એકમેવાદ્વિતીયં ।' સૂત્રથી સર્વનો સંગ્રહ થાય છે.

જેઓની દૃષ્ટિ મહાસત્તા સામાન્ય સુધી લંબાયેલી છે, તે જ્ઞાની પુરુષોને સ્વપર જેવું કાંઈ લાગતું નથી. તેમનો સિદ્ધાંત તો સ્વરૂપમાં સ્થિત થવું, તે જ છે અને ગમે તે રસ્તે પણ મૂળને પહોંચવું તે છે. જ્યારે જ્યારે આ દુનિયાની ઉપાધિઓ વિષમસ્વરૂપ પકડે છે, આત્મભાન ભૂલાવીને હર્ષ - શોક કરાવે છે, ત્યારે ત્યારે મહાત્માઓ આ મહાસત્તા સામાન્યમાં તે સર્વને ગાળી નાંખી પોતાને પણ તે મહાસત્તામાં લીન કરી દે છે, એટલે તેઓને આ ઉપાધિઓ નડતી નથી, ઉપાધિઓ વચ્ચે પણ પરમ શાંતિ અનુભવાય છે.

'નાણુમતં નિષિદ્ધં ।'

જેનું અનુમોદન નહિ, તેનો નિષેધ મનમાં ચાલુ જ છે.
તેનાથી બચવા માટે સુકૃતાનુમોદના અનિવાર્ય છે.

જેની બુદ્ધિ મુજબ ચાલીએ છીએ,
તેના શરણે જઈએ છીએ.

સર્વજ્ઞમતિને આગળ કરી શાસ્ત્રાજ્ઞા મુજબનું વર્તન
એ જ સમ્યગ્દૃષ્ટિની શરણાગતિ છે.

સર્વજ્ઞમતિ, જિનાજ્ઞા અથવા શાસ્ત્રવચનોને
અનુસરનારી જ સહીસલામત છે, ત્યાં સુધી
તે આપણને શરણે રાખીને પોતાનું હિત સાધે છે,
તેમાંથી બચાવી લેનાર આ જિનાજ્ઞાનું શરણાગમન છે.

અસત્યમાંથી સત્ય પ્રત્યે જઈને સમ્યગ્દર્શન વડે,
અંધકારમાંથી પ્રકાશ પ્રત્યે જઈને સમ્યગ્જ્ઞાન વડે,
મૃત્યુમાંથી અમરત્વ પ્રત્યે જઈને સમ્યક્ચારિત્ર વડે
પરમપદ પ્રાપ્ત કરી, પરમ અર્થ ઉઘાડી,
પરમ બ્રહ્મચૈતન્યને જગાડી, પરમ રહસ્યને અનુભવી,
પરમતત્ત્વ પામવાનું છે અને સર્વને પમાડવાનું છે.
આ માર્ગ છે, આ જ માર્ગ છે, આ માર્ગ જ છે.

કહ્યું છે કે:

એઅં ચ પરમ તત્તં પરમ રહસ્સં ચ પરમ મંતં ચ |
પરમત્થં પરમપયં પન્નત્તં પરમ પુરિસેહિં ||૧|| અર્થાત્:
આ પરમ તત્ત્વ, પરમ રહસ્ય, પરમ મંત્ર, પરમ અર્થ
અને પરમપદ પરમ પુરુષો વડે કહેવાયું છે.
પરમ તત્ત્વ શ્રી અરિહંત છે, પરમ રહસ્ય શ્રી સિદ્ધ છે,
પરમ મંત્ર શ્રી આચાર્ય છે, પરમ અર્થ શ્રી ઉપાધ્યાય છે
અને પરમપદ શ્રી સાધુ ભગવંતો છે.
પાંચે પરમેષ્ઠિઓ પરમપદ તો છે જ, તદુપરાંત
ઉપરના ચાર પરમ અર્થ, ઉપરના ત્રણ પરમ મંત્ર,
ઉપરના બે અરિહંત અને સિદ્ધ - પરમ રહસ્ય છે.
શ્રી અરિહંત પદ, અર્થ, મંત્ર અને રહસ્ય તો છે જ,
ઉપરાંત પરમ તત્ત્વ પણ છે.

**શ્રી સિદ્ધચક્રમાં પૂર્ણ આરાધના કઈ રીતે રહેલી છે?**

જૈન દૃષ્ટિએ આરાધનાની પ્રક્રિયામાં
મંત્ર નવકાર છે, યંત્ર સિદ્ધચક્ર છે, તંત્ર સામાયિક છે,
તેથી નવકારને ચૌદ પૂર્વનો સાર અને
સામાયિકને ચૌદ પૂર્વનો સંક્ષેપ કહ્યો છે.
સિદ્ધચક્રના છેલ્લાં ચાર પદ સામાયિકરૂપ અને
પહેલાં પાંચ પદ નવકારસ્વરૂપ છે.

## ત્રણ પ્રકારના સંયમ

(૧) કાય સંયમ = બ્રહ્મચર્ય, દેવપૂજન, અહિંસા, તપાદિ.
(૨) વચન સંયમ = સત્ય, મિત, હિત, મધુર વચન.
(3) મન સંયમ = નિર્મળતા, એકાગ્રતા, ચિંતનધારાશુદ્ધતા.

વિહિત અનુષ્ઠાનવિષયક પ્રણિધાન - તે 'સંયમ' છે.

તેમાં 'વિહિત' શબ્દથી ભક્તિયોગ,
'અનુષ્ઠાન' શબ્દથી કર્મયોગ અને
'પ્રણિધાન' શબ્દથી જ્ઞાનયોગનો સંગ્રહ છે.

જ્ઞાનના ત્રણ સાધનો : પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવા.

પ્રણિપાત = દાસોઽહં | નમવું.
એટલે કે શરણાગતિ, અનુશાસનનો સ્વીકાર.
પરિપ્રશ્ન = કોઽહં | પરિણમવું.
એટલે કે ગુરુ અને શિષ્યનો વાર્તાલાપ.
સેવા = ૐ અથવા ૐકાર. તદ્રૂપ થવું. શારીરિક સેવા સાથે ગુરુએ નિર્દેશિત કરેલ સિદ્ધાંતોનું પ્રાયોગિક સેવન.

પિંડ એટલે શરીર દ્વારા પરમાત્માનું ધ્યાન તે પિંડસ્થ,
અર્હદાદિ પદ દ્વારા પરમાત્માનું ધ્યાન તે પદસ્થ ધ્યાન,
મૂર્તિ આદિ દ્વારા પરમાત્માનું ધ્યાન તે રૂપસ્થ ધ્યાન,
ગુણો દ્વારા પરમાત્માનું ધ્યાન તે રૂપાતીત ધ્યાન.

## પંચસૂત્રની મહત્તા શાથી?

દુષ્કૃતગર્હા સ્વદોષના પક્ષપાતને દૂર કરી આપે છે, સુકૃતાનુમોદના ગુણદ્વેષને દૂર કરી આપે છે અને શરણાગમન સ્વમતિ દુરાગ્રહને દૂર કરી આપે છે. દુષ્કૃતગર્હા દોષનો નિષેધ છે. 'ન નિષિદ્ધમનુમતં ।' એ ન્યાયે જેનો નિષેધ નથી, તેની અનુમતિ ચાલુ છે. સુકૃતાનુમોદના ન હોય, ત્યાં સુધી સુકૃતનો નિષેધ છે. ચતુઃશરણ મહત્ત્વને જણાવનારું છે, કેમકે તેમાં પાપની બાદબાકી, પુણ્યનો સરવાળો, ધર્મનો ગુણાકાર છે અને કર્મનો ભાગાકાર છે. શરણ = ભાવથી અશરણસ્વરૂપ છે. તેમાં કર્મના નિયમની શ્રદ્ધા - ધર્મના નિયમનો વિશ્વાસ છે. કર્મનો નિયમ ન્યાયપૂર્ણ - ધર્મનો નિયમ દયાપૂર્ણ છે.

### નિક્ષેપનું સ્વરૂપ

भावो विवक्षितक्रियानुभूतियुक्तो हि वै समाख्यातः ।
नामादओवि भावा जं ते वि हु वत्थुपज्जाया ।

નામાદિ પણ વસ્તુના પર્યાય - ધર્મ હોવાથી ભાવ જ છે. ભાવ એમ વિશિષ્ટ અર્થ - ક્રિયાનો સાધક છે, તેમ નામાદિ પણ તેના જ ધર્મ - પર્યાય હોવાથી વિશિષ્ટ અર્થ - ક્રિયાના સાધક છે જ.

अथवा सर्ववस्तुषु प्रत्येकं चतुर्णामपि सद्भावः प्राप्यते

एवं - वत्थुमिहाणं नामं ठवणा य जो तयागारो ।
कारणया से दव्वं कज्जावन्नं तहं य भावो ॥

સર્વ ઘટપટાદિ વસ્તુનું અભિધાન એ નામ,
આકાર એ સ્થાપના, કારણતા એ દ્રવ્ય અને
ઘટપટાદિ વસ્તુની કાર્યયુક્તતા તે ભાવ છે.

द्रव्यरूपतया सर्वेषामपि नामादीनामेकत्वात् ।

नामाइ भेअ सद्दत्थ बुद्धि परिणाम भावओ निययं ।
जं वत्थुमत्थि लोए चउ पज्जायं तयं सव्वं ॥ (परिशिष्ट-२०)

લોકમાં જે કોઈ વસ્તુ છે, તે સર્વ નામ આદિ ચાર પર્યાયવાળી છે, કારણ કે નામાદિ ચાર યુક્ત વસ્તુમાં જ શબ્દ, અર્થ અને બુદ્ધિનો પરિણામ થાય છે.

અન્યોન્ય સંવલિત નામાદિ ચતુષ્ટયરૂપ વસ્તુમાં જ ઘટાદિ શબ્દની અભિધાનરૂપથી પરિણતિ - પ્રવૃત્તિ થાય છે. અર્થની પ્રતીતિ અને બુદ્ધિની પરિણતિ પણ ચાર યુક્ત વસ્તુમાં જ થાય છે.

દ્રવ્યાસ્તિકનયને નામાદિ ત્રણ નિક્ષેપ જ માન્ય છે, કારણ કે તે દ્રવ્યમાત્રને જ ગ્રહણ કરતાં હોવાથી ભાવને આલંબન કરતાં નથી. પર્યાયાર્થિકનય ભાવનિક્ષેપને જ માને છે.

ગુરુ એટલે અંધકારમાં દીવાનો ઉજાસ.

विना गुरुभ्यो गुणनीरधिभ्यो
जानाति तत्त्वं न विचक्षणोऽपि ।
आकर्णदीर्घायितलोचनोऽपि
दीपं विना पश्यति नान्धकारे ॥

અર્થાત્: ગુણોના સાગર સમાન ગુરુ ભગવંત વિના વિચક્ષણ મનુષ્ય પણ તત્ત્વ જાણતો નથી. કાન સુધી લાંબી આંખવાળો પણ દીવા વિના અંધકારમાં જોઈ શકતો નથી.

સદ્ગુરુના શરણમાં આવનારને ન તો
સુખ મોહગ્રસ્ત કરી શકે છે, ન દુઃખ ગભરાવી શકે છે.
દુઃખ તો મંઝીલને નિકટ લાવે છે.
દુઃખ - સુખનો ભાસ તો અસમાનતા રહે, ત્યાં સુધી છે.
જ્યારે સમદૃષ્ટિ ખૂલે છે, ત્યારે
તેના પ્રકાશમાં સુખ અને દુઃખ - એકસમાન ભાસે છે.

'તુલસી યહ સંસાર મેં, પાંચ રત્ન હૈં સાર,
સાધુમિલન - હરિભજન - દાન - દયા - ઉપકાર'...(૧)

માર્ગ બતાવવાવાળો માર્ગદર્શક પણ વધુ ઉપકારક છે.

'તન ભી તેરા મન ભી તેરા, તેરા પિંડ ઔર પ્રાણ,
સબ કુછ તેરા તૂં હૈ મેરા, યહ સાધુ કા જ્ઞાન'...(૧)

## મુખ્ય ત્રણ પ્રકારના ગુરુઓ

દિવ્ય ગુરુઓ = અવતારી પુરુષો.
સિદ્ધ ગુરુઓ = આત્માનુભવી પુરુષો.
માનુષી ગુરુઓ = ચારિત્રવાન મહર્ષિઓ.
ગુરુ બ્રહ્મશ્રોત્રિય = શાસ્ત્રરહસ્ય - હાર્દને જાણનારા જોઈએ.
પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે માત્ર એક ગુરુની જ
જરૂર છે અને પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે
બુદ્ધિ, ત્યાગ, તપ, સંયમ, વૈરાગ્ય, અભ્યાસની જરૂર છે.
આત્મા અને બ્રહ્મની એકતાનો વિચાર ગ્રહણ કરવા
અને તેનો સાક્ષાત્કાર કરવા માટે
આપણા હજારો જન્મો નીકળી જાય છે.
ધાર્મિક જીવન જીવનારમાં ય દશ હજારમાં એક મનુષ્ય
વાસનારહિત, સંયમી, વિશ્વવત્સલ જોવામાં આવે છે
અને સિદ્ધ પુરુષો તો કરોડોમાં એક હોય છે.
મનુષ્યમનમાં હજારો જન્મોના સંસ્કારો પડ્યાં હોય છે,
તેમાં એકદમ પરિવર્તન કરવું, તે શક્ય નથી.
દૃઢ અને નિશ્ચલ મનોબળ હોય,
તો થોડાં વર્ષોમાં અને ત્વરાથી પણ થઈ શકે, પરંતુ
સાધારણતઃ તો ઘણાં જન્મોની જરૂર રહે છે.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૬)**
ક્ષેત્રથી મનના વિષયનો પરિણામ નથી, કારણકે કોઈપણ પુદ્ગલ વિષય નથી બનતો, એવું નથી. જેનો પુદ્ગલ નિબંધન નિયત નથી હોતો, તેના વિષયનું પ્રમાણ હોતું નથી, જેમ કે કેવલજ્ઞાનને વિષયનું પ્રમાણ હોતું નથી. જેના વિષયનું પ્રમાણ હોય છે, તેના પુદ્ગલનું નિબંધન નિયત હોય છે, જેમ કે અવધિજ્ઞાન અથવા મનઃપર્યવજ્ઞાન.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૭)**
શાસ્ત્રની જેમ નામાદિ ત્રણ હૃદયમાં સ્થિર હોય, તો સામે જ ભગવાન હોય એવું દેખાય છે, જાણે કે હૃદયમાં પ્રવેશ કરે છે, મધુર વાતો કરતાં હોય એમ આપણી સાથે બોલે છે, સર્વાંગ અનુભવ થાય છે તથા તન્મયભાવની જેમ પ્રાપ્ત થાય છે.
- પ્રતિમાશતક

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૭)**
જેનું મુખ પ્રસન્નતાનું ઘર, હૃદય દયા સહિત, વાણી અમૃત વરસાવતી, ઈન્દ્રિયો પરોપકાર કરતી હોય, તે કોને વંદનીય ન થાય?

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૮)**
હું ખરેખર! એક શુદ્ધ દર્શન-જ્ઞાનમય, સદા અરૂપી છું. અન્ય પરમાણું માત્ર પણ મારૂં કાંઈ નથી.(૧) મારો આત્મા જ જ્ઞાન છે, દર્શન છે અને ચારિત્ર છે. આત્મા પચ્ચક્ખાણ છે અને મારો આત્મા જ સંયમ-યોગ છે.(૨) મમત્વનો ત્યાગ કરૂં છું, નિર્મમત્વને સ્વીકારૂં છું, આત્મા જ મારૂં આલંબન છે, બાકી બધું વોસિરાવું છું.(૩)

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૨૧)**
સર્વ વિષયોથી પાછું વાળેલું, આત્મામાં સ્થિર કરેલું, સર્વ ઉપાધિઓથી રહિત સમત્વ પામેલું ચિત્ત આત્મામાં જ લય પામે છે. - જ્ઞાનાર્ણવ, ૩૦/૫

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૨૩)**
શાસ્ત્રાભ્યાસ, પ્રભુનમન, આર્યસંગ, સતુગુણોની વાતો, દોષે મૌન, પ્રિય-હિતકારી વચન અને આત્મતત્ત્વમાં ભાવના, આટલું હું મોક્ષે ન જાઉં, ત્યાં સુધી ભવોભવ મળો.(૧)

## પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૩૧)
મંત્રોમાં નવકારનો મહિમા, તીર્થોમાં શત્રુંજયતીર્થ, દાનમાં અભયદાન, ગુણોમાં વિનય, વ્રતોમાં બ્રહ્મચર્ય, નિયમમાં સંતોષ, તપમાં સમતા, તત્ત્વોમાં સમ્યગ્દર્શન ને સર્વજ્ઞ ભગવાને કહેલા સર્વ પર્વોમાં વાર્ષિક પર્વ અર્થાત્ પર્યુષણા પર્વ શ્રેષ્ઠ છે.

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૪૯)
જેના મૂળમાં વિનય છે, એવી શિક્ષા જીવોનું યોગક્ષેમ કરે છે. ૦ વિદ્યાવિનિત રાજા પ્રજાના ન્યાયમાં રકત હોય છે. ૦ જીવોના હિતમાં રકત રાજા સ્વભૂમિ ભોગવે છે.

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૫૦)
સર્વ પદાર્થોમાં પૂછવા યોગ્ય સુબહુશ્રુતો પાસેથી જ્ઞાન મેળવવું જોઈએ, કારણકે તેઓ સિદ્ધગતિમાં રહેલાં સિદ્ધ ભગવંતોને પણ જ્ઞાન વડે સંસારમાં અવતરણ કરાવે છે (જ્ઞાની પાસેથી જ્ઞાન મેળવવું જોઈએ).

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૫૧)
શબ્દબ્રહ્મથી યુકત એક બીજસ્વરૂપ, અક્ષરમૂર્તિ, સકલ અધ્યાત્મતત્ત્વથી વાચક પરમાત્માને નમસ્કાર થાઓ.(૧) નિષ્કપટ પરમબ્રહ્મ અને આકાશમાં ઉદય પામતા દીપક સમાન તથા પ્રભાના ઉદયવાળી શબ્દબ્રહ્મની ઉલ્લાસસ્વરૂપ પ્રભા પ્રકાશિત થાઓ.(૨) ૦ મા અર્થાત્ જ્ઞાન વધે છે જેના વડે તે બ્રહ્મ અર્થાત્ વર્ણાત્મક સમુદાય. તે બાવન અક્ષરોના ન્યાસરૂપ અર્થાત્ લિપિરૂપ છે. તે બ્રહ્મન્યાસ વડે અક્ષરાત્મક બ્રાહ્મી લિપિ ઉત્પન્ન થઈ. ૦ તૃષ્ણાનો છેદ કર, ક્ષમાને ધારણ કર, મદનો ત્યાગ કર, પાપમાં રતિ ન કર, સાચું બોલ, સજ્જનોના માર્ગે ચાલ, વિદ્વાન પુરૂષોની સેવા કર, માન્ય પુરૂષોને માન આપ, શત્રુઓનો પણ વિનય કર, પોતાના ગુણોને ઢાંકી દે, કીર્તિનું રક્ષણ કર, દુઃખી પ્રત્યે દયા કર.
- આ સજ્જનોનાં લક્ષણો છે.

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૭૫)
દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ આગમમાં કહેલ અનુષ્ઠાન જ આજ્ઞા છે, તે ન પાળવાથી ભવભ્રમણ થાય છે. દ્વાદશાંગી-ગણિપિટક કયારે પણ નથી - એવું નથી, કયારે પણ નહોતાં - એવું નહોતુ, કયારેય ચ નહીં હોય - એવું નથી. હતાં, છે અને રહેશે. તે ધ્રુવ, ન્યાયપૂર્વક, શાશ્વત, અક્ષય, અનન્ય, અવસ્થિત, નિત્ય છે.

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૮૮)

સ્વભાવથી સરળ, શાંત, વિનીત, કોમળ, ઉત્તમ, મિથ્યાદ્રષ્ટિ જીવ પણ આગમમાં પરમાનંદને ભજનારો કહ્યો છે. (૧) ભદ્રક = નિરૂપમ કલ્યાણસ્વરૂપ (૨) શાન્ત = ક્રોધવિકારરહિત (૩) વિનીત = અનુદ્ધતસ્વભાવ (૪) ઉત્તમ = સંતોષસુખ મુખ્ય હોય તે. (૫) મૃદુ = નિર્દંભ. ૦ જીવ, પુદ્ગલ, સમય, દ્રવ્ય, પ્રદેશ ને પર્યાયો - આ છ દ્રવ્યના અલ્પ-બહુત્વમાં જીવો સૌથી થોડાં છે, પુદ્ગલો તેનાથી અનંત, તેનાથી સમયો અનંત, તેનાથી પ્રદેશો વિશેષાધિક, તેનાથી પ્રદેશો અનંત ને તેનાથી પણ પર્યાયો અનંત છે. ૦ પરમાત્મા ખુશ થાય તે કાર્ય, તેમનામાં મન રહે તે વિદ્યા અને પરમાત્મા એટલે દેહધારી આત્મા - એમ જે જાણે છે, તે જ જાણકાર છે.(૧)

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૯૦)

નિઃશલ્ય થયેલો હું આજે સૌ ગુનાની ક્ષમા માગું છું. માતા-પિતાસમ સૌ ક્ષમા આપો.

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૯૮)

સમ્મ સામાયિક એટલે મોક્ષને સાધવા સમાન સામર્થ્યવાળાઓને સમ્યગ્દર્શન-જ્ઞાન -ચારિત્રનો જે લાભ થાય તે. સમ સામાયિક એટલે રાગ-દ્વેષ ન હોવાથી મધ્યસ્થને સમ્યગ્દર્શનાદિનો જ લાભ થાય તે. સામ સામાયિક એટલે સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવનો જે લાભ થાય તે. ૦ સામાયિકથી વિશુદ્ધ થયેલ આત્મા સર્વથા ઘાતિકર્મના ક્ષયથી લોક-અલોકપ્રકાશક કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે. ૦ સામ, સમ અને સમ્મ - એ ત્રણે સામાયિક એકાર્થક છે. મધુર પરિણામ એ સામ છે, તુલા પરિણામ સમ છે અને ખાંડયુકત ખીર સમાન સમ્મ સામાયિક છે. ૦ અનાદિકાળથી કર્મબંધની યોગ્યતા એટલે સહજમલ, યોગ અને કષાયની પરિણતિ. પ્રવચન કે સંઘ એ યથાવસ્થિત સકલ જીવાદિ પદાર્થનો પ્રરૂપક છે, અત્યંત અનવદ્ય ચરણ-કરણ ક્રિયાનો આધાર છે, ત્રણે લોકમાં રહેલ શુદ્ધ ધર્મની સંપત્તિવાળા મહાસત્ત્વશાળી જીવોથી આશ્રય કરાયેલ છે, અચિન્ત્ય શકિતયુકત અવિસંવાદિ પરમ જહાજ સમાન છે. ૦ આધાર વિનાના પ્રવચનનો અસંભવ છે.

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૯૯)

જેનુ મન દુઃખમાં ઉદ્વેગ વિનાનું હોય, સુખમાં ભ્રમ ન હોય, રાગ-ભય અને ક્રોધ જેમનામાંથી જતાં રહ્યા હોય, સ્થિર બુદ્ધિવાળા હોય, તેમને 'મુનિ' કહેવાય છે. ૦

હે અર્જુન! સુખ હોય કે દુઃખ હોય, પણ સર્વત્ર આત્મા સમાન બધાને જે જૂએ, તે શ્રેષ્ઠ યોગી કહેલો છે. ૦ જે સંગરહિત હોય, તે શત્રુ કે મિત્ર, માન કે અપમાન, શીત કે ઉષ્ણ, સુખ કે દુઃખ બધામાં સમભાવે રહે છે. ૦ ક્ષમાવાન સર્વ જીવો પ્રત્યે અદ્વેષી, મૈત્રી-કરૂણાભાવવાળો, નિર્મમ, નિરહંકારી ને સુખ-દુઃખમાં સમાન હોય છે.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૦૬)**

પરસંતાપ, દુર્જનો જેવી નમ્રતા તથા સજ્જનોનો માર્ગ છોડ્યા વગર જે થોડું પણ કરાય, તે ઘણું છે.(૧) ચારિત્રનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું. ધન તો આવે અને જાય, ધનથી હણાયેલો અક્ષીણ છે પણ ચારિત્રથી હણાયેલો, હણાયેલો જ છે.(૨)

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૦૮)**

'અરિહંત ભગવાન મારા દેવ છે, સુસાધુ ભગવંતો મારા ગુરૂ છે, જિનેશ્વર ભગવાને કહેલો ધર્મ એ જ તત્ત્વ છે' આ સમ્યક્ત્વ હું જીવું, ત્યાં સુધી ગ્રહણ કરૂં છું.

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૪૨)**

સંપત્તિમાં આનંદ ન કરવો, કારણકે તે પૂર્વના પૂણ્યનો ક્ષય કરવા માટે છે અને આપત્તિમાં શોક ન કરવો, કારણકે તે પૂર્વના પાપનો નાશ કરવા માટે છે.(૧)

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૨૦૪)**

અદ્વૈતભાવના ભૈક્ષ છે, દ્વૈત ભાવવું તે અભક્ષ્ય છે. ગુરૂએ કહેલાં શાસ્ત્રોના ભાવ વડે ભિક્ષાનું ભૈક્ષ કરાય છે.

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૨૧૦)**

દ્રવ્યરૂપે નામાદિ એકરૂપ છે. નામાદિ શબ્દાર્થ પ્રમાણે સ્વબુદ્ધિ પરિણામ ભાવવો, કેમકે આ લોકમાં દરેક વસ્તુ ચાર પર્યાયવાળી (નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ) છે.



ઉપર દર્શાવેલ ૫ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૪ - ૧૯૭૫ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# વાસક્ષેપ




'વાસ' એટલે સુગંધ.

પાંચે આંગળી ભેગી કરીને વાસક્ષેપ કરાય છે.
'સર્વ ભવી સુખ પામો' એવા પંચ પરમેષ્ઠિના ભાવનાનો ક્ષેપ કરવાનું નામ = 'વાસક્ષેપ' અથવા તેઓ દ્વારા ભવનિસ્તારની આશિષ આપવી, તે 'વાસક્ષેપ'.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in